
માહે રમઝાન અને કુરઆન
30 સબક
લેખક: આયતુલ્લાહ મોહસીન કરાઅતી
અનુવાદક: મૌલાના મોહમ્મદ તકી હાફિઝ
તફસીરે નુર

# અનુક્રમણિકા

પહેલો સબક : રમઝાન મુબારક ખુદાની મેહમાનીનો મહિનો ....................4

બીજો સબક : રોઝા રાખવાના ફાયદાઓ અને બરકતો..........................9

ત્રીજો સબક : કુરાનમાં તદબ્બુર અને ગૌરો ફિક્ર ................................12

ચોથો સબક : કુરાને કરીમની વિશિષ્તાઓ........................................17

પાંચમો સબક : દુઆ.......................................................................23

છઠ્ઠો સબક : નમાઝની મહત્વતા.....................................................31

સાતમો સબક : અમ્ર બિલ મઅરૂફ અને નહિ અનીલ મુન્કર ..................39

આઠમો સબક : સુરે હમ્દની તફસીર ...............................................48

નવમો સબક : નમાઝે શબ.............................................................58

દસમો સબક : બે વાજિબ વસ્તુ જે ભૂલાય ગઈ ..................................62

અગ્યારમો સબક : માં બાપ ............................................................72

બારમો સબક : શુક્ર અને શુક્ર ગુઝારી...............................................83

તેરમો સબક : પ્રાણીઓ અલ્લાહના હુકમથી આપણી મદદ માટે છે.........92

ચૌદમો સબક : ઇસ્લામમાં મુકદ્દસાત.................................................97

પંદરમો સબક : હિજરત.................................................................103

સોળમો સબક : તફ્સીરે સુરે કદ્ર.....................................................112

સત્તરમો સબક : તકદીર=નસીબ......................................................124

અઢારમો સબક : એહલેબૈત અલય્હેમુસ્સાલમ...................................130

ઓગણીસમો સબક : એહલેબૈત અલય્હેમુસ્સાલમ પ્રત્યે મોહબ્બત.........137

વીસમો સબક : પયગંબરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની છેલ્લી જવાબદારી.....................................................148

એકવીસમો સબક : ઈમામે ઝમાના (અ.જ.ત.ફ.શ)..............................156

બાવીસમો સબક: શફાઅત..............................................................162

ત્રેવીસમો સબક: ગુનાહ અને નાફરમાની...........................................169

ચોવીસમો સબક : તૌબા ........................................................ 181

પચીસમો સબક : કયામત ........................................................ 189

છવ્વીસમો સબક : ઇન્ફાક ખુદાના રસ્તામાં ખર્ચ કરવું ........................ 196

સત્તાવીસમો સબક : મસ્જીદ ........................................................ 207

અઠ્યાવીસમો સબક : ઝીંદગી જીવવાના આદાબ ................................ 215

ઓગણત્રીસમો સબક : ઘર અને કુટુંબ ............................................ 225

ત્રીસમો સબક : કામિયાબ થનારા લોકોની ઈદ .................................. 232

# પહેલો સબક

## રમઝાન મુબારક ખુદાની મહેમાની નો મહિનો

شَهْرُ رَمَضَانَ الَّذِي أُنْزِلَ فِيهِ الْقُرْآنُ هُدًى لِلنَّاسِ وَ بَيِّنَاتٍ مِنَ الْهُدَى وَالْفُرْقَانِ
فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ وَ مَنْ كَانَ مَرِيضًا أَوْ عَلَى سَفَرٍ فَعِدَّةٌ مِنْ أَيَّامٍ
أَخَرَ يُرِيدُ اللَّهُ بِكُمُ الْإِسْرَ وَلَا يُرِيدُ بِكُمُ الْعُسْرَ وَلِتُكْمِلُوا الْعِدَّةَ وَلِتُكَبِرُوا اللَّهَ عَلَى مَا
هَدَاكُمْ وَلَعَلَّكُمْ تَشْكُرُونَ

**રમઝાન એ મહિનો છે જેમાં કુરાન નાઝીલ થયું છે, જે લોકો માટે માર્ગદર્શન અને હિદાયત છે અને તેમાં હિદાયત અને હક અને બાતિલ વચ્ચેની સ્પષ્ટ ઓળખાણો છે. તેથી જે વ્યક્તિ આ મહિનામાં હાજર હોય તો તેની ફરજ છે કે તે રોઝા રાખે અને જે બીમાર અથવા મુસાફર હોય તો તે બીજા દિવસોમાં (રોઝા) પુરા કરે. ખૂદા તમારી માટે આસાની ચાહે છે, તકલીફોમા નાખવા નથી માંગતો, અને તે ચાહે છે કે તમે(જે રોઝા નથી રાખ્યા તે) સંખ્યા પૂર્ણ કરી શકો અને અલ્લાહે જ તમને હિદાયત અતા કરેલ છે તો તે અલ્લાહની અઝમત મહાનતા નો આભાર માનો, શાયદ તમે શુક્ર કરનાર બની જાવ.**

**રમઝાન “રમઝ” થી લેવામાં આવ્યું છે  જેનો અર્થ જલાવી દેવાનો થાય છે; અને એવી રીતે બાળવું કે જેમાં ઢુવાળો અને રાખ ન હોય. આ મહિના નું નામ “રમઝાન” એ માટે રાખવામાં આવ્યું છે કે આમાં ઇન્સાન ના ગુનાહો બાળી દેવામાં આવે છે અને નાબૂદ કરી દેવામાં આવે છે. આ મહિના માં કુરાન નાઝીલ થયું છે અને આ એ એકજ મહિનો છે જેનું નામ કુરાને મજીદમાં આવ્યું છે, અને શબે કદ્ર પણ આ મહિનામાં જ આવે છે. પયગમ્બર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમે ફરમાવ્યું છે: કે તમામ આસમાની**

કિતાબો આ માહે રમઝાનમાં ઉતરી છે. માહે રમઝાન, ખૂદાવંદે આલમના બેહતરીન મહિનાઓ માંથી એક મહિનો છે.

પયગમ્બર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમે માહે શાબાનના છેલ્લા જુમ્માના માહે રમઝાનની ફઝીલત અંગે એક ખુબજ લાંબો ખુતબો બયાન કરેલ છે જે કેટલીક તફસીર અને હદીસો ની કિતાબોમાં મૌજુદ છે.

રમઝાને મુબારકમાં મોમીનને અલ્લાહ તઆલા મેહમાની માટે દાવત આપે છે:

"يا أيها الذين آمنوا كتب عليكم الصيام "

અય મોમીનો! ખુદાવંદે આલમે તમને મહેમાની તરફ આમંત્રણ આપ્યું છે, અને આ મહિનાની કેટલીક વિશેષતાઓ છે:

૧. ખુદાવંદે આલમ, મહેઝબાન છે અને તેણે મહેમાનો ને પોતે આમંત્રણ આપ્યું છે.

૨. આ આમંત્રણમાં શબે કદ્ર, કુરાનનું નાઝીલ થવુ, ફરીશ્તાઓનું ઉતરવું, દુઆની કબુલીયત, રૂહની પાકીઝગી અને જહન્નમ થી દૂર રહેવા જેવી બેહતરીન વસ્તુઓ મહેમાન માટે ઉપલબ્ધ છે.

3. આમંત્રણનો સમય માહે રમઝાન છે, જેના શરૂ થવામાં રેહમત, મધ્યમ માં માફી અને અંતમાં ઈનામ આપવામાં આવ્યું છે જેમ કે રિવાયત માં દર્શાવાયું છે.

૪. દાવત ની કેફિયત, શબે કદ્રમાં આ રીતે છે કે મહેમાનોની આખા વર્ષમાં જરૂરિયાતો પૂરી કરવામાં આવે છે અને શબે કદ્રમાં ફરીશતાઓને ઝમીન ઉપર ઉતારીને ઝીનત આપવામાં આવી છે.

૫. આ મહિના નો ખોરાક રૂહાની ખોરાક છે, જે માણસને બુલંદી સુધી પહોંચાડે છે, અને શરીરને અમુક સમય સુધી ખોરાક દેવાથી રોકવામાં આવેલ છે . આ મેહમાનીમાં ખાવાની મઝા કુરાનની તિલાવત છે જેની એક આયતની તિલાવત બીજા મહીનામાં આખુ કુરાન તિલાવત કરવાના બરાબર છે.

આ મેહમાની દુનિયાની બીજી બધી દાવતો કરતા બિલકુલ અલગ છે અને આવી દાવત ની કોઇપણ સરખામણી કરી શકે નહીં. ; આખી દુનિયાનો આલીમ, ગની, ખાલીક , હંમેશા બાકી રહેવા વાળો, મહાન અને જલાલવાળો ખુદા છે ; અને તે જાહીલ, ગરીબ, ફાની મખલુક અને ઝલીલ અને જરૂરતમંદ રહેલા લોકોનો મહેઝબાન છે.

કિતાબ “વસાએલુસ શીઆ” (ભાગ ૨) માં રોઝાદારો ને શું શું કરવું જોઈએ અને તેઓનો વ્યવહાર કેવો હોવો જોઈએ તે વિષે વિગતવાર હદીસ બયાન કરેલ છે:

રોઝાદારોને ગુનાહ, ઝગડા, ઈર્ષા, ગીબત, સત્યની વિરોધ કરવો, ગંદી વાતો કહેવી, બીજાઓને વગર કારણ રોકવા અને ટોકવા,ગુસ્સો કરવો, નાચવું, ટિપ્પણી કરવી, જુલ્મ કરવો અને લોકોને પરેશાની આપવી, ગફલત માં રહેવું, ફાસીક લોકો પાસે જવું, ચુગલી કરવી અને હરામ ખોરાકથી દૂર રહેવું જોઈએ. અને નમાઝ પડવી જોઈએ ધીરજ અને હકને અપનાવવું જોઈએ અને કયામત પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

આ મેહમાની માં હાજર થવાની શરત, ફક્ત ભૂખ અને તરસ સહન કરવુ નથી.

એક હદીસમાં દર્શાવવામાં આવ્યું છે: "જે વ્યક્તિ ઇલાહી રેહબરી ની પેરવી ન કરે અને પોતાના ઘરના મામલામાં પોતાની પત્ની સાથે ખરાબ વર્તન કરે અથવા તેની જરૂરિયાતોને પૂરી ન કરે, અને માતા-પિતાને નારાઝ કરે, તો તેનો રોઝો કબૂલ નથી,

હઝરત અમીરુલ મોમેનીન અલી ઇબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ,

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ને પૂછે છે:

યા રસુલલ્લાહ  રમઝાન મહિનામાં સર્વે થી બેહતરીન અમલ કયો છે?" નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ એ ફર્માવ્યું: "અય અબુલ હસન! રમઝાન મહિનામાં બેહતરીન અમલ તક્વા અને પરહેઝગારી છે અને અલ્લાહે મનાઇ કરેલ અને હરામ કરેલ વસ્તુઓથી દૂર રહેવું છે."

અહીંયા બે વાકય બયાન થાય છે પણ આ બે વાકય ઉપર અમલ કરવું ખુબજ અઘરું છે અલ્લાહ તઆલા આપણને પરહેઝગાર બનાવે અને ગુનાહો થી બચાવે🤲(આમીન)

અને આ કહેવા પછી નબી સલ્લલ્લાહુ અલયહિ વ આલેહી વ સલ્લમ રડવા લાગ્યા તો ઈમામ અલી અલય્હિસ્સલામ પૂછ્યું: અય રસુલ! તમે કેમ રડી રહ્યા છો?" તો આપ હઝરતે જવાબ આપ્યો: "અય અલી! હું તને જોઈ રોય રહ્યો છું કે આ મહિના માં નમાઝની હાલતમાં સૌથી મોટો શકી માણસ તમારા માથા

પર એક તલવાર નો ઝટકો મારશે અને તમારી દાઢીને તમારા ખૂનથી રંગીન કરી દેશે.” અને શહીદ કરી દેશે.......

દરસના અંતમાં ઉસ્તાદ ફરમાવે છે..

કે આ મહિનામાં અમુક બાબતોનું ધ્યાન રાખવું જોઈએ

જો તમે નમાઝ ઇબાદત અને દુઆમાં મશગુલ હોવો તો તમારી આ ઇબાદતથી બીજા કોઈને નુકસાન ન થવું જોઈએ, એટલે કે કુટુંબના લોકો, ઘરના લોકો, પડોશી અને બીજા બધાજ લોકોને કોઈ પરેશાની અને તકલીફ ન થવી જોઈએ.

તમામ લોકો સાથે સારો વ્યવહાર અને સારો અખલાક રાખવો જોઈએ.

અને બધીજ જગ્યા ઉપર સબ્રથી કામ લેવું જોઈએ અને જ્યાં થી પણ સવાબ મળે, મેળવી લેવો જોઈએ અને બધાજ ગુનાહો થી બચીને રહેવું જોઈએ....

## બીજો સબક

### રોઝા રાખવાના ફાયદાઓ અને બરકતો

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ كَمَا كُتِبَ عَلَى الَّذِينَ مِنْ قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُونَ

"અય ઈમાન લાવનારા! તમારા ઉપર રોઝા રાખવાનું એવીજ રીતે નક્કી કરવામાં આવ્યું છે જેમ કે તમારાં પહેલાંના લોકો પર નક્કી કરવામાં આવ્યું હતું, જેથી તમે પરહેઝગાર બની જાવ.

" તક્વા અને પરહેઝગારી નો અર્થ ગુનાહથી દૂર રહીને અલ્લાહની ઇબાદત કરવી છે. અને મોટા ભાગે ગુનાહ ગુસ્સા અને શેહવત (હવસ) ના લીધે થાય છે. અને રોઝા આ બંને ઇચ્છાઓને કાબૂમાં રાખે છે. તેથી, (રોઝો) ખરાબ આદતો ને ઘટાડો છે અને તક્વામાં વધારો કરે છે.

રોઝા એ અલ્લાહની એક એવી છુપાવેલી ઇબાદત છે જે બધાને નજરે નથી આવતી. નમાઝ, હજ, જેહાદ, ઝકાત અને ખુમ્સ બધાને દેખાય આવે છે, પરંતુ રોઝા એક એવી ઈબાદત છે જે માત્ર અલ્લાહ ને જ ખબર હોય છે કે આ રોઝા થી છે કે નહીં?

જે વ્યક્તિ એક મહિના સુધી ખોરાક, પીણાં અને ગુનાહની ઇચ્છાઓથી દૂર રહે છે, તે હરામ માલ અને વસ્તુ થી પણ બચીને રહે છે. રોઝો મૌહબ્બતમાં વધવાનું કારણ બને છે. જે વ્યક્તિ એક મહિના સુધી ભૂખ અને તરસનો અનુભવ કરે છે, તે ભૂખ્યા અને તરસ્યા ગરીબોના દુખને પણ સારી રીતે અનુભવી

શકે છે. હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલય્હે વ આલેહી વ સલ્લમે ફર્માવ્યું: "રોઝો અડધું સબર છે."

રોઝા રાખનાર ના ત્રણ પ્રકાર છે.

1. સામાન્ય લોકોના રોઝા. જે ખોરાક ખાવા પીવાથી અને જાતિની ઇચ્છાઓથી દૂર રહે છે, પરંતુ

2. ખાસ લોકોના રોઝા: ઉપર દર્શાવેલ વસ્તુ સાથે ગુનાહોથી દૂર રહે છે

3. ખાસમખાસ લોકોના રોઝા: જેનો દરજ્જો બધાજ કરતા ઊંચો છે ઉપર દર્શાવેલ બન્ને બાબતો ની સાથે સાથે તેઓના દિલમાં અલ્લાહ સિવાય બીજા કોઈની મોહબ્બત નથી હોતી જે કઈ પણ કામ કરે છે અલ્લાહ ની ખુશી માટે કરે છે આ લોકો રોઝા રાખી ફરિશ્તાઓ જેવા પાક થઈ જાય છે

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે : "જે વ્યક્તિ રમઝાન મહિનામાં અલ્લાહની ખુશી માટે રોઝો રાખે છે તો તેના બધાજ ગુનાહ માફ કરવામાં આવશે." અને એક હદીસે કૂદ્સીમાં પણ બયાન થયું છે કે, "રોઝા મારા માટે છે અને હું જ તેનો સવાબ આપવાનો છું."

રોઝાની મહત્ત્વતા એટલી બધી વધારે છે કે ઘણી બધી ઈબાદતો નો સવાબ પણ રોઝા માં રાખવામાં આવ્યો છે.

રોઝો અગાઉની ઉમ્મત માં પણ વાજીબ હતા પરંતુ ફક્ત નબીઓ માટે જ.

અને મુસલમાન ઉમ્મત ના તમામ લોકો ઉપર રોઝા ફરજ અને વાજીબ છે

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે "દરેક વસ્તુ માટે ઝકાત હોય છે અને શરીર માટેની ઝકાત રોઝા છે."

બીમારીમાં અને સફરમાં રોઝા રાખવા વાજીબ નથી.

મજમઉલ-બયાન' માં આવ્યું છે કે કેટલાક સહાબીઓ મુસાફરીની હાલતમાં પણ રોઝો રાખતા હતા અને તેઓને રોઝા છોડવા ગમતાં નહીં.

પરંતુ રસૂલે ખુદાએ એવા લોકોને ગુનાહગાર ગણ્યા છે. હઝરત ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું: "જો કોઈ મુસાફરીમાં રોઝો રાખે, તો હું તેના જનાઝામાં નમાઝ નહીં પડાવીશ."

જો કોઈ મુસાફર અથવા બીમાર વ્યક્તિ રોઝો રાખે તો તેનો રોઝો બાતિલ છે અને તેને કઝા રોઝો રાખવો પડશે.

હઝરત ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું: "જો કોઈ માતા પોતાના બાળકને દૂધ પીરસતી હોય અથવા ગર્ભસ્થ હોય અને બાળકને નુકસાન પહોંચવાનો ભય હોય, તો તેને રોઝો ન રાખવો જોઈએ. આ અલ્લાહ તઆલાની રહેમ અને મહેરબાનીની નિશાની છે."

## ત્રીજો સબક

## કુરાનમાં તદબ્બુર અને ગૌરો-ફિક્ર

### કુરાન ને નજરઅંદાઝ કરનાર ની ફરિયાદ

وقَالَ الرَّسُولُ يَا رَبِّ إِنَّ قَوْمِي اتَّخَذُوا هَذَا الْقُرْآنَ مَهْجُورا

અને (કયામતના દિવસે) રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ  ફરિયાદ કરશે કે, "અય પરવરદીગાર! મારી ઉંમ્મતે આ કુરાનને નજરઅંદાઝ કરી દીધું છે."

"શું આ લોકો કુરાને કરીમ પર તદબ્બુર નથી કરતા? જો આ અલ્લાહ સિવાય અન્ય કોઈ તરફથી હોત, તો એમાં ઘણા તનાકુઝ (વિરોધાભાસ) જોવા મળત."

‘મેહજુર હિજ’ થી લેવામાં આવ્યું છે અને તેનો મતલબ શરીર જિભ અને દિલથી અમલ ની જુદાઈને કહેવામાં આવે છે. ઇન્સાન અને આસમાની કિતાબ (કુરાન મજીદ) વચ્ચે હંમેશા થી રાબતા માં હોવું  જોઈએ, કેમ કે "હિજ" શબ્દ એવી જગ્યાએ વપરાય છે જ્યાં ઇન્સાન અને કોઈ વસ્તુ વચ્ચે રાબતા માં ના હોય. તેથી આપણે બધીજ મુમકિન કોશિશ કરવી જોઈએ કે કુરાને કરીમને મહજુરીયત (નજર અંદાજી)માંથી બહાર લાવીએ અને તેને પોતાની જિંદગીના દરેક પહેલૂમાં ઇલ્મી અને અમલી મર્કઝ કરાર દીએ જેથી પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ આપણાથી રાજી થાય.

કુરાને કરીમને ન વાંચવું એટલે કે, કુરાન સિવાય બીજી બધી વસ્તુને ફઝીલત દેવી છે અને કુરાનને મરકઝ ન સમજવું છે, કુરાન ની હિકમત ઉપર ગૌરો-ફિકર ન કરવું, લોકોને કુરાને કરીમની તઅલીમ ન આપવી, અને કુરાન ઉપર અમલ ન કરવું, અને કુરાને કરીમ ને બેજાન કરીને નજર અંદાજ કરવું છે

જો કોઈ શખ્સ કુરાને કરીમની તઅલીમ ઉપર અમલ કરે પણ પછી તેને છોડી દે, તેના તરફ મુડીને પણ ન જુએ, અને તેના સબંધી પોતાની જવાબદારીનો અહેસાસ ન કરે, તો એવો શખ્સ પણ કુરાને કરીમ ને મહજૂર કરવા વાળો ગણાશે.

આયાતે મૂબારક માં પયગંબરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની શિકાયત બયાન કરી છે. અને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ રેહમતુલલીલ આલમીન છે, નફરત અને લાનત નથી કરતા મગર કયામતના દિવસે આપ ફરિયાદ કરશે

કુરાને કરીમ ની મહજૂરીયત (નજર અંદાજી), રસૂલ અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની જીભ પર શિકાયત અને મુસલમાનોની જવાબદારી ખૂબ સ્પષ્ટ બયાન કરે છે.

કુરાને કરીમ ની માત્ર જબાની તિલાવત કાફી નથી; ઇખ્લાસ અને ખુશૂઅ અને ખુઝૂઅ સાથે કુરાને કરીમ પર અમલ કરવો એ જરૂરી છે.

હઝરત ઇમામ રઝા અલય્હિસ્સલામ ફરમાવે છે: " નમાઝમાં કુરાને કરીમની તિલાવત કરવાથી કુરાન ને મહજૂરિયત થી નીકાળવું છે."

રિવાયતમાં છે કે દરરોજ કુરાન ની પચાસ આયાત ની તિલાવત કરો અને તમારો મકસદ કુરાન પૂરું કરવાનું ન હોવું જોઈએ કુરાન થોડુંક થોડુંક કરી પડો અને પોતાના દિલ ને કુરાને કરીમની સાથે રાખો અને જ્યારે રાતના અંધારા ની જેમ તમારા ઉપર ફિતના ફસાદ હમલો કરે ત્યારે કુરાને કરીમ ની પનાહ હાંસિલ કરો.

"શું આ લોકો કુરાને કરીમ પર ગોરો ફિક્ર નથી કરતા? જો એ અલ્લાહ સિવાય અન્ય કોઈ તરફથી હોત, તો એમાં ઘણા તનાકુઝ (વિરોધાભાસ) જોવા મળત."

કુરાને કરીમ પર તદબ્બુર અને ગૌરો ફિકર – હર દૌર અને હર નસ્લ માટે ફરઝ અને વાજીબ છે

કુરાને કરીમમાં તદબ્બુર અને ગૌર-ઓ-ફિકર કરવાનો હુકમ ફકત એક પ્રકારના લોકો માટે નહીં, બલકે દરેક નસ્લ અને દરેક સમય ના લોકો માટે જરૂરી  છે. કારણ કે દરેક પ્રકારના લોકો અને આલિમ કુરાને કરીમ માંથી કોઈ ન કોઈ નવી હકીકત અને નુક્તા સમજવા પામે છે.

આયતે-શરીફા પર થોડીક ફિકર કરવાથી, નીચેના અહમ નુકતાઓ સામે આવે છે:

કુરાને કરીમ પર તદબ્બુર અને ગૌરો-ફિકર ન કરનારાની, અલ્લાહ તઆલા તરફથી મુઝમ્મત થઈ છે અને તે અલ્લાહની લાનતનો મુસ્તહક બની જાય છે.

ઇસ્લામ અને કુરાને કરીમ સાથે લગાવ કાયમ માટે છે  સાચો રસ્તો તદબ્બુર અને ગૌરો-ફિકર છે અંધ અનુસરણ નહીં.

કુરાને કરીમ તદબ્બુર અને ફિકર માટે દરેક ઈન્સાનને દાવત આપે છે, અને માત્ર આ જ રીતથી ઈન્સાન તેના મઆરિફ અને તાલીમાતને સમજવા સમર્થ બને છે.

કુરાને કરીમ માં  વિરોધ અને ટકરાવ હોવાનો ખયાલ, માત્ર જાહેરી  નજરથી જોવાની અને ગૌરો-ફિકર ન કરવાનો નતીજો છે.

કુરાને કરીમ ની આયાતો વચ્ચે કોઈ ઈખ્તિલાફ (વિરોધાભાસ) ન હોવો અને તેમા ઇત્તેહાદ (સમગ્રતા) હોવી એ સાબિત કરે છે કે તે પૈદા ન થયેલી એવી સત્તા તરફથી છે. એટલે કે અલ્લાહ તઆલા તરફથી છે, અને તે હક છે, અને તેમાં ત્ઝાદ (ટકરાવ), (વિખૂટપણું) અને તનાકુઝ નથી.

કુરાને મજીદ એક એવો દરીયો છે કે જેની ગેહરાઇ સુધી કોઈ પોહચી શકતું નથી.

કુરાન મજીદ ની નજર માં આલિમે રબ્બાની એ છે જે કુરાને કરીમ ની તઅલીમ અને બહસ માં મશગુલ રહે

આ તે મુબારક કિતાબ છે જેને અમે તમારી તરફ નાઝીલ કરી છે જેથી લોકો તેની આયતો ઉપર ગોરો ફિક્ર કરે અને હોશિયાર અને અક્કલમંદ લોકો નસીહત અને ઈબ્રત હાંસિલ કરે છે .

## ચોથો સબક

## કુરઆને કરીમની વિશિષ્ટતાઓ

**મુબારક કિતાબ :**

إِنَّا أَنْزَلْنَاهُ فِي لَيْلَةٍ مُبَارَكَةٍ إِنَّا كُنَّا مُنْذِرِينَ

**અમે આ કુરઆનને એક મુબારક રાતમાં નાઝિલ કર્યું છે (ઉતાર્યું છે). બેશક અમે (લોકોને) આઝાબથી ચેતવનાર છીએ.**

**બરકત ભરી કિતાબ:**

إِنَّهُ لَقُرْآنٌ كَرِيمٌ فِي كِتَابٍ مَكْنُونٍ لا يَمَسُّهُ إِلَّا الْمُطَهَّرُونَ تَنْزِيلٌ مِنْ رَبِّ الْعالَمِينَ۔

**આ બહુ જ સન્માનિત કુરઆન છે, જેને એક છુપાયેલ કિતાબમાં રાખવામાં આવ્યું છે. તેને પવિત્ર અને પાક વ્યક્તિઓ સિવાય કોઈ સ્પર્શ કરી શકતું નથી. આ રબ્બુલ-આલમીનની તરફથી ઉતારવામાં આવ્યું છે.**

**હઝરત અલી અલયહિસ્સલામ નેહજુલ બલાગહ ના ખુતબા નંબર 152 માં એહલે બૈત (અલૈહિમુસ્સલામ) ને "કરાઇમુલ કુરઆન" (કુરઆનની શ્રેષ્ઠ વ્યક્તિઓ)તરીકે યાદ કરે છે.**

**હા, કુરઆન કરીમ કરામતની ચાવી છે અને માનવ અને સમાજના સન્માનનું કારણ છે તેની તરફ જોવું, વાંચવું, તેની તિલાવત કરવી, તેને હિફ્ઝ કરવું, તેમાં વિચાર-વિમર્શ કરવો અને તેમાં રહેલી નસીહતમાંથી માર્ગદર્શન મેળવવું—આ બધા જ માનવની પ્રગતિ અને ગૌરવનું કારણ બને છે. નિશ્ચિત રૂપે, આ કુરાન બહુ મોટી રહેમત છે. ખુદાવંદે મુતઆલ આ અદ્ભુત મોઅજીઝો એટલે કે પવિત્ર કુરાનના કેટલાક વિશિષ્ટ ગુણો સુરે યુનુસની તફસીરના સંદર્ભમાં "તફસીર નૂર" માં આ રીતે વર્ણવાયા છે:**

**1. બુલંદ ઇલ્મ ને ટૂંકા વાક્યોમાં સમેટવું:**

જેમ કે પતિ-પત્ની અંગે કહેલું છે:

"هن لباس لكم و انتم لباس لهن"

(પત્નીઓ તમારો લિબાસ છે અને તમે તેમનું લિબાસ છો).

તે જ રીતે, અસત્ય શક્તિઓને નબળાઈને મકડીના જાળ સાથે સરખાવવી, અથવા કહી દેવું કે તેઓ એક નાના મચ્છર પણ સર્જી શકતા નથી:

"لن يخلقوا ذباباً"

(તેઓ એક મચ્છર પણ પેદા કરી શકતા નથી).

2. દિલ નશીન અને પ્રભાવશાળી કલામ: આ પ્રકારનો કલામ કે જે હજારો વખત વાંચવામાં આવે તો ભી જૂનુ લાગતુ નથી, પરંતુ દરેક વખત એક નવું જ્ઞાન અને ઇલ્મ આપે છે અને પડવામાં મજા આવે છે

3. શબ્દોમાં ગોઠવણી અને સંગ્રહીત શક્તિ:

પાક કુરાનના શબ્દોમાં એક વિશિષ્ટ અનુક્રમ અને સમર્થતા છે, જેથી કોઈ પણ અરબી લખાણ કે જો એક આયત મૂકી દેવામાં આવે તો તે બિલકુલ સ્પષ્ટ નજર આવશે.

4. કુરાનનું જામેઅ હોવું: તર્કશાસ્ત્રથી લઈને ઉદાહરણો સુધી, દુનિયાથી લઇને આખેરત સુધી, તેમજ ઘરેલુ ઝિંદગી જેવા મસાએલ, હક્ક અને બાતીલ વિષે, રાજકીય સિયાસી વાતો, લશ્કરી, નૈતિક અને ઐતિહાસિક મુદ્દાઓનું સમાવિષ્ટ છે.

5. હકીકત ઉપર મૂળ: તેનો દરેક શબ્દ અને અર્થ માત્ર અનુમાન અથવા શંકા પર આધારિત નથી, પરંતુ તે સાચી હકીકતો માંથી આધારિત છે.અહીં સુધી કે, તેમાં બયાન કરેલ તમામ ઘટનાઓ સત્ય અને હકીકત છે.

6. સમગ્ર દુનિયા માટે છે: કુરાન દરેક માણસ માટે છે, ભલે તે કોઈ પણ જાતિ, વય નો હોય. તે કોઈ ખાસ વર્ગ માટે નથી, પણ આખી માનવજાત માટે માર્ગદર્શક પુસ્તક છે.

7. હંમેશા માટે ટકી રહે તેવું જ્ઞાન છે: સમય કેટલો પણ પસાર થઈ જાય, માણસ કેટલો પણ આગળ વધી જાય પણ કુરાને કરીમ ની સમજ અને રહસ્યો સતત ખુલતા જ રહેશે.

8. અણગણિત વિરોધ છતાં પ્રગતિ: ઘણા દુશ્મનો અને વિરુદ્ધ પ્રચાર હોવા છતાં, કુરાને-કરીમ દરેક સમયમાં આગળ વધ્યું છે અને આજે પણ રોશની ફેલાવી રહ્યું છે.

9. બધા વચ્ચે મોઅજીઝો: કુરાને કરીમ એક ખુલ્લો ચમત્કાર છે, જે સૌને દેખાય છે તે માત્ર શબ્દો અને વાક્યોનો મૂળ નથી, પણ જીવંત ચમત્કાર છે જે સૌના હાથમાં ઉપલબ્ધ છે.

10. બોધ અને નિયમો બંનેનો ખજાનો: કુરાને કરીમ હિદાયત પણ આપે છે અને જીવન જીવવાની શ્રેષ્ઠ રીત પણ શિખવાડે છે.

11.  કુરાને કરીમ માં  આજ સુધી એક અક્ષર પણ વધ્યું નથી અને ઘટ્યું નથી તે તેહરીફ થી પાક છે.

13. મહેરબાની અને શીફા છે: કુરાને કરીમ દર્દ માટે દવા છે, જેનો ઉપચાર દરેક માટે છે. તેના ઉપદેશમાં શાંતિ અને શીફા છે.

કુરાનનો ચમત્કાર:

"શું તેઓ કહે છે કે (પયગંબરે) પોતે જ બનાવ્યું છે? તો કહે, જો સત્ય છે તો તમે પણ આવા દસ સૂરા લાવી બતાવો, અને અલ્લાહ સિવાય જે મદદ કરી શકે તેને બોલાવો!" જો તમે તમારી વાત માં સાચ્ચા હોવો.

કુરાન માત્ર ફસાહત અને બલાગત પ્રમાણે મોઅજીઝો નથી, પણ તેની શીખ, ઉપદેશો, દલીલો, અજાણ્યા ભવિષ્યના સમાચાર અને કાયદાઓ દ્વારા પણ મોજીઝો છે. કારણ કે("જેને બોલાવી શકો તેને બોલાવો")  દ્વારા તમામ લોકોને

દાવત આપી છે, ફક્ત અરબોને નહીં, જે કુરાનની ભાષાની મહાનતા સમજી શકે.

એક બીજી આયતમાં કહેવામાં આવ્યું છે:

"કહો: જો માણસો અને જિન્નો ભેગા થાય અને આ કુરાન જેવું લાવવા પ્રયત્ન કરે, તો પણ તે લાવી શકશે નહીં, ભલે એક બીજાને સહાયતા પણ કેમ ન કરે!"

કુરાન મોજીઝો હોવાનું અનેક રીતે સાબિત થાય છે:

એના ઉચ્ચારણમાં મીઠાશ અને મધુરતા છે, 23 વર્ષમાં ઉતરેલા સૂરાઓમાં સંપૂર્ણ, એવા જ્ઞાનનો ઉલ્લેખ છે જે ત્યારે હાજર ન હતા, ભવિષ્ય માટેની આગાહી, ભૂતકાળ નો ઉલ્લેખ જેનું કોઈ નામો-નિશાન ન હતું.

કુરાન, એ સંપૂર્ણ અને વ્યાપક કાયદો છે, જે માનવીય જીવનના વ્યક્તિગત અને સામૂહિક બંને પાસાઓને આવરી લે છે. તે હંમેશા અસલી રહ્યું છે, કદી જૂનું નથી થયું, અને અનેક શતાબ્દીઓ સુધી પણ ભૂલવામા આવશે નહીં.

તેટલી છૂટછાટ અને પ્રોત્સાહન છતાં માણસ આજ સુધી કુરાન જેવી કોઈ ચીજ લાવવા અસમર્થ છે. કુરાન પાકમાં કહ્યું છે: "તમારા સમર્થ પ્રમાણે આખા કુરાન જેવું લાવો"  અન્ય જગ્યાએ કહેવામાં આવ્યું: "કુરાન જેવા  દસ સૂરાઓ લાવો". અને પછી વધુ સહેલું કરીને કહ્યું: "કુરાનની જેવો  માત્ર એક જ સૂરો લાવો"

આટલી બધી છૂટછાટ આપ્યા પછી પણ, મનુષ્ય અને જિન્નાતો બધાએ ભેગા થઈને પણ કુરાન જેવું લાવી શકયા નથી. કુરાન સ્પષ્ટપણે કહે છે: "જો જમીન પરનાં બધા વિચારકો પણ ભેગા થાય, તો પણ કુરાન જેવી કોઈ ચીજ લાવી શકશે નહીં!"

ઇતિહાસ બયાન કરે છે કે દુશ્મનોએ ઘણા પ્રયાસો કર્યા પણ કુરાનનો જવાબ ન લાવી શક્યા

**કુરાનના કિસ્સાઓની વિશેષતા:**

(સુરહ યૂસુફ, આયત 3)

"અય પયગંબર! અમે તમારી સામે શ્રેષ્ઠ કિસ્સો વર્ણવીએ છીએ, જેની વિહી આ પવિત્ર કુરાન દ્વારા તમને કરવામાં આવી છે.

**કુરાન ની તિલાવત કરનાર કયા પ્રકારના છે:**

"અને જ્યારે કુરાનની તિલાવત કરવામાં આવે તો ધ્યાનથી સાંભળો અને શાંત રહો, કદાચ તમારા પર દયા થઈ શકે." (સુરહ અઅરાફ, આયત 204)

હઝરત ઈમામ મોહમદ બાકિર (અ) કહે છે: કુરાન પડનાર ત્રણ પ્રકારના હોય છે...

1. એક, જે કુરાનને ફક્ત પોતાનો જીવિકા નું સાધન બનાવી લે છે અને લોકો પર પોતાનું પ્રભુત્વ જમાવવા માટે તેનો ઉપયોગ કરે છે.

2. બીજો – જે પોતાના મોઢેથી કુરાનની તિલાવત તો કરે છે, પરંતુ તેના પર અમલ  નથી કરતો.

3. ત્રીજો – જે કુરાનની તિલાવત કરે છે અને તેને પોતાના જીવનની શક્તિ અને શાંતિનું સાધન માને છે. અને પોતાના દરદ ની દવા માને છે તે કુરાન સાથે હંમેશા જોડાયેલો રહે છે.

અલ્લાહે આ પ્રકારના સાચા કારી ઉપર અઝાબ દૂર કરી દીધો છે અને તેમની ઉપર રેહમતો નાઝીલ કરી છે. પરંતુ આવા લોકો ઘણી ઓછી સંખ્યામાં હોય છે.

## પાંચમો સબક,

## દુઆ

### દુઆની એહમીયત

قُلْ مَا يَعْبَؤُا بِكُمْ رَبِّي لَوْ لَا دُعَاؤُكُمْ فَقَدْ كَذَّبْتُمْ فَسَوْفَ يَكُونُ لِزَامًا

અય નબી! તમે કહી દો કે જો તમે દુઆ ન કરત, તો રબ ને તમારી કદર પણ ન હોત તમે (અલ્લાહના) રસૂલને જુઠ્ઠા ઠેહરાવ્યા છે, તેથી જલ્દી જ તમને સજા ભોગવવી પડશે.

અરબી શબ્દ માં "عبأ" નો અર્થ "વજન" અને "અહમીયત" થાય છે. એટલે કે "ما يعبأ بكم ربى" નો અર્થ થાય કે અલ્લાહ તઆલા તમારા માટે કોઈ ખાસ મૂલ્ય રાખતો નથી, જો કોઈ ફક્ત દુઆ અને ઈબાદત ની બુનિયાદ ઉપર ધ્યાન રાખે તો.

"دعائكم" (દુઆ'ઉકુમ શબ્દના બે અર્થ થાય છે:

1. રોવું અને ગિડગિડાવવુ

2. દુઆ કરવી, જેની બુનિયાદ ઉપર અલ્લાહ તઆલા અતા કરે અને તવજજોહ આપે.

આ બંને કારણોસર અલ્લાહ પોતાની મહેરબાની અને રહેમત આપતો રહે છે.

જેવી રીતે એક હદીસમાં બયાન થયું છે:

"જે વ્યક્તિ દુઆ કરતો હોય, તે હલાક થતો નથી."

એવી કોમ કે જે દુઆ નથી કરતી તેમની ફરિયાદ છે કે તમે હકને ખોટું સમજ્યું અને દુઆની જગ્યાએ બુત, તાગૂત, અને દુન્યવી લાલચ તરફ વળ્યા, તેથી તમને સજા અપાશે.

દુઆનો એક અર્થ અલ્લાહ તરફથી બંદગીને આમંત્રણ આપવાનો પણ છે. કેમ કે અલ્લાહ ફરમાવે છે કે તેણે હંમેશા લોકોને હક (સત્ય) તરફ બોલાવ્યા છે અને તેમના પર હુજ્જત (દલીલ) પૂરી પાડી છે.

પરંતુ તમે અલ્લાહની આ દાવત સ્વીકારી નહીં, બલકે તેને નકારી છે, તેથી તમારા માટે કોઈ ભલું આશા ન રાખવી જોઈએ, અને તમારા ખરાબ અમલ માટે તમારે સજા ભોગવવી પડશે.

અલ્લાહ તઆલા કુરઆનમાં ફરમાવે છે:

"وَ مَا خَلَقْتُ الْجِنَّ وَ الْإِنْسَ إِلَّا لِيَعْبُدُونِ"

"અમે જિન અને ઈન્સાનને ફક્ત અમારી ઈબાદત માટે જ પેદા કર્યા છે."

આયતમાં દુઆ અને ઈબાદતનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે કે જો દુઆ ન હોય, તો ઇન્સાનની કોઈ અગત્યતા નહીં રહે. એટલે કે દુઆ ઈબાદતની રુહ છે.

અલ્લાહ બધુંજ જાણે છે, પણ દુઆ કરવી અમારી જવાબદારી છે.

દુઆ કોઈ પણ જગ્યાએ અને કોઈ પણ સમયે ફાયદાકારક છે કારણ કે અલ્લાહ તઆલા ફરમાવે છે:

"અમે તમારા નજીક છીએ"

જો અલ્લાહનો ગુસ્સો અને આઝાબ આવે, તો તે અલ્લાહથી અમારી દૂરી અને અમારા ગુનાહોની જ સજા છે.

## દુઆ કરનારાઓ પર અલ્લાહની ખાસ રહેમત

"وَ إِذَا سَأَلَكَ عِبَادِي عَنِّي فَإِنِّي قَرِيبٌ أُجِيبُ دَعْوَةَ الدَّاعِ إِذَا دَعَانِ"

"અને (અય નબી!) જો મારા બંદાઓ તમને મારા વિશે પૂછે, તો કહી દો કે હું તેમના થી નજીક છું. જ્યારે કોઈ મને પુકારે છે ત્યારે હું તેની દુઆ સ્વીકારું છું. તેથી તેઓ મારી વાત ઉપર લબ્બૈક કહે અને મારા પર ઈમાન લાવે, જેથી તેઓ હકના રસ્તે આવી શકે."

## અલ્લાહ તઆલા દુઆ કરનારા થી કેટલી મહોબ્બત કરે છે?

આ આયતમાં અલ્લાહે પોતાના લુત્ફ (કૃપા) અને રહેમત ને પોતાની તરફ નિસ્બત આપી છે:

જો મારા બંદાઓ મારા વિશે પૂછે, તો કહો કે હું નજીક છું.

જ્યારે તેઓ મને પોકારે, તો હું ખુદ તેમની દુઆ કબૂલ કરું છું

તેથી તેઓ મારો આદેશ માને અને મારે પર ઈમાન લાવે.

આ અલ્લાહની ખાસ મહોબ્બત છે, જે ત્યારે પ્રાપ્ત થાય છે જ્યારે બંદો અલ્લાહ સાથે દિલથી વાત કરે (મુનાજાત કરે દુઆ માંગે).

## સવાલ: અમુક વખત અમારી દુઆ કબુલ કેમ થતી નથી?

જવાબ: "તફસીર અલ-મીઝાન" અનુસાર, અલ્લાહ ફરમાવે છે:

"أُجِيبُ دَعْوَةَ الدَّاعِ إِذَا دَعَانِ"

"જ્યારે મારો બંદો મને પૂકારે, તો હું તેની દુઆ સ્વીકારું છું."

પરંતુ શરત એ છે કે:

1. બંદો અલ્લાહને ખરેખર ખાલીસ દિલથી (સંપૂર્ણ ઈખ્લાસથી) પુકારે

2. જ્યારે બંદાઓ અલ્લાહ પાસે ખેર (ભલાઈ) માંગી હોય.

જો દુઆ કબુલ ન થાય, તો તેનું એક કારણ એ હોઈ શકે છે કે ખૈર નથી માંગી.

અથવા જે વસ્તુ માંગી તે હકીકતમાં આપણા માટે હાનિકારક અને શર છે.

આપણે તે માટે પુરા ઈખ્લાસ અને સચ્ચાઈથી દુઆ કરી નથી અને હંમેશા બીજાઓથી મદદ માંગવાની આદત હોય છે. અથવા એ પણ શક્ય છે કે અમારી દુઆ અમારા હિતમાં ના હોય આવી સ્થિતિમાં રિવાયતો અનુસાર આ દુઆની બદલામાં અમારી ઉપર આવેલી મુશ્કેલીઓ દૂર થઈ જાય છે, અથવા આ દુઆ ભવિષ્યમાં અમારાં માટે અથવા અમારાં સંતાનો માટે બાકી રાખવામાં આવે છે, અથવા આખેરત માં તેનો બદલો આપવામાં આવશે.

ઉસૂલે-કાફી માં આવ્યું છે કે: "જે વ્યક્તિ હરામ ખોરાક ખાય, અમર બિલ મારુફ અને નહી અનિલ મુન્કર ન કરે, અથવા ગફલત અને બેદિલીથી દુઆ કરે તો તેની દુઆ પણ કબૂલ થતી નથી."

દુઆનો અર્થ ક્યારેક એમ સમજી લેવાય કે તે કામકાજ કે મહેનત છોડવી છે પણ હકીકતમાં એવું નથી. અલ્લાહ ઉપર સંપૂર્ણ ભરોસો રાખીને સતત દુઆ માંગતું રહેવું જોઈએ. તેથી હદીસમાં છે: "આળસુ માણસની દુઆ કબૂલ થતી નથી."

દુઆની આયતનું રોઝાની આયતોની વચ્ચે હોવું કદાચ એ તરફ ઈશારો કરે છે કે દુઆ એ અલ્લાહના મહિના સાથે જોડાયેલી છે.

સવાલ: જ્યારે અલ્લાહ કામકાજ કાયદા અને નક્કી થયેલા ઉસુલો રાખેલ છે તો પછી દુઆનું શું મહત્વ છે?

જવાબ: જેમ કે મુસાફરીમાં નમાઝનો હુકમ અલગ છે અને વતનમાં નમાઝના હુકમ અલગ છે, તેમ દુઆ કરનાર વ્યક્તિ અને અલ્લાહથી ગાફિલ વ્યક્તિ વચ્ચે મોટો ફરક છે. અલ્લાહની રીત એ છે કે તે દુઆ કરનાર પર વિશેષ કૃપા કરે છે, જે દુઆ ન કરનાર માટે નથી. હા, દુઆ અને મુનાજાત (અલ્લાહ સાથે રાબેતો), અલ્લાહની રહેમત પ્રાપ્ત કરવાથી સલાહીયત વધે છે.

જેમ કે અલ્લાહના વલીઓથી તવસ્સુલ (વસીલા લેવું) અને આપણી હાલતમાં માનવજીવનમાં ફેરફાર લાવી શકે છે. ઉદાહરણ તરીકે જો એક બાળક તેના પિતાને સાથે મહેમાનીમાં જાય, તો લોકો તેને વધુ પ્રેમ કરે છે, જ્યારે એકલો જતો હોય ત્યારે એટલો ખાસ ગણવામાં નથી આવતો એ જ રીતે તવસ્સુલ અને ઝિયારત પણ પરિસ્થિતિઓમાં ફેરફાર લાવી શકે છે પણ એ અલ્લાહ નક્કી કરેલા કાયદાઓને બદલતો નથી.

## દુઆના આદાબ

وَ قَالَ رَبُّكُمْ ادْعُونِي أَسْتَجِبْ لَكُمْ إِنَّ الَّذِينَ يَسْتَكْبِرُونَ عَنْ عِبَادَتِي سَيَدْخُلُونَ جَهَنَّمَ دَاخِرِينَ

"તમારા અલ્લાહે ફરમાવ્યું: મને પુકારો, હું તમારી દુઆ કબુલ કરીશ. અને જે લોકો મારી ઈબાદતથી અહંકારી બને મોઢું ફેરવે છે તેઓ જલ્દી જ ઝલીલ થઈને જહન્નમમાં દાખલ થશે."

દુઆ માટે કેટલાક આદાબ અને શરતો છે:

1. ઈમાન અને સારા અમલ સાથે દુઆ કરવી:

"يستجيب الذين آمنوا و عملوا الصالحات"

2. સંપૂર્ણ ઈખ્લાસ સાથે દુઆ કરવી:

"فادعوا الله مخلصين له الدين"

3. ગુડગુડાવટ અને છુપાઈ ને દુઆ કરવી:

"ادعوا ربكم تضرعاً و خفية"

4. ડર અને ઉમ્મીદ સાથે દુઆ કરવી: "و ادعوه خوفاً و طمعاً"

5. ખાસ સમય ઉપર દુઆ કરવી:

"يَدْعُونَ رَبَّهُمْ بِالْغَدَاةِ وَالْعَشِيِّ"

(સવાર અને સાંજ તેમના રબને પુકારે છે).

6. દુઆ કરનારને અલ્લાહનાં સુંદર નામોથી ફાયદો ઉઠાવવું જોઈએ:

"وَلِلَّهِ الْأَسْمَاءُ الْحُسْنَى فَادْعُوهُ بِهَا"

(અને અલ્લાહ માટે સુંદર નામો છે, તેથી તેને એ નામોથી પૂકારો)

ધ્યાન રાખવું જોઈએ કે કેટલાક કામ દુઆની કબૂલિયતમાં રુકાવટ બને છે, જેમ કે ગુનાહ, ઝુલ્મ, અને એ વ્યક્તિને માફ ન કરવું જે અમારાથી માફી માંગે.

ક્યારેક દુઆની કબૂલીયત કુદરતી નિયમોને બદલવા લાવા માંગે છે જે મુમકિન નથી ઉદાહરણ તરીકે, જિયોગ્રાફી ના

પરીક્ષા આપનારા એક બાળકને પૂછવામાં આવ્યું કે નદી નીચ જમીન થી વહે છે કે પર્વતો ઉપર થી? તેણે ભૂલથી લખી દીધું કે નદી પર્વતોની ઉપર હોય છે પછી તે અલ્લાહ પાસે દુઆ કરવા લાગ્યો કે, "અય અલ્લાહ! નદી અને પર્વતની જગ્યાઓ બદલી દે જેથી હું સાચો થઈ જાઉં!"

અલ્લાહ કાદિર છે બધીજ વસ્તુ કરી શકે છે અને તે હકીમ પણ છે હિકમત થી કામ લે છે.

દુઆની કબૂલીયત બંને તરફથી છે. જો લોકો અલ્લાહ તરફથી કબુલીયત ની આશા રાખે છે, તો અલ્લાહની દાવત પણ આપી છે અને કહ્યું છે કે મારી પાસે દુઆ માંગો હું કબૂલ કરીશ

"استجيبوا الله و للرسول اذا دعاكم لما يحييكم"

(જ્યારે અલ્લાહ અને તેનો રસુલ તમને બેહતરીન ઝિંદગી ના મિશન તરફ બોલાવે, ત્યારે તેનો જવાબ આપો, જેથી અલ્લાહ પણ તમારી દુઆ સ્વીકારે).

અલ્લાહનાં સુંદર નામ (અસ્માઉલ હુસ્ના)

"وَلِلَّهِ الْأَسْمَاءُ الْحُسْنَى فَادْعُوهُ بِهَا"

(અને અલ્લાહ માટે સુંદર નામો છે, તેથી તેને એ નામોથી પૂકારો). (સૂરે અઅરાફ, આયત 180)

જ્યારે કે અલ્લાહના બધાજ નામ અને સિફત શ્રેષ્ઠ છે, અને અલ્લાહ તે તમામ કમાલત નો માલિક છે, જેની ગણતરી કરી શકાય નહીં. પરંતુ રિવાયતોમાં અલ્લાહના 99 નામો (અસમાએ હુસ્ના) પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

જે વ્યક્તિ અલ્લાહને આ 99 નામોથી પૂકારે, તેની દુઆ કબૂલ થાય છે. અને એ 99 નામો નીચે મુજબ છે:

الله، الواحد، الاحد، الصمد، الأول، الآخر، السميع، البصير، القدير، القاهر، العلى، الاعلى، الباقى، البديع، البار، الأكرم، الظاهر، الباطن، الحي، الحكيم، العليم، الحليم، الحفيظ، الحق، الحسيب، الحميد، الحفى، الرب، الرحمن، الرحيم، الذارع، الرازق، الرقيب، الرؤوف، الرائي، السلام، المومن، المهيمن، العزيز، الجبار، المتكبر، السيد، السبوح، الشهيد، الصادق، الصانع، الطاهر، العدل، العفو، الغفور، الغنى، الغياث، الفاطر، الفرد، الفتاح، الفالق، القديم، الملك، القدوس، القوى، القريب، القيوم، القابض، الباسط، قاضى الحاجات، المجيد، المولى، المنان، المحيط، المبين، المقيت، المصور، الكريم، الكبير، الكافي، كاشف الضر، الوتر، النور، الوهاب، الناصر، الواسع، الودود، الهادى، الوفى، الوكيل، الوارث، البر، الباعث، التواب، الجليل، الجواد، الخبير، الخالق، خير الناصرين، الديان، الشكور، العظيم، اللطيف، الشافي

કુરઆન મજીદમાં અલ્લાહના 145 નામો સુધી ઉલ્લેખ થયેલ છે, અને રિવાયતોમાં 99 નામો એટલે કે બધા નામો તે 99 નામોમાં સમાઈ શકે છે, અથવા એવા નામો છે જે કુરઆન મજીદમાં પણ ઉલ્લેખિત છે.

જોશન કબીર જેવી દુઆઓમાં પણ અલ્લાહના નામોનો ઉલ્લેખ થાય છે.

અલ્લાહના અન્ય નામો પણ ઉલ્લેખિત થયેલ છે.

અલ્લાહના અસ્માએ હુસ્ના (શ્રેષ્ઠ નામો)માં ઘણી બરકત અને વિશિષ્ટ અસર હોય છે.

હઝરત ઈમામ રઝા અલય્હિસ્સલામ એ ફરમાવ્યું:

"અમે એહલેબૈત, અલ્લાહના અસ્માએ હુસ્ના છીએ, અને અમારી મઅરફત વિના કોઈ પણનો કોઈ અમલ કબૂલ થતો નથી."

"نحن والله الاسماء الحسنى الذى لا يقبل الله من احد عملاً الا بمعرفتنا"

**તેમજ ફરમાવ્યું:**

**"જ્યારે પણ તમારે ઉપર કોઈ મુસીબત અને મુશ્કેલી આવે, તો અમારો વસીલો લઈ અલ્લાહ પાસેથી મદદ માગો."**

**અને ત્યાર બાદ આ આયત પઢી:**

"وَلِلَّهِ الْأَسْمَاءُ الْحُسْنَى فَادْعُوهُ بِهَا"

**એક રિવાયત મુજબ ઈમામ (અલૈહિસ્સલામ)એ ફરમાવ્યું:**

**ખરેખર, અલ્લાહ માટે ફક્ત એજ નામ વાપરવુ જોઈએ, જે અલ્લાહે પોતાના માટે પસંદ કર્યા છે.**

"ان الخالق لا يوصف الا بما وصف به نفسه"

**એટલે અલ્લાહની તફસીલ અને વર્ણન ફક્ત તે જ નામોથી થવી જોઈએ જે અલ્લાહે પોતાની માટે રાખ્યા છે.**

**એટલે કે કોઈ પણ વ્યક્તિ પોતાનાથી અલ્લાહ માટે કોઈ નામ ન રાખે.**

**ઉદાહરણ તરીકે, અલ્લાહને "અફીફ" અને "શુજાઅ" જેવા નામોથી પૂકારી શકાય નહીં.**

## છઠ્ઠો સબક

## નમાઝની મહત્વતા

### હઝરત લુકમાનની નસીહત

يَا بَنَى أَقِمِ الصَّلَاةَ وَ أمْرُ بِالْمَعْرُوفِ وَانْهَ عَنِ الْمُنْكَرِ وَاصْبِرْ عَلَى مَا أصابَكَ إِنَّ ذَلِكَ مِنْ عَزْمِ الْأُمُورِ

"બેટા! નમાઝ કાયમ કરો, નેકીનો હુકમ આપો, બુરાઈઓ થી રોકો અને આ રાહમાં આવતી મુશ્કેલીઓ પર સબ્ર રાખો, બેશક આ ખુબજ હિમતવાળાનું કામ છે."

આ મુબારક આયતમાં નમાઝ અને અમ્ર બિલ મઅરૂફ (સારા કામનો હુકમ) અંગે હઝરત લુકમાન (અલય્હિસ્સલામ) દ્વારા તેમના બેટાને અપાયેલી નસીહતનો ઉલ્લેખ છે. તેથી અમે આ બે અગત્યના વાજિબ અમલ અંગે ટૂંકી વિગત અહીંયા આપી રહ્યા છીએ:

નમાઝ એ બંદાને અલ્લાહ તઆલાથી જોડવાનું સૌથી આસાન અને ખૂબસુરત તરીકો છે, જે બધા આસમાની ધર્મોમાં રહેલું છે. નમાઝ એ એક એવી ઈબાદત છે, જે પહેલા મધુર અવાજ ધરાવતો શખ્સ ગુલદસ્તે અઝાન સમયે ઉંચી અવાજે "હય્યા અલસ્સલાહ, હય્યા અલલફલાહ, હય્યા અલા ખયરિલ અમલ" નો નારો લગાવવો જોઈએ, જેથી તેની અઝાનથી ખામોશી તૂટી જાય, ઇસ્લામના હકીકી વિચારોની નવી લહેર દોડે અને ગાફિલ લોકો બેદાર થઇ જાય.

નમાઝ એટલી મહત્ત્વપૂર્ણ છે કે હઝરત ઇબ્રાહિમ (અલય્હિસ્સલામ) જ્યારે સહરાએ-મક્કામાં પોતાના અહલો-અયાલને છોડીને ગયા, તો તેનો મુખ્ય હેતુ નમાઝ કાયમ કરવાનો હતો, હજ્જ ના અમલ નો નહી.

હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) રોઝે-આશૂરા ફક્ત બે રકાત નમાઝ અદા કરવા માટે દુશ્મનના તીરો સામે પોતાના સીના ને સિપુર્દ કરી દીધું.

કુરઆને કરીમમાં હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઇસ્માઈલ અલય્હિસ્સલામ ને આ હુકમ થયો કે મસ્જિદે હરામને નમાઝી માટે તૈયાર અને પવિત્ર રાખો.

હકીકતમાં નમાઝ એટલી વધારે એહમિયત ધરાવે છે કે હઝરત ઝકરીયા, હઝરત મરયમ, હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઇસ્માઈલ (અલય્હિસ્સલામ) આ તમામ નબીઓ મસ્જિદ અને નમાઝ કાએમ થવા વાળી જગ્યાના ખાદિમ રહ્યા છે.

નમાઝ નો જલવો બાળકના જન્મથી શરૂ થાય છે જ્યારે અઝાન અને એકામત તેના કાનમાં કહેવામાં આવે છે, અને મરણ પછી પણ દેખાય છે, જ્યારે કબ્રસ્તાનમાં મૈયત માટે નમાઝ પઢવામાં આવે છે.

નમાઝ કબૂલ તો તમામ આમાલ કબૂલ છે.

એટલેજ હઝરત અમીરુલ મોમિનીન અલય્હિસ્સલામ પોતાના ગવર્નર ને ઈરશાદ ફરમાવે છે:

"તમારા સૌથી ઉત્તમ સમયને નમાઝ માટે કરાર આપો અને જાણો કે તમારા બીજાં બધા આમાલ પણ નમાઝ ના લીધે જ કબૂલ થાય છે."

નમાઝ, એ અલ્લાહ તઆલાની યાદ છે, અને અલ્લાહની યાદ જ દિલોને સુકૂન અને ઇતમિનાન અતા કરે છે.

કુરઆન મજીદમાં નમાઝનો તઝકેરો ઘણી વખત થયો છે, પછી ભલે તે સૌથી મોટો સૂરો (સુરએ બકરા) હોય કે સૌથી નાની સુરો (સૂરએ કૌસર) હોય.

જમીની આફતો જેમ કે ભૂકંપ અને તોફાની પવન માટે પણ નમાઝ વાજિબ કરાઈ છે અને આસમાની આફતો જેમ કે સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ માટે પણ નમાઝ જરૂરી છે નમાઝે આયાત વાજિબ કરી છે. એ હદ સુધી કે વરસાદની દુઆ માટે નમાજે ઇસ્તિસ્કા પડવાનો પણ હુકમ આપ્યો છે.

નમાઝ ઈન્સાનને ઘણી બધી બુરાઈઓથી રોકે છે.

નમાઝમાં તકમીલ અને કમાલાત પ્રત્યેનું ધ્યાન અને રુચિ જોવા મળે છે, જેમ કે:

પાકીઝગી અને સફાઈ: મિસ્વાક, વઝૂ, ગુસ્લ, શરીર અને કપડાંની તહારત.

હિંમત અને બુલંદ અવાજ: અઝાન માંથી અમે ફરિયાદ ઉઠાવવાની હિંમત શીખીએ છીએ.

મૈદાને અમલમાં હાજરી: મસ્જિદના જમાઅતમાં હાજર થવાથી શીખીએ છીએ.

અદાલત પર ધ્યાન: આદિલ ઈમામે-જમાઅતની પસંદગીથી શીખીએ છીએ.

અખલાકી ઉત્તમતા અને કદરો-કમાલાત: એ શખ્સો પાસેથી શીખીએ છીએ, જે નમાઝની પહેલી સફ માં ઉભા રહે છે.

કિબલા તરફ સ્થિર દિશાનો અહેસાસ: યહૂદીઓ એક દિશામાં, ખ્રિસ્તીઓ બીજી દિશામાં પોતાની ઈબાદત કરે છે, જ્યારે મુસલમાનો માટે એકજ જગ્યા અને એકજ દિશા હોવી જોઈએ.

એટલા માટે કુરઆને કરીમના હુકમ મુજબ કઅબા મુસલમાનોનું કાયમી કિબલા નક્કી કરવામાં આવ્યું જેથી દિશામાં સ્થિર રહી શકાય.

બીજાના હકોની રિયાયત (અધિકારોની કદર) એ વાતમાં જોવા મળે છે કે નમાઝ ના લિબાસમાં એક પણ હરામ ના માલનો ધાગો અને દોરી ન હોવી જોઈએ.

સિયાસત પર ધ્યાન એ વાતમાં દેખાય છે કે રિવાયતોમાં લખાયું છે: જો કોઈ ઈમામે માસૂમ (અલૈહિસ્સલામ)ની વિલાયત સ્વીકાર્યા વિના નમાઝ અદા કરે, તો તેની નમાજ કબૂલ નથી.

નિયમ અને કાનૂન ઉપર ધ્યાન. નમાઝે જમાઅતની સફો માં શીખવા મળે છે.

શહીદો ઉપર ધ્યાન ખાકે શિફાના સિજ્દાગાહમાંથી જોવા મળે છે.

જગ્યાની સફાઈ પર ધ્યાન મસ્જિદ અને ત્યાંના લોકો માટે આપવામાં આવેલા તહારતના હુકમમાંથી શીખવા મળે છે.

અલ્લાહ પર ધ્યાન પૂરી નમાઝ દરમિયાન.

આખેરત પર ધ્યાન, "માલિકે યૌમિદ્દીન" માં.

સીધા માર્ગની પસંદગી પર ધ્યાન, "ઇહ્દિનસ્સિરાતલ મુસ્તકીમ" માં.

સારા સાથીઓની પસંદગી પર ધ્યાન, "સિરાતલ્લઝીન અન્અમ્તા અલૈહીમ" માં.

ગુમરાહ અને અઝાબ પામેલા લોકોથી દૂર રહેવા પર ધ્યાન, "ગૈરિલ મગ્જૂબે અલૈહિમ વલઝ્ઝાલ્લીન" માં.

નબૂવ્વત અને અહલેબૈત અલય્હિસ્સલામ પર ધ્યાન, તશહુદમાં.

સાલેહ (નેક) બંદાઓ પર ધ્યાન, "અસ્સલામુ અલૈના વા અલા ઈબાદિલ્લાહિસ્સાલેહીન" માં.

હલાલ અને પાક ખોરાક પર ધ્યાન એ વાતમાં દેખાય છે કે હદીસમાં આવ્યુ છે: જો કોઈ શરાબ પીએ, તો તેની ૪૦ દિવસ સુધી નમાઝ કબૂલ થતી નથી.

બાહરી સુંદરતા અને સાફ-સફાઈ પર ધ્યાન એ વાતમાં દેખાય છે કે નમાઝમાં શ્રેષ્ઠ લિબાસ, અત્તર અને ઝીનતનો ખ્યાલ રાખવો જોઈએ, અટલેકે (મહિલાઓ) પણ નમાઝમાં પોતાની ઝીનત (શણગાર)ની ચીજોનો ધ્યાન રાખે.

પતિ-પત્ની પર ધ્યાન એ વાતમાં દેખાય છે કે હદીસમાં જણાવાયું છે: જો પતિ-પત્ની વચ્ચે દુશ્મનાવટ અથવા નફરત હોય અને તેઓ એકબીજાને દુઃખ પહોંચાડે, અથવા વાણી દ્વારા એકબીજાને ગાળો આપે તો તેમની નમાઝ પણ કબૂલ થતી નથી.

કુરઆની આયતોમાં નમાઝ અને અમ્ર બિલ મઆરૂફ તથા નહી અનિલ મુનકરને એકસાથે અને એકબીજાને પ્રભાવિત કરનારી હકીકત તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમ કે:)

"إِنَّ الصَّلاةَ تَنْهَى عَنِ الْفَحْشَاءِ وَالْمُنْكَرِ"

(નમાઝ દરેક બુરાઈ અને બદકારી થી રોકે છે.)

"إِنَّ الْحَسَنَاتِ يُذْهِبْنَ السَّيِّئَاتِ"

(નેક અમલ જેમ કે નમાઝ, બુરાઈઓને દુર કરી નાખે છે.)

"أَقِمِ الصَّلَاةَ وَأْمُرْ بِالْمَعْرُوفِ وَانْهَ عَنِ الْمُنْكَرِ"

(નમાઝ કાયમ કરો અને અમ્ર બિલ મઆરૂફ તથા નહી અનિલ મુનકર કરો.)

" الَّذِينَ إِنْ مَكَّنَّاهُمْ فِي الْأَرْضِ أَقَامُوا الصَّلَاةَ وَآتَوُا الزَّكَاةَ وَأَمَرُوا بِالْمَعْرُوفِ وَنَهَوْا عَنِ الْمُنْكَرِ وَلِلَّهِ عَاقِبَةُ الْأُمُورِ"

(હકીકતમાં એ લોકો મોમીન છે કે જો અમે તેમને જમીન પર તાકાત અતા કરીએ, તો તેઓ નમાઝ કાયમ કરે, ઝકાત આપે,

અમ્ર બિલ મઆરૂફ અને નહી અનિલ મુનકર પર અમલ કરે.
અને અલ્લાહ માટે જ બધાં કાર્યોનો અંત છે.)

## સાતમો સબક,

### અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર

### સારા લોકોનું મહત્વ

وَلْتَكُنْ مِنْكُمْ أُمَّةٌ يَدْعُونَ إِلَى الْخَيْرِ وَيَأْمُرُونَ بِالْمَعْرُوفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَأُولَئِكَ هُمُ الْمُفْلِحُونَ

"અને તમારામાંથી એક સમૂહ એવું હોવું જોઈએ જે ભલાઈ તરફ બોલાવે, નેકીનો હુકમ આપે અને બુરાઈથી રોકે. અને એ લોકો જ કામીયાબ છે."

અમ્ર બિલ મઅરૂફ નો અર્થ છે નેકી તરફ દાવત દેવી, અને નહિ અનિલ મુનકર નો અર્થ છે બુરાઈથી રોકવું.

આ બન્ને અમલ કરવાની કોઈ વય કે કોઈ હદ નથી, દરેક મુસલમાન માટે એ ફરજ અને વાજીબ છે. જેમ કે હઝરત લુકમાન અલય્હિસ્સલામ એ પોતાના દીકરાને નસીહત આપીને ફરમાવ્યું:

(એ મારા દીકરા! નમાઝ કાયમ કર અને નેકીનો હુકમ આપ...)

અમ્ર બિલ મઅરૂફ, પોતાના મઝહબી મકતબથી મહોબ્બત, લોકો પ્રત્યે ઉંડી ચાહત અને સમાજની સલામતીની ખ્વાહિશ છે, આઝાદ ગુફતગૂની નિશાની, દિની ગેરત, લોકોમાં દોસ્તાના સંબંધ અને બેદાર ઝમીર તથા ઉંમૂમી નિગરાની અને મેદાને અમલમાં હાજર હોવાની નિશાની છે.

અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર, નેક લોકોને પ્રેરણા આપવાનો કારણ, જાહિલોને સાચા રસ્તા પર લાવવા

માટેનો ઉપાય છે ખરાબ કામો અટકાવવાની તાકીદ અને સામાજિક નઝમ-નઝાકત કાયમ રાખવાનો એક મહત્વપૂર્ણ હિસ્સો છે।

કુરઆન કરીમમાં ઈરશાદ થાય છે: "તમે મુસલમાન બહેતરીન ઉમ્મત છો, કારણ કે તમે અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર કરો છો."

હઝરત અલી અલચ્હિસ્સલામે ફરમાવ્યું : "અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર સામૂહિક ફાયદાઓ માટે જરૂરી છે"

એક બીજી રિવાયતમાં આવે છે: "જે વ્યક્તિ બુરાઈઓથી ના રોકે, તે એવો છે જેમ કે કોઈ ઘાયલ વ્યક્તિને જોઈને તેને તડપતા છોડી દે, ત્યાં સુધી કે તે મૃત્યુ પામી જાય"

હઝરત દાઉદ અને હઝરત ઈસા અલચ્હિસ્સલામ જેવા અંબિયા નહી અનિલ મુનકર ન કરનાર લોકો પર લાનત કરતા હતા.

હઝરત ઇમામ હુસૈન અલચ્હિસ્સલામ નું કયામ કરબલા આવવું અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર માટે હતું.

ગુનાહોના મુકાબલામાં ચુપ રહી જવું અને તવજ્જોહ ન આપવી એ વાતનું કારણ બને છે કે ગુનાહ કરવા સામાન્ય બાબત બની જાય, અને ગુનાહગારોમાં હિંમત વધે, જેના કારણે સમાજના લોકો પથ્થરદિલ બની જાય છે, શૈતાન ખુશ થાય છે અને એમના પર ખુદાનો ગઝબ નાઝિલ થાય છે.

કુરઆન માં ઈરશાદ થયું છે: "જો કોઈ એવી જગ્યાએ આયાતે ઈલાહીની તોહીન કરવામાં આવી રહી હોય તો એ જગ્યાને વિરોધ કરી છોડી દો, જ્યાં સુધી કે ચર્ચાનો  વિષય બદલી ન જાય.

જો આપણે કોઈ નેકી તરફ દાવત આપીએ, તો આપણે પણ તે નેકી માં શામિલ છીએ, પરંતુ જો કોઈ ફસાદ, બુરાઈ અને ગુનાહો સામે ખામોશ રહી ગયા, તો ધીમે ધીમે બુરાઈઓ વધતી જશે અને ફાસિદ અને ખોટા લોકો સમાજ પર હાકિમ બની જશે.

ઇન્સાન દિલથી ગુનાહોથી નફરત કરે છે અને નફરત કરવી પણ જોઈએ અને પોતાને ઝુબાન ને પણ ગુનાહોથી રોકવી જોઈએ. તેમજ કાનૂન અને તાકાતનો સહારો લઈ ગુનાહોમાં રુકાવટ પેદા કરવી જોઈએ.

અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર બે ઇલાહી જવાબદારીઓ છે. અને આ વિચાર ખોટો છે કે "બીજાના ગુનાહોથી અમારો કોઈ તઅલ્લુક નથી," "આપણે બીજાની આજાદી છીનવી ન જોઈએ," "હું પોતે ડરી જાઉં છું," "મને શરમ આવે છે,"

ઈસા પોતાનાં દીન પર અને મૂસા પોતાનાં દીન પર," "એને એની કબરમાં જવું છે અને અમને અમારી," "બીજા પણ છે, હું જ કેમ અમ્ર બિલ મઅરૂફ કરું?" "હું જ કેમ બુરાઈથી રોકું?" "જો હું આ કરું, તો મારી દોસ્તી તૂટી જશે," "આ કરવાથી મારા ખરીદારો છૂટી જશે,"– આવા બધાં વેહેમ અને ગુમાનથી આ ફરજ આપણા કાંધે ઉપરથી ખતમ નથી થતી.

## અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર કેવી રીતે કરવું

અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર ઈલ્મ (જ્ઞાન), હમદર્દી અને અકલમંદી પર આધારિત હોવું જોઈએ અને જેટલું શકય હોય, એટલું છુપ્પી રીતે કરવું જોઈએ.

ક્યારેક આપણે પોતાને કહેવું જોઈએ , પરંતુ જ્યાં આપણી વાતોનો કોઈ અસર ના થતો હોય, ત્યાં આપણી જવાબદારી ખતમ નથી થતી. અવા મૌકાઓ ઉપર બીજાઓને બોલાવી તે વાત કરાવવી જોઈએ. જો થોડા સમય માટે પણ બુરાઈઓ અટકાવી શકાય, તો આ કામ કરવું જોઈએ. અને જો વારંવાર કહેવાથી પરિણામ મળવાની આશા હોય તો વારંવાર કહેવું જોઈએ.

અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર બે રીતે અંજામ આપવામાં આવે છે:

1.બધાજ ની જવાબદારી - પ્રત્યેક વ્યક્તિએ પોતાની તાકાત અને સલાહીયત અને ક્ષમતાના મુજબ આ ફરજ ને અદા કરવી જોઈએ.

2. એક વ્યવસ્થિત સંગઠન સાથે: અથવા સમૂહ જે આ જવાબદારીને પોતાની ડ્યૂટીને માનીને પૂરી તાકાતથી આ કામ અંજામ આપે.

ઉદાહરણ તરીકે, જો કોઈ ડ્રાઈવર રસ્તા પર કાયદાનું ઉલ્લંઘન કરે, તો બીજાં ડ્રાઈવરો હોર્ન અને લાઈટ દ્વારા એના ઉપર વિરોધ કરે છે, અને આવા ઉલ્લંઘન પર પોલીસ પણ સખ્તીથી જૂર્માનો (દંડ) લગાવે છે.

## અમ્ર બિલ મઅરૂફ કરનાર બહેતરીન ઉમ્મતી હોવાની નિશાની

كُنْتُمْ خَيْرَ أُمَّةٍ أُخْرِجَتْ لِلنَّاسِ تَأْمُرُونَ بِالْمَعْرُوفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَتُؤْمِنُونَ بِاللَّهِ

**"તમે બહેતરીન ઉમ્મત છો, જે લોકોને હિદાયત માટે મોકલવામાં આવ્યા છે. તમે નેકીનો હુકમ આપો છો બુરાઈથી રોકો છો અને અલ્લાહ પર ઈમાન રાખો છો."**

**આ આયત માં ઇશારો કરવામાં આવ્યો છે, જેમાં કેટલીક શરતો અને મુદ્દા સમાયેલ છે, જેમ કે:**

**1. બહેતરીન ઉમ્મત હોવું કોઈ નારો નથી, પરંતુ ઈમાન અને અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર દ્વારા જ ઉમ્મત બહેતરીન બની શકે છે.**

كُنْتُمْ خَيْرَ أُمَّةٍ --- تَأْمُرُونَ

**2. ખામોશ રહેનાર અને ડર અને બીક સાથે ઝિંદગી ગુજારનાર ઉમ્મત માટે કોઈ ખૈર અને ભલાઈ અને બરકત નથી.**

كُنْتُمْ خَيْرَ أُمَّةٍ تَأْمُرُونَ تَنْهَوْنَ

**3. અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર એટલું અગત્યનું છે કે, તેનો અંજામ આપવું ઉમ્મતો ના ઈમ્તિયાઝ (વિશિષ્ટતા)નું મયઆર (માપદંડ) છે.**

كُنْتُمْ خَيْرَ أُمَّةٍ

**4. અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર ત્યારે જ શક્ય બને છે જ્યારે મુસલમાન એક ઉમ્મતની શકલ અપનાવે એટલે કે, તેમની એક હુકૂમત (સરકાર) સ્થાપિત થાય.**

كُنْتُمْ خَيْرَ أُمَّةٍ

**5. મુસલમાનો તમામ ઇન્સાની સમાજોની ઇસ્લાહ (સુધારણા) માટે જવાબદાર છે.**

أخرجت للناس

**6. નેકી તરફ હિદાયત (માર્ગદર્શન) કરવાનું પરિણામ, બુરાઈ સામે મુકાબલો કર્યા વિના બહુ ઓછો નીકળે છે.**

تأمرون بالمعروف وتنهون عن المنكر

**7. ઉમ્મતના દરેક ફર્દ (વ્યક્તિ) પર અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર ફરજ અને વાજીબ છે. (એટલે કે નવ વર્ષની છોકરી પણ રાષ્ટ્રીય પતિ અને પ્રધાન મંત્રી ને અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર કરવાની હકદાર છે.)**

**8. અમ્ર બિલ મઅરૂફમાં વય ઇલાકો (વિસ્તાર), કૌમ, ઈલ્મ (જ્ઞાન), દોલત (પૈસા), અથવા હોદ્દો કોઈ માપદંડ નથી.**

كُنتُمْ خَيْرَ أُمَّةٍ تَأْمُرُونَ تَنْهَوْنَ

**9. મુસલમાનોને મજબૂત અંદાઝમાં અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર કરવું જોઈએ, ન કે ડરીને, અને ન ગુઝારિશ અને વિનંતી કરતા કરતા.**

تَأْمُرُونَ

**10. અમ્ર બિલ મઅરૂફ, નહી અનિલ મુનકર પર મુકદ્દમ (અગ્રતા) છે.**

تَأْمُرُونَ --- تَنْهَوْنَ

**11. અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર ત્યારે જ અસરકારક બની શકે, જ્યારે તે ઈમાન પર આધારિત હોય.**

تَأْمُرُونَ --- تَنْهَوْنَ، تُؤْمِنُونَ

## આસાર (પ્રભાવ) અને બરકત

અહીં અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકરના કેટલાક પ્રભાવ અને બરકતોનો ઉલ્લેખ કરીએ છીએ, ભલે ક્યારેક તેના કોઈ તાત્કાલિક અસરો દેખાતા ના હોય.

1. ક્યારેય અમ્ર બિલ મઅરૂફ તરતજ અસર નહીં કરે, પણ તે ઇતિહાસ , ફિતરત (કુદરત) અને બીજાના ફેંસલાઓ પર અસર રાખે છે.

જે રીતે હઝરત ઈમામ હુસેન અલય્હિસ્સલામ અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર ઉપર શહીદ થઈ ગયા, જેથી લોકોનો ઝમીર (વિવેક) હંમેશા માટે બેદાર રહી જાય.

2. ક્યારેક અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર બીજાના તહફફુઝ (રક્ષણ)નો રસ્તો હમવાર બનાવે છે.

જે રીતે અઝાનની અવાજ ઉંચી કરવી મસ્તહબ (સુન્નત) છે, ભલે કોઈ સાંભળનારો ન હોય. અને રસ્તા પર ટ્રાફિક સિગ્નલ આગળ ગાડી રોકવી ફરઝ (જરૂરી) છે, ભલે કોઈ સામે પસાર થતી ગાડી ન હોય કારણ કે કાનૂન (કાયદો) પર અમલ (અનુસરવું) કરવું અને કાનૂનના એહતરામ (સન્માન) માટે માહોલ તૈયાર કરવો જરૂરી છે.

3. ક્યારેક આ કામ ગુનાહગારને ગુનાહ (પાપ)થી નથી અટકાવતા પણ વારવાર કહેવું તેઓની લઝ્ઝત ખત્મ કરી નાખે છે .

4. આઝાદી (સ્વતંત્રતા) ના તહફફુઝ (રક્ષણ) માટે અમ્ર અને નહી હોવુ જરૂરી છે.

કારણ કે ના કહેવાથી સમાજમાં ખામોશી (શાંતિ) અને ખૌફો-હિરાસ (ભય અને અસ્વસ્થતા) નું માહોલ બની જાય છે.

5. અમ્ર-નહી કરવું, પોતે ઈન્સાન ની અઝમત (મહાનતા) ને વધારે છે, ભલે બીજાઓ તેને અવગણી નાખે.

કુરઆન મજીદમાં ફરમાવાયું છે:

"وَمَنْ أَحْسَنُ قَوْلًا مِمَّن دَعَا إِلَى اللَّهِ" ()

6. જો બીજાઓ ઉપર તેનો અસર ન પડે, તો ઓછામાં ઓછું આપણા માટે કુરબતે-ખુદા (અલ્લાહની નજીક), શૂજા'અત ની તાલીમ અને તલ્કીન (પ્રેરણા) અને હમદર્દી અને જવાબદારીના એહસાસના ઉજાસનું કારણ બનશે.

7. ગઝબે-ઇલાહી (અલ્લાહનો ક્રોધ) ના સમયે નેકીઓની હિદાયત કરનારા (સારા કામો માટે કહેવાવાળા) ને નજાત મળશે

અમ્ર-ઓ-નહી દ્વારા ઈન્સાનના ઝમીર (વિવેક) ને સુકૂન (શાંતિ) પ્રાપ્ત થાય છે.

ઈન્સાન પોતાના દિલમાં કહે છે કે, "મેં મારી ફરઝ (જવાબદારી) અદા કરી."

ઝમીર (વિવેક) નું આ સુકૂન ખૂબ જ અગત્યનું છે, ભલે બીજાઓએ તે ઉપર અમલ ન પણ કર્યું હોય.

8. અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકર, અંબિયા અલયહિસ્સલામની સીરત છે. ભલે બીજા લોકો તેના પર અમલ ન પણ કરે.

કુરઆન મજીદમાં વારંવાર ફરમાવમાં આવ્યું છે કે, "લોકો અંબિયા અલયહિસ્સલામ ની વાતો અને હિદાયતો (માર્ગદર્શન) ને સાંભળતા નહોતા અને તેમની તરફથી મુહ ફેરવી લેતા હતા."

પરંતુ તેઓ અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુનકરની ફરઝ (જવાબદારી) પર અમલ કરતા કરતા શહીદ થઈ ગયા, જેથી હક (સાચી વાત) નો રસ્તો ગુમ ન થાય અને હકની રાહ નાબૂદ ન થાય.

## આઠમો સબક,

## સૂરે હમ્દની તફસીર

અઝીમ અને દાયમી રહેમતો વાળા અલ્લાહ ના નામથી.

તમામ પ્રશંસા અલ્લાહ માટે જ છે, જે સમગ્ર દુનિયાઓને પાળવા વાળો છે.

તે અઝીમ અને દાયમી રહેમતવાળો છે. કયામતના દિવસનો માલીક અને મુખ્તાર છે.

અય પરવરદીગાર! અમે ફક્ત તારી જ ઇબાદત કરીએ છીએ અને ફક્ત તારા થી જ મદદ માંગીએ છીએ.

અમને સીધા રસ્તા ઉપર રહેવાની હિદાયત અતા કર.

એ લોકોનો રસ્તા ઉપર કે જેમણે તારી નેઅમતો મેળવી છે, ન કે તેઓના રસ્તાઓ ઉપર કે જેમણે તારો ગુસ્સો મેળવ્યો છે અને ભટકી ગયા છે.

"الحمد لله"

એટલે કે પરવરદીગારે-આલમનો બેહતરીન શુક્ર છે. કોઈ પણ વ્યક્તિ કયાંય પણ, કોઈ પણ ભાષામાં, કોઈ પણ કમાલ અને સુંદરતાની કોઈ પણ રીતે પ્રશંસા કરે, તો હકીકત માં તારીફ છે.

ખુદા વંદે આલમની હમદ અને સના છે અને કરવી જોઈએ, ખુદા ના હુકમ મુજબ અને તેના બતાવેલા રસ્તા મુજબ કરો તો વધારે સારું.

ખુદાવંદ આલમે પોતાની ઉપર રહેમત ને લાઝમી કર્યું છે ،

"كتب ربكم على نفسه الرحمة"

અને તેની રહેમત દરેક વસ્તુ પર છવાયેલી છે,

"ورحمتى وسعت كل شىء"

એ જ રીતે તેના અંબિયા અને કિતાબો માં રહેમત છે,

"رحمة للعالمين" .

ખુદાવંદ આલમની તમામ વસ્તુઓની તખ્લીક (સર્જન) અને તેમની પરવરિશ કરવી પણ તેની રહેમતની બિનાપર છે અને જો એ કોઈને અઝાબ પણ આપે છે તો તે પણ તેની લુત્ફ અને કરમની બિનાપર હોય છે.

કોઈના ગુનાહો માફ કરી દેવા, બંદાઓની તૌબા કબૂલ કરવી, કોઈના એબો પર પડદો નાખવો અને તેમને પોતાની ખતાઓની તલાફી (સુધાર) કરવાનો મોકો આપવો – આ બધુ ખુદાવંદ આલમની રહેમત અને મહેરબાનીનો જલવો છે.

હાલાંકે ખુદા વંદે આલમ તમામ વસ્તુઓનો હકીકી માલિક છે, પણ કયામતની મલકીયત નો એક અલગ જ અંદાઝ હશે.

"نعبد"

વાળો જુમલો પણ આ વાત તરફ ઈશારો કરે છે કે નમાઝને જમાત સાથે અદા કરવી જોઈએ અને આ વાતને પણ બયાન કરે છે કે તમામ મુસલમાન એક બીજાના ભાઈ છે અને એક જ રસ્તે ચાલે. નમાઝમાં જાણે ઈન્સાન તમામ ખુદા પરસ્તોથી કહે છે: "ખુદાયા! ફક્ત હું જ નહીં, બધા જ તારા બંદા છે, ફક્ત હું જ નહીં, પણ બધા જ તારા લુત્ફ અને કરમના મોહતાજ છે."

સૂરે હમ્દ "સિરાતે મુસ્તકીમ" ને તે લોકોનો રસ્તો કરાર આપે છે, જેના ઉપર ખુદાવંદ આલમ એ નેઅમતો નાઝિલ કરી છે: જેમકે અંબિયા, સિદ્દીકીન, શુહદા, સાલેહીન આ બુઝુર્ગોની રાહ પર તવજજોહ રાખવી અને તેમના રસ્તા પર ચાલવાની આરઝૂ કરવી અને જયારે કોઈ સીધા રસ્તા ઉપર ચાલે છે તો તે ઇન્હિરાફ અને ગુમરાહીથી બચે છે.

આ દરખાસ્ત પછી ખુદાવંદે આલમથી એ લોકોના રસ્તા પર ન ચલાવાની દરખાસ્ત છે જે ગુસ્સા અને ગઝબના હકદાર બનેલા છે અને જે ગુમરાહ થયા છે.

"انعمت عليهم"

માં નેઅમત થી મુરાદ નેઅમતે હિદાયત છે. કારણકે આ આયતમાં એ પહેલા હિદાયતનો ઝિક્ર થયો છે. તેના ઉપરાંત, માદી નેઅમતો તો કાફિર ગુમરાહ અને બીજા લોકોને પણ મળે છે.

હિદાયત પામનારાઓ માટે પણ ખતરો હોય છે અને હંમેશા ખુદાવંદે આલમથી દરખાસ્ત કરવી જોઈએ કે અમને તારા ગુસ્સાના હકદાર બનેલાઓ અને ગુમરાહ થયેલા લોકોના રસ્તા પરથી મહફૂઝ રાખ.

સૂરે હમ્દનો તરબીયતી સબક:

અલ્લાહ સિવાય બીજા કોઈથી ઉમ્મીદ ન રાખવી

અને એહસાસ થાય કે આપણે ખુદાવંદે આલમના પરવરિશયાફતા અને ખુદાના બંદા છીએ, એટલે ખુદ પરસ્તી અને ઘમંડને છોડી દેવું જોઈએ. આપણે પોતાને કાએનાતના નિઝામ સાથે જોડાયેલૂ રહેવું જોઈએ અને એકલા સફર કરવાથી અને અલગ રહેવાથી બચવું જોઈએ.

અને આપણે પોતાને ખુદાવંદે આલમની છાયામાં (રહમત હેઠળ) રહેવું જોઈએ.

અને ભવિષ્ય વિશેની ગફલત થી દૂર રહેવું જોઈએ.

અને રિયાકારી (દેખાવ) અને શોહરતપસંદી થી દૂર રહેવું જોઈએ.

અને ગૈર-ઈલાહી તાકાતોની પનાહથી દૂર રાખવી જોઈએ.

અને તમામ નેઅમતો ને (અલ્લાહ) તરફથી માનવી જોઈએ.
અને રાહે હક (સાચા રસ્તા) અને સિરાતે મુસ્તકીમ (સીધા માર્ગ) પર ચાલવાની દુઆ કરવી જોઈએ.

અને હકના પેરોકારો સાથે જોડાણનો ઇઝહાર કરવો જોઇએ.
અને બાતિલ રસ્તા અને એહલે બાતિલ (ગલત માર્ગ પર ચાલનારા) લોકો સાથે બેઝારી નું એલાન કરવુ જોઈએ.

بسم الله

## બિસ્મિલ્લાહ ની એહમીયત

"بسم الله الرحمن الرحيم"

માત્ર કુરઆન મજીદની શરૂઆતમાં જ નહીં, પણ બધીજ આસમાની કિતાબોની શરૂઆતમાં પણ છે.

બધાજ નબીઓ અલયહિસ્સલામ પોતાના કામની શરૂઆત "بسم الله الرحمن الرحيم" થી કરતા.

હઝરત સુલેમાન અલયહિસ્સલામ જ્યારે મુલ્કે સબા ને ઈમાન તરફ દાવત આપી, તો આપે પોતાનું દાવતી પત્રને " بسم الله الرحمن الرحيم" થી શરૂ કર્યું.

હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: بِسْمِ اللهِ الرَّحْمنِ الرحيم કામોમાં બરકતનું કારણ છે અને તેને છોડવું નિષ્ફળતાનું કારણ બને છે.

દરેક કામની શરૂઆતમાં બિસ્મિલ્લાહ કહેવાની તાકીદ કરવામાં આવી છે: ખાવા-પીવા, સૂવાની, લખવાની, સવારી કરવા અને મુસાફરી પર જવા અને દરેક કામની શરૂઆત માટે બિસ્મિલ્લાહ કહેવુ જોઈએ. અહીં સુધી કે જો કોઈ પશુને બિસ્મિલ્લાહ વગર ઝબહ કરવામાં આવે, તો તેનો ગોશ્ત ખાવું હરામ છે.

બિસ્મિલ્લાહ મુસલમાન હોવાની નિશાની છે અને તેમાં આરામ છે, અને દરેક મુસલમાન ના દરેક કામમાં અલ્લાહનો રંગ હોવો જોઈએ. જેમ કે કોઈ એક કારખાનાં માં બનાવેલ વસ્તુઓ પર એ કારખાનાં નું નિશાની હોય છે ،ચાહે એ એક હોય કે વધુ હોય. કે જેમ કોઈ મુલ્ક નો ઝંડો વિવિધ સંસ્થા અથવા મદરસાઓ, અને ફૌજી કેમ્પોમાં લહેરાતો હોય છે, કે દરિયાઓમાં ચાલતી હોડી હોય કે નોકરી કરનાર બધાજ લોકો માટે એક નિશાની હોય છે અને હકીકી મુસ્લિમ ની નિશાની એ છે કે તે બધાજ કામ કરવા પેહલા બિસ્મિલ્લાહ બોલે છે

હઝરત ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામ થી મનકૂલ છે કે "બિસ્મિલ્લાહ" કુરાન ના સુરા નું તાજ છે. કુરાને-કરીમ માં ફક્ત સૂરે તૌબા ની શરૂઆતમાં બિસ્મિલ્લાહ નથી, અને તેનું કારણ એ છે કે હઝરત અલી અલય્હિસ્સલામે ફરમાવ્યું કે "બિસ્મિલ્લાહ" રહમત અને અમાન નો પયગામ છે, અને કુફ્ફાર અને મુશરેકીન થી બરાઅત અને બેઝારી ના એલાન માં મહોબ્બત અને મહેરબાની થી કામ ન લેવું જોઈએ એટલે આ સુરા માં બિસ્મિલ્લાહ નથી.

બિસ્મિલ્લાહ શયતાન ના ભાગવા નું કારણ બને છે, અને જે વ્યક્તિ સાથે અલ્લાહ હશે શયતાન તેને કોઈ અસર નહીં કરી શકે.

સિરાતે મુસ્તકીમ

"સિરાત" દોઝખ (જહન્નમ) પર એક પુલ નું નામ છે, જેમાંથી બધાજ ઇન્સાન ને પસાર થવું પડશે.

સિરાતે મુસ્તકીમ પર રહેવું, એ એક એવી દુઆ છે, જે દરેક મુસલમાન દરરોજ નમાઝ માં અલ્લાહ તઆલા ની પાસે માંગે છે. અહીં સુધી કે હઝરત રસૂલ અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ અને આઈમ્મહ માઅસુમીન પણ સિરાતે મુસ્તકીમ પડતા

સિરાતે મુસ્તકીમ ના અલગ-અલગ દરજાત અને મંઝિલો છે:
"والذین اهتدوا زادهم هدی"
(જે લોકો હિદાયત પર છે, અલ્લાહ તેમના નૂર અને હિદાયત માં ઇઝાફો કરે છે).
અહીં સુધી કે ઓવલિયાએ ઇલાહી (અલ્લાહના વલીઓ) પણ હિદાયત પર બાકી રહેવા અને નૂર માં વધારા માટે દુઆ કરે છે.

સિરાતે મુસ્તકીમ એટલે સીધો રસ્તો અને હર પ્રકારની કમી કે વધારાને દૂર રાખવું, ચાહે તે અકીદા માં હોય કે આમાલ માં.

ઈમામ હદીસ મા ફરમાવે છે કે: "સિરાતે મુસ્તકીમ અમે છીએ". એટલે કે સિરાતે મુસ્તકીમ ના અમલી (પ્રેક્ટિકલ)

નમૂના એ આસ્માની રેહબર છે. જેમણે જિંદગી ના તમામ મામલાત માં હુકમ આપ્યા છે, જેમ કે કામકાજ, તફરીહ (મનોરંજન), તાલીમ, ખાવા-પીવા, રાહે ખુદા માં ખર્ચ, કોઈના પર તનકીદ (આલોચના), ગુસ્સા-સુલહ (ક્રોધ અને શાંતિ), ઔલાદથી મહોબ્બત, વગેરે. અને અમને સંતુલિત જીવન ની નસિહત કરી છે.

હેરાની ની વાત એ છે કે શયતાન પણ આ જ સિરાતે મુસ્તકીમ પર ઘાત લગાવીને બેઠો છે:

"لا قعدن لهم صراطك المستقيم"

(અલ્લાહ! હું (શયતાન) તેઓ માટે તારી સિરાતે મુસ્તકીમ પર બેઠો રહીશ).

કુરઆને કરીમ અને રિવાયતો માં ઘણા ઉદાહરણો આપવામાં આવ્યા છે, જેમાં હિદાયત ઉપર તાકીદ કરવામાં આવી છે, જે કે સિરાતે મુસ્તકીમ છે, અને કમી અથવા વધારા થી મનાઈ કરવામાં આવી છે.

હા ! ઇસ્લામ કોઈ એક જગ્યા વાળો મઝહબ નથી કે જેમાં ફક્ત એક પહલૂ પર તવજ્જોહ આપવામાં આવે અને બીજા પાસાઓ ને નજરઅંદાજ કરવામાં આવે؛

પરંતુ દરેક કામ માં ન્યાય, મીયાનારવી અને સિરાતે મુસ્તકીમ પર તાકીદ કરવામાં આવી છે.

કુરઆન-અલ-કરીમ માં 'ગઝબ' અઝાબ માં મુકાયેલા લોકો ની નિશાનીઓ

કુરઆને-કરીમ માં ફિરઓન, કારૂન, અબૂ લહબ જેવા લોકો અને કૌમે-આદ, કૌમે-સમૂદ, બની ઈસ્રાઈલ જેવી ઉમ્મતો ને ગઝબવાળા તરીકે દર્શાવવામાં આવ્યા છે. અને કેટલાક લોકો જે ગુમરાહ કરનાર છે જેમ કે:ઇબ્લીસ, ફિરઓન, સામરી, ખરાબ દોસ્ત, હિદાયત થી ભટકેલા માઁ બાપ ખોટા રહબરો અને લીડરો વગેરે ના વિષે બયાન થયું છે

આ ઉપરાંત કુરઆન ની અનેક આયતોમાં ગઝબવાળા અને ગુમરાહ થયેલા લોકો ની ખાસીયતો અને ઉદાહરણો પણ બયાન કરવામાં આવ્યા છે.

આપણે દરરોજ નમાઝ માં અલ્લાહ તઆલા પાસે દુઆ કરીએ છીએ કે આપણે 'ગઝબ' થયેલા લોકો જેવી હલત માં ના હોઈએ,

1 તહરીફ (બદલાવ) કરનારાઓમાં ના હોઈએ,

2 સુદ (વ્યાજ) ખાવવા વાળાઓમાં ના હોઈએ,

3 જેહાદ માં શામિલ ન થનારાઓમા હોઈએ,

4 તે લોકોમાં પણ ના હોઈએ જેમણે હક (સાચી દિશા) છોડી અને બાતીલ તરફ ચાલ્યા ગયા,

5 જેમણે દિન અને અકીદા માં ગુલુ  કર્યું અને ઈમામ અને નબી ને અલ્લાહ બનાવી દીધા

6 જે ખુદની અથવા બીજાના હવા-હવસ ની પેરવી કરતા રહ્યા.

કુરઆને કરીમ માં 'ઇન્હિરાફ' અને 'ગુમરાહી' ના રસ્તા ઉપર જવાના કારણો દર્શાવાયા છે

1. હવા-હવસની પેરવી

"اتخذ الهه هواه و اضله الله"

(જે વ્યક્તિ પોતાની ખ્વાહિશોને પોતાનું માબુદ બનાવી લે છે, તો અલ્લાહ તેને ગુમરાહ કરી નાખે છે.)

2. બુતો અને મૂર્તિ ની પૂજા અને ઇબાદત

"جعلوا الله انداداً ليضلوا عن سبيله"

(તેઓ અલ્લાહ માટે શરીક અને ભાગીદાર બનાવે છે, જેથી લોકોને અલ્લાહની રાહથી ભટકાવી શકે.)

3. ગુનાહ

"و ما يضل به الا الفاسقين"

(અલ્લાહ ફક્ત ફાસીકોને ગુમરાહ કરે છે.)

4. બાતિલની સરપરસ્તી સ્વીકારી લેવી

"انه من تو لاه فانه يضله"

(જે વ્યક્તિ બાતિલની સરપરસ્તી (આસરો) લે છે, તો તે વ્યક્તિ ગુમરાહ થઈ જાય છે.)

5. જહાલત (અજ્ઞાન) અને નાદાની

"و ان كنتم من قبله لمن الضالين"

(આગળથી તમે ચોક્કસ જ ગુમરાહોમાંથી હતા.)

ઈન્સાન આ સુરા માં અંબીયા, શોહદા (શહિદો), અને સાલેહીન (સારા લોકો) તરફ મહોબ્બત, વફાદારી, અને તવલ્લા નો ઈઝહાર કરે છે.

અને ગઝબમાં મુબતલા થયેલા અને ગુમરાહ થયેલા લોકો તરફથી બેઝારી અને તબર્રરા અપનાવે છે. આ તવલ્લા અને તબરરા નો હકીકી મક્સદ છે.

## નવમો સબક,

## નમાઝે શબ

### નમાઝે શબ નું મહત્વ અને ફઝીલત

وَ مِنَ اللَّيْلِ فَتَهَجَّدْ بِهِ نَافِلَةً لَكَ عَسَى أَنْ يَبْعَثَكَ رَبُّكَ مَقَامًا مَحْمُودًا

અને રાતના એક ભાગમાં કુરઆન સાથે બેદાર અને જાગ્રુત રહો, આ તમારા માટે વધારાની ભલાઈ છે. જલ્દી તમારો પરવરદિગાર તમને મકામે મહમૂદ સુધી પહોંચાડી દેશે.

"હજુદ" ના અર્થ સૂઈ જવાનો છે, અને "તહજ્જુદ" નો અર્થ ઈબાદત માટે ઊંઘ ત્યજી દેવાનો છે. "મકામન" શબ્દમાં (તનવીન અને બે-ઝબર કારણથી) મહાનતા છુપાયેલી છે અને "મકામે મહમૂદ" નો અર્થ એ જ શફાઅત છે.

ત્રણ વસ્તુઓ પયગંબર અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ આલેહી વ સલ્લમ પર વાજીબ હતી અને બીજા બધા મુસલમાનો પર મુસ્તહબ છે:

નમાઝે શબ

મિસ્વાક

સહરખેઝી (સેહરી ના સમય જાગી ઇબાદત કરવી)

નમાઝે શબ ખુબજ બરકતવાળી નમાઝ માંથી એક નમાઝ છે અને આ અંગે સૂરએ મુઝમ્મિલ અને સૂરએ મદસ્સિર માં ખાસ તાકીદ કરવામાં આવી છે:

"قم اليل الا قليلا"

(રાત્રે ઉઠો, થોડા સમય સિવાય)

રિવાયતોમાં નમાઝે શબ માટે ત્રીસથી વધુ ફઝીલતો વર્ણવવામાં આવી છે, જેમાંથી અમુક તરફ અમે ઈશારો કરીએ છીએ:

1,બધાજ અંબિયા નમાઝે શબ અદા કરતા હતા,

2, નમાઝે શબ શરીર માટે તંદુરસ્તીનો રાઝ છે

3, કબરના નૂરનું કારણ છે.

4,નમાઝે શબ અખલાક અને કિરદાર નું વર્તન સુધારે છે,

5,રિઝકમાં વધારો કરે છે 6,ગમો દૂર કરે છે.

7,નમાઝ દીન પર ચાલવાની તોફીક આપે છે

8, ચહેરા તથા આંખનો નૂર વધારવામાં અસરકારક છે.

9,નમાઝે શબ ગુનાહોને નાબૂદ કરી દે છે

10,અને કયામત માટે નૂર બને છે.

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે:

"નમાઝે શબનો સવાબ એટલો બધો વધારે છે કે અલ્લાહ તઆલા ફરમાવે છે:

"فلا تعلم نفس ما أخفى لهم من قرة اعين جزاء بما كانوا يعملون"

(કોઈ વ્યક્તિ જાણતું નથી કે તેની માટે કેવી મોટી નેઅમત તૈયાર કરવામાં આવી છે.)

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે:

"મોમીનની શાન નમાઝે શબ છે, અને તેની ઈઝ્ઝત એ છે કે તે બીજાઓને તકલીફ પહોંચાડતો નથી."

એક હદીસમાં બયાન થયું છે: "બદનસીબ એ છે જે નમાઝે શબથી વંચિત રહી જાય."

જનાબે અબુઝર ગફ્ફારી ખાનાએ કાઅબા પાસે બેઠા હતા અને લોકોને નસીહત કરી રહ્યા હતા કે કબરની તન્હાઈ અને વહશતથી બચવા માટે રાતના અંધકારમાં નમાઝે શબ અદા કરો.

હઝરત પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ એ ફરમાવ્યું:

"તમારા માંથી બેહતરીન વ્યક્તિ એ છે જેનું બોલવું સારું હોય, જે ભૂખ્યાંને ખવડાવે અને જ્યારે લોકો સૂઈ રહ્યા હોય, ત્યારે નમાઝે શબ અદા કરે."

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે:

"મોમીનની શાન અને તેનો ગૌરવ નમાઝે શબ અદા કરવું છે."

એક વ્યક્તિએ હઝરત અલી અલય્હિસ્સલામ ને પૂછ્યું:

"હું નમાઝે શબ પઢવાની તૌફીકથી વંચિત રહી ગયો છું!"

ત્યારે ઇમામ અલી અલય્હિસ્સલામ એ ફરમાવ્યું:

"قیدتک ذنوبک"

(તારા ગુનાહોએ તને નમાઝે શબથી રોકી દીધો છે.)

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે:

"હઝરત પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ નમાઝે વિત્ર માં ૭૦ વખત ઈસ્તિગફાર (માફી) માંગતા."

## સહરખેઝી અને રાતની ઈબાદત

إِنَّ نَاشِئَةَ اللَّيْلِ هِيَ أَشَدُّ وَطْئاً وَ أَقْوَمُ قِيلا

"બેશક, રાત્રે ઉઠવું નફ્સ (હવસ) ને પામાલ કરવા માટે અને ઝીક્ર માટે બેહતરીન સમય છે."

અલ્લાહ તઆલાએ સમયના દરેક ભાગોની કસમો ખાધી છે જેમકે:

"والفجر"

(ફજ્રની કસમ)

"والصبح"

(સવારની કસમ)

"والنهار"

(દિવસની કસમ)

"والعصر"

(અસરના સમયની કસમ)

પરંતુ સહરની ત્રણ વાર કસમ ખાધી છે:

"والليل اذا يسر"

(કસમ છે રાત્રિની જ્યારે તે પસાર થવા લાગે)

"والليل اذا عسعس"

(કસમ છે રાત્રિની જ્યારે તે (અંધકાર) ઘટાડે)

"والليل اذا أدبر"

(કસમ છે રાત્રિની જ્યારે તે પાછી વળે)

સહર માં ઇસ્તેગફાર અને ઈબાદત વિશે કુરઆનમાં બે આયતો બયાન થઈ છે:

"وبالاسحار هم يستغفرون"

(અને તેઓ સહરના સમયે ઇસ્તેગફાર કરે છે.)

"المستغفرين بالاسحار"

(જેઓ સહર ના સમયે માફી માંગે છે.)

અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલય્હિસ્સલામ ને સંબોધીને ફરમાવ્યું:

"અય મૂસા! તે વ્યક્તિ ખોટું બોલે છે જે કહે છે કે હું અલ્લાહ ને દોસ્ત રાખું છું, પણ રાતે ઉઠીને મારે સાથે વાતચીત કરવાના બદલે સૂઈ જાય છે!"

હઝરત પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે:

"મારા માટે રાત્રિની અંધકારમાં બે રકાત નમાઝે શબ અદા કરવી, દુનિયા અને તેની તમામ ચીજોથી વધારે પસંદીદા છે."

## દસમો સબક,

## બે વાજિબ વસ્તુ જે ભુલાઈ ગઈ

إِنَّمَا الصَّدَقَاتُ لِلْفُقَرَاءِ وَالْمَسَاكِينِ وَالْعَامِلِينَ عَلَيْهَا وَالْمُؤَلَّفَةِ قُلُوبُهُمْ وَفِي الرِّقَابِ وَالْغَارِمِينَ وَفِي سَبِيلِ اللَّهِ وَابْنِ السَّبِيلِ فَرِيضَةً مِنَ اللَّهِ وَاللَّهُ عَلِيمٌ حَكِيمٌ

**તરજુમો:**

**સદકો અને ખેયરાત ફક્ત ફકીર, મિસ્કીન, અને તે કામ માં મદદ કરનાર લોકો માટે, અને જેમના દિલ (ઇસ્લામ તરફ) લાવવાના હોય, ગુલામોને મુક્ત કરવા માટે, કર્ઝદાર લોકો ની કર્ઝ અદા કરવા માટે , અલ્લાહની રાહમાં ગરીબ મુસાફર માટે છે. આ અલ્લાહની તરફથી વાજીબ છે, અને અલ્લાહ ખૂબજ વધારે જાણનાર અને હિકમતવાળો છે.**

**ઝકાતનો હુકમ મક્કામાં આવ્યો હતો પણ મક્કામાં મુસલમાનોની સંખ્યા ઓછી હોવાથી અને ઝકાતની રકમ પણ ઓછી હોવાથી, લોકો પોતે પોતાની ઝકાત અદા કરતા.**

**પરંતુ મદીનામાં જ્યારે ઇસ્લામી સરકાર કાયમ થઈ ત્યારે લોકોને ઝકાત લેવામાં અને તેને બૈતુલમાલ સુધી પહોંચાડવું અને ઝકાતનું સંચાલન અને વિતરણ ઈસ્લામી હાકિમ દ્વારા કરવામાં આવતું હતું.**

خذ من أموالهم صدقة

**(તેમની મિલકતમાંથી ઝકાત લઈ લો.)**

**ઝકાત માત્ર મુસલમાન માટે ખાસ નથી પરંતુ ભૂતકાળના દીન (મઝહબ) માં પણ ઝકાતનો હુકમ હતો.**

**હઝરત ઈસા અલય્હિસ્સલામ જ્યારે બાળપણમાં જુલામાં હતા, ત્યારે કહ્યું:**

"أوصاني بالصلاة والزكاة"

**(અલ્લાહે મને નમાઝ અને ઝકાત માટે હુકમ આપ્યો છે.)**

હઝરત મૂસા અલયહિસ્સલ જ્યારે બની ઇસરાઇલ ને ખેતાબ કરતા કર્યું:

"أقيموا الصلاة وآتوا الزكاة"

(નમાઝ કાયમ કરો અને ઝકાત અદા કરો.)

અન્ય પયગંબર વિશે બયાન છે:

" وجعلناهم أئمة يهدون بأمرنا وأوحينا إليهم فعل الخيرات وإقام الصلاة وإيتاء الزكاة"

(અમે તેમને આઈમહ બનાવી દીધા, જે અમારા હુકમથી હિદાયત આપે છે, અને અમે તેમને ભલાઈ કરવા, નમાઝ કાયમ કરવા અને ઝકાત અદા કરવા માટે વહી કરી.)

ઝકાત માટે કુરઆનમાં ચાર પ્રકારના શબ્દો વપરાયા છે:

1. માલ દાન કરવું:

"وآتَى المال على حبه ذوي القربى"

(અને તે અલ્લાહ માટે પોતાનું મીલકત (માલ) આપે છે.)

2. સદકો દેવો:

"خذ من أموالهم صدقة"

(તેમની મિલકતમાંથી સદકો (ઝકાત) લઈ લો.)

3. ઇન્ફાક (અલ્લાહની રાહમાં ખર્ચ)

"يقيموا الصلاة وينفقوا"

(જે નમાઝ કાયમ કરે છે અને અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે.)

## 4. ઝકાત

"يقيمون الصلاة ويؤتون الزكاة"

**(જે નમાઝ કાયમ કરે છે અને ઝકાત અદા કરે છે.)**

### ઝકાતનું મહત્વ

કુરઆને કરીમમાં ઝકાત મોટે ભાગે નમાઝ સાથે ઉલ્લેખાય છે એટલે કે કુરાનમાં વધારે પડતું જ્યાં નમાઝ નો શબ્દ આવ્યો છે ત્યાં પાછળ પાછળ ઝકાત અદા કરવાનું કહેવામાં આવ્યું છે અને અન્ય કોઈ દીની ફરઝ (વાજિબ) આ રીતે નમાઝ સાથે ઉલ્લેખ કરવામાં નથી આવી.

અમુક રિવાયતો મુજબ, નમાઝ કબૂલ થવાની શરત ઝકાત અદા કરવી છે.

નમાઝ અને ઝકાતની આ જોડણી, અલ્લાહ અને તેના બંદાઓ વચ્ચેના સંબંધ દર્શાવે છે.

સાદાત માટે ઝકાત હરામ છે. બની હાશિમ ના કેટલાક લોકો પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ પાસે આવ્યા અને વિનંતી કરી: "અમને પશુઓની ઝકાત એકત્ર કરવાની જવાબદારી આપો, જેથી અમને પણ ઝકાતમાંથી એક હિસ્સો મળી શકે."

તો પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમે ફરમાવ્યું: "ઝકાત મારા ઉપર અને તમારે ઉપર હરામ છે, સિવાય કે ઝકાત આપનાર અને લેનાર બંને સૈયદ (સાદાત) હોય."

ઝકાતનો હુકમ એ નથી કે ઈસ્લામ ઝકાત લેવા વાળા ગરીબો અને ઝકાત આપવા વાળા અમીરો બે ભાગમાં વહેંચી નાખવા ઈચ્છે છે.

પરંતુ આજની હકીકતના આધારે સામાજિક ઉકેલ પેશ કરે છે.

ક્યારેક અમીર લોકો પણ ચોરી, આગ લાગવાના કારણે , દુર્ઘટના, જંગ કે બંદી (કેદ) થવાથી ગરીબીમાં ધકેલાઈ શકે.

તેથી ઇસ્લામી હુકુમતને સામાજિક જરૂરિયાતો પૂરી કરવામાં મદદરૂપ બને.

રિવાયતમાં છે: "અલ્લાહ તઆલાએ અમીરોના માલમાં ગરીબોની જરૂરિયાત પૂરી થવા જેટલો હિસ્સો મુકી દીધો છે. અને જો આ હિસ્સો ઓછો પડત, તો અલ્લાહ તેને વધારે કર્યો હોત. જો લોકો ગરીબોના હક્કોને અદા કરે, તો પણ તેઓ સારી જીંદગી જીવી શકે. અને જો અમીર લોકો ઝકાત અદા કરે, તો દુનિયામાં કોઈ માણસ ગરીબ ના રહે."

લોકોની આવક વધવી જોઈએ અને તેને મર્યાદિત કરવાની જરૂર નથી – આવા કેટલાક લોકોના મત સામે ઇસ્લામનું મત એ છે કે દરેક વ્યક્તિને પુરેપુરી સ્વતંત્રતા મળે જેથી તે પોતાના પ્રયાસો અને અલ્લાહની ઇનાયત કરેલી નેઅમતોનો લાભ ઉઠાવી શકે અને પોતાની શોધખોળ અને મહેનત દ્વારા પ્રગતિ કરી શકે, પણ સાથે સાથે તે પોતાનું ટેક્સ પણ અદા કરે અને ઝકાત આપે માલીયાત આપે.

فی سبیل اللہ

(અલ્લાહની રાહમાં) ઝકાત ખર્ચવામાં ગરીબી શરત નથી, પરંતુ જ્યાં પણ ઈસ્લામની હુકૂમત અને પ્રભાવ માટે

સહાયકારી બની શકો, ત્યાં ઝકાત આપો દાન કરો અને સદકો આપો, ખેયરાત આપો

શર અને બુરાઈ ફેલાવવા વાળા લોકોને સમાજથી દૂર કરવા માટે ઝકાતમાંથી મદદ કરી શકાય છે, અને જેઓને ઇસ્લામ કબૂલ કરવું હોય તો તેઓને પણ ઝકાત ની મદદ થકી ઇસ્લામ માં લાવી શકાય છે.

"والمؤلفة قلوبهم"

(જેઓના દિલ જીતવા જરૂરી હોય) માં શામીલ થાય છે.

જો કોઈ વ્યક્તિ પર દિયત ફરજ હોય અને તે ચુકવણીની ક્ષમતા ન ધરાવતો હોય, તો "وَالغَارِمِينَ" (કર્ઝમાં ગરક થઈ ગયેલા લોકો) ની હેઠળ ઝકાતમાંથી મદદ કરી શકાય, જેથી તે દિયત ભરી શકે.

"في الرقاب"

(ગુલામોને મુક્ત કરવું) ની ધારા હેઠળ, ઝકાતથી કેદીઓને મુક્ત કરવી અથવા તેમના ખર્ચ પૂરા કરવા માટે વાપરી શકાય.

ઝકાતના આઠ હક્કદારો વચ્ચે સમાન વહેંચણી કરવી જરૂરી નથી, પરંતુ હાકીમે શરઈની મરજી અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વહેંચી શકાય.

ઝકાત, માલ અને દૌલત વચ્ચેના ભાગમાં બાકી રહેવાનું કારણ છે.

ઝકાત, અલ્લાહની આપેલી નેઅમતો માટે એક અમલી શુક્ર છે.

ઝકાત, ગરીબો અને અમીરો વચ્ચેના દૂરીઓ, નફરત અને દુશ્મની ઘટાડે છે.

ઝકાત, સખાવત અને રહમત ની ભાવનાને જીવંત રાખે છે અને દુનિયાદારી છોડવામાં મદદ કરે છે.

ઝકાત, સમાજના જરૂરિયાતમંદો માટે જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરે છે.

ગરીબ માણસને કહેવામાં આવે છે: ચિંતિત ન થાઓ, દિવાળિઆ થયેલા વ્યક્તિને કહેવામાં આવે છે: ફરીથી પ્રયાસ કરો મુસાફરને કહે છે: સફરમાં અટવાઈ જવાથી ડરશો નહીં, કામદારોને કહે છે કે તારો હક સુરક્ષિત છે, ગુલામોને સ્વતંત્રતા આપવાની બશારત આપે છે, ઈલાહી ખિદમતમાં રોનક ઉમેરે છે અને ગેર મુસલમાનોને દિલોને ઇસ્લામ તરફ વાળે છે

જો ઝકાત ન આપવામાં આવે તો અલ્લાહની દુરી, પથ્થર જેવું હૃદય અને અય્યાશી ખૂબ વધી શકે છે અને સંપત્તિ પણ વધી જાય છે અને પરિણામ શુ આવે છે બીમારી આવી જાય છે હરામ અને હલાલ ભુલાઈ જાય છે અને દીન અને મઝહબ થી દૂરી થાય છે.

ઝકાત, ગરીબી દૂર કરવા ઉપરાંત, ઇસ્લામ તરફ  મોહબ્બત વધારે છે, અથવા ઓછામાં ઓછું, ઇસ્લામના દુશ્મનોને સહાય કરવા અટકાવે છે જે રીતે રિવાયતમાં ફરમાવ્યું છે કે જેમના ઈમાન નબળા હોય છે તેઓને માલ થી મદદ પૂરી પાડીને ઇસ્લામ તરફ આકર્ષીત કરો અને તેમનું ઈમાન મજબૂત કરો"

ઝકાત, જે ઇસ્લામી વ્યવસ્થાનો એક મનસૂબો ભાગ છે, સામાજિક ન્યાય, ગરીબીની ઉકેલ, કામદારોની જરૂરિયાતોને પૂરું કરવા, મોહબ્બત વધારવા, કેદી અને ગુલામોની મુક્તિ, લોકોને હિંમત આપવા, મુસ્લિમોની મજબૂત કરવા અને મેહફૂઝ રાખવા અને સામાન્ય ખિદમત માં વધારા નું કારણ બને છે

## ખુમ્સ

ખુમ્સ, રિવાયત અને શીઆ અકીદા પ્રમાણે સુરે અન્ફાલ આયત નંબર ૪૧ મુજબ, પ્રત્યેક પ્રકારની આવકને શામિલ કરે છે, ભલે વ્યાપાર દ્વારા હોય કે ધંધા થકી. ખુમ્સનું એક ઉદાહરણ આ આયતે શરીફા માં વર્ણવવામાં આવ્યું છે અને અન્ય સ્થાનો પર રિવાયતોમાં પણ વર્ણવાયું છે:

"وَاعْلَمُوا أَنَّمَا غَنِمْتُمْ مِنْ شَيْءٍ فَأَنَّ لِلَّهِ خُمُسَهُ"

રિવાયતોમાં ખુમ્સની ખૂબ જ મહત્વતા દર્શાવવામાં આવી છે, જેમ કે: જે વ્યક્તિ પોતાનું ખુમ્સ અદા નથી કરતો, તેનો માલ હલાલ નહીં ગણાય અને તેને તે ખર્ચવાનો અધિકાર નહીં હોય અને જે કપડાનું ખુમ્સ ચુકવવામાં આવ્યું નથી, તેમાં નમાઝ કબુલ થવી મુશ્કેલ છે

ફુક્હાએ સાત વસ્તુઓ પર ખુમ્સને વાજીબ ગણાવ્યું છે:

૧. કમાણીમાંથી પ્રાપ્ત નફો,

૨. ખાણો,

૩. ખજાનો

૪. દરિયાઈ ડૂબકી દ્વારા મળતું ધન,

૫. હલાલ માલ જે હરામ સાથે ભેગું થઈ જાય

૬. જે જમીન કાફિર ઝીમી મુસલમાનથી ખરીદે

૭. યુદ્ધમાં પ્રાપ્ત ગનીમત

આ સ્પષ્ટ છે કે અલ્લાહ તઆલા ને તમારા માલની જરૂરત નથી,

તેથી અલ્લાહનો હિસ્સો કાનુને ખુદાની હકૂમરાની અને વિલાયતે રસુલને ફેલાવવા, ઈસ્લામની અવાજને દુનિયા સુધી પહોંચાડવા, કમઝોરોને રાહત આપવા અને ફસાદ કરનાર ના ફસાદને અટકાવવા માટે છે

રિવાયતો મુજબ, અલ્લાહનો હિસ્સો પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ના ઇખતેયાર માં છે, અને નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ પછી, ઈમામ અલય્હિસ્સલામના અધિકારમાં છે,

ઈમામ અલય્હિસ્સલામ ની ગયબત ના ઝમાનામાં તેમના ખાસ નાએબ અથવા સામાન્ય નાએબ, એટલે કે જામેઅ મરજઅ તકલીદને (દીની કાર્યોની ફલાહ અને બેહબુદી માં ખર્ચ માટે) આપવામાં આવે છે.

ખુમ્સ નો બીજો ભાગ બની હાશીમના સાદાતમાંથી મિસ્કીન (ગરીબ) અને મુસાફરીમાં અટવાઈ ગયેલા લોકો માટે છે.

કારણ કે સાદાત પર ઝકાત લેવી હરામ છે, તેથી તેઓની જરૂરિયાતો ખુમ્સ દ્વારા પૂરી કરી શકાય.

હકીકતમાં, ઇસ્લામે સમાજમાંથી ગરીબી દુર કરવા માટે બે વસ્તુઓ ફરજિયાત કરી છે:

૧. ઝકાત, જે સમગ્ર સમાજના ગરીબો માટે છે,

2. અને ખુમ્સ, જેનો એક હિસ્સો ગરીબ સાદાત માટે છે.

ખુમ્સ અને ઝકાત આ ગરીબો માટે એક વર્ષના ખર્ચના પ્રમાણમાં આપવામાં આવશે તેનાથી વધુ નહીં.

# અગ્યારમો સબક,

## માઁ -બાપ

### માતા-પિતાની સાથે એહસાન

و قضى رَبُّكَ أَلا تَعْبُدُوا إِلَّا إِيَّاهُ وَبِالْوَالِدَيْنِ إِحْسَانًا إِمَّا يَبْلُغَنَّ عِنْدَكَ الْكِبَرَ أَحَدُهُما أَوْ كِلاهُما فَلا تَقُلْ لَهُمَا أُفٍّ وَلَا تَنْهَرْهُمَا وَقُلْ لَهُمَا قَوْلاً كَرِيماً وَ اخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ وَقُلْ رَبِّ ارْحَمْهُمَا كما ربياني صغيرا

અને તમારા પરવરદિગારનો હુકમ છે કે તમે બધા તેના સિવાય અન્ય કોઈની ઈબાદત ન કરો અને માતા-પિતાની સાથે એહસાન કરો. જો તેઓમાંનો કોઈ એક અથવા બંને વૃધ્ધાવસ્થાએ પહોંચી જાય, તો તેઓને "ઉફ" પણ ન કહો અને તેમને જડકારશો પણ નહીં. પરંતુ તેમના સાથે હંમેશા સન્માનપૂર્વક વાતચીત કરો. અને દયાળુ બની, નમ્રતાથી તેમના માટે તમારા ખંભા જુકાવી દેજો અને તેમના હક્ક માટે આ દુઆ કરતા રહો:

"અય મારા પરવરદિગાર! એ બંને ઉપર એવીજ તારી રહેમત નાઝિલ કર જેવી રીતે એ લોકો એ મારી ઉપર મારા બાળપણમાં મને ઉછેર્યો (પાળ્યા) છે".

માતા-પિતાની સાથે એહસાન કરવા અંગે હદીસોમાં ખૂબ જ તાકીદ કરવામાં આવી છે, અને તેમને તકલીફ પહોંચાડવાની મનાઈ કરવામાં આવી છે:

માતા-પિતાની તરફ રહેમત અને મહેરબાન નજરે જોવાનો સવાબ, એક મકબૂલ હજ જેટલો છે.

માતા-પિતાની ખુશી, અલ્લાહની રઝામંદીનું કારણ છે અને તેમની નારાઝગી, અલ્લાહની નારાઝગીનું કારણ બને છે.

માતા-પિતાની સાથે એહસાન કરવાથી ઝીંદગી લાંબી થાય છે અને તેના કારણે ઔલાદ પણ નેકી કરે છે.

હદીસોમાં ઉલ્લેખ છે:

"જો (માતા-પિતાએ) તમને માર્યું પણ હોય તો પણ તમે તેમને 'ઉફ' પણ ન કહો, તેમની સામે હાથ ઉંચો ન કરો, તેમના આગળ ન ચાલી જાઓ, તેમનું નામ ન લો (બગાડવા માટે), એવું કોઈ કામ ન કરો જેનાથી લોકો તેમને ગાળ આપે, તેમના પહેલા ન બેસો, અને તેમના માંગતા પહેલા તેમની મદદ કરો."

એક વ્યક્તિ પોતાની માતાને પીઠ પર બેસાડી તવાફ કરાવી રહ્યો હતો. જ્યારે તેની નજર પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ પર પડી, તો તેણે સવાલ કર્યો: "શું મેં મારી માતાનો હક અદા કરી દીધો?"

ત્યારે પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવ્યૂ:

"તૂ તો તારી પૈદાઈશ સમયે તારી માઁ ની એક દર્દનાક ચીસ નો પણ હક અદા કરી શક્યો નથી."

હદીસમાં જણાવવામાં આવ્યું છે:

"જો તમારા માતા-પિતા તમને મારે તો પણ તમે કહો: 'અલ્લાહ તમને માફ કરે, અને આ જ તે 'કૌલે કરીમા' છે."

પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ પાસે સવાલ કરવામાં આવ્યો:

"યા રસુલલ્લાહ! શું માતા-પિતાના મર્યા પછી પણ એમના સાથે એહસાન કરી શકાય?"

તો આપ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે: જી હાં, માતા-પિતાના માટે નમાઝો પડવી, તેમના માટે ઇસ્તેગફાર કરવું, તેમના વચનો અને વસીયત માનવા, તેમના કર્ઝો અદા કરવાં અને તેમના મિત્રોનો સન્માન કરવો આ બધું માતા-પિતાની સાથે એહસાન ગણાય છે.

એક વ્યકિત પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની સેવા માં તેના પિતાની ફરિયાદ કરવા આવ્યો.

આપે તેના પિતા ને બોલાવ્યા અને પૂછ્યું:

"શું વાત છે?"

તેના વૃદ્ધ પિતાએ જવાબ આપ્યો:

"એક સમય માં હું શક્તિશાળી અને ધનવાન હતો, અને હું મારા દિકરાની મદદ કરતો હતો. આજે તે ધનવાન છે, પણ મારી મદદ કરતો નથી."

આ સાંભળીને પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ રડી પડ્યા અને ફરમાવ્યું:

"ધરતી પર એવું કોઈ રેતીકણ કે પથ્થર નથી કે જે આ વાત સાંભળીને રડી ન પડે!"

પછી આપે તે પુત્રને ફરમાવ્યું:

તું અને તારી મિલકત બધું જ તારા પિતાનું છે.

માતા-પિતાની સાથે એહસાન કરવું એ નબીઓ ની ખાસિયતો માંથી એક છે.

જેમકે, હઝરત ઈસા અલય્હિસ્સલામ વિશે "وَبَرًّا بِوَالِدَتِي"

(મારી માતા સાથે ભલાઈ કરનાર)

અને હઝરત યહ્યા અલય્હિસ્સલામ વિશે "وَبَرًّا بِوَالِدَيْهِ"
(માતા પિતા સાથે ભલાઈ કરનાર)

જો માતા-પિતા ધ્યાન આપશે કે તેમનો ઉલ્લેખ તૌહિદે ઈલાહીના તુરંત પછી આવ્યો છે,
તો તેઓમાં પણ પોતાની સંતાનોને તૌહિદ તરફ બોલાવવા માટે વધુ પ્રયત્ન કરવાનો જઝ્બા પૈદા થાય છે.

આયતમાંથી મળતા મહત્વપૂર્ણ સંદેશો:

1. માતા-પિતાની સેવા કરવી, તેમના માટે ભલાઈ અને એહસાન કરવું એ સાચા મોમીન અને તૌહિદ પર ઈમાન લાવનારા લોકોની ઓળખ છે.
الا تعبدوا الا اياه وبالوالدين احساناً
(અલ્લાહ સિવાય બીજાની ઈબાદત ન કરો અને માતા-પિતાની સાથે એહસાન કરો.)

2. માતા-પિતાની સાથે નેકી અને એહસાન કરવાનો હુકમ, તૌહિદના હુકમની જેમ યકીની છે અને કદી રદ થવાનો નથી. (قضى)

3. માતા-પિતાની સાથે નેકી અને એહસાન કરવાનો હુકમ, તૌહિદ અને અલ્લાહની આજ્ઞાપાલનની સાથે વર્ણવવામાં આવ્યો છે, જેથી એ સ્પષ્ટ થાય કે આ કાર્ય એક અકલી રીતે

પણ વાજીબ છે અને ઈન્સાનની ફરજ અને શરઈ રીતે વાજીબ પણ છે .

(قضی ربک الا تعبدوا الا اياه وبالوالدين احساناً)

4. નવી પેઢી ઈમાનની છાંયામાં પોતાની અગાઉની પેઢી સાથે મજબૂત સંબંધ જાળવે.

(لا تعبدوا الا اياه وبالوالدين احساناً)

5. માતા-પિતાની સાથે એહસાન કરવા માટે, તેમનું મુસલમાન હોવું કોઈ શરત નથી. (بالوالدين احساناً)

6. માતા-પિતાની સાથે એહસાનમાં, માતા અને પિતાની વચ્ચે કોઈ ભેદભાવ નથી. (بالوالدين احساناً)

7. માતા-પિતાની સાથે નેકી અને એહસાન, કોઈ કારણ વગર અને પોતાના હાથે કરવાં જોઈએ. (بالوالدين احساناً)

8. એહસાન માં ફક્ત માલી મદદ નથી. એમાં પ્રેમ, આદર, તાલીમ, સલાહ, આજ્ઞાપાલન, શુક્ર અદા કરવો અને હિફાઝત જેવી બાબતો પણ શામીલ છે.

(بالوالدين احساناً)

9. માતા-પિતાની સાથે એહસાન માટે કોઈ નિશ્ચિત મર્યાદા નથી. (بالوالدين احساناً)

(ફકીરની જેમ નહી કે સેર થય જાય ત્યાં સુધી, કે જેહાદ ની જેમ નહી કે ફિતનો ખત્મ થય ત્યાં સુધી, અને રોઝા ની જેમ નહી કે ઇફતાર કરો ત્યાં સુધી) હેમશા માટે છે

૧૦. ભલાઈ અને એહસાન (ઉત્તમ વ્યવહાર) નો કુરઆની હુકમ સંતાનો માટે છે, માતા-પિતા માટે નહીં.

"وَبِالْوَالِدَيْنِ إِحْسَانًا"

(અને માતા-પિતાની સાથે એહસાન કરો).

૧૧. માતા-પિતાની બધીજ વસ્તુ માં મદદ કરો તેમના સાથે એહસાન કરવાની જરૂર છે.

"يَبْلُغَنَّ عِندَكَ الْكِبَرَ"

(જ્યારે તેઓ વૃદ્ધાવસ્થાને પહોંચી જાય).

૧૨. વૃદ્ધ માતા-પિતાને ઓલ્ડ એજ હોમ માં ન મોકલો, પણ તેમને પોતાના પાસે રાખો.

"عِندَكَ"

(તમે તેમની સાથે રહો).

૧૩. એહસાન જરૂરી છે અને સાથે નર્મ લહેજો અને શ્રેષ્ઠ વાણી પણ:

"إِحْسَانًا"

"وَقُلْ لَهُمَا قَوْلًا كَرِيمًا"

(અને તેમનાથી સ્નેહભરી વાણીમાં વાત કરો).

૧૪. માતા-પિતાની સાથે સારો વ્યવહાર કરવા માટે એ શરત નથી કે તેઓ તમારા પ્રત્યે નરમ હોય, પણ જો તેઓ કઠોર પણ હોય, તો પણ તમારે તેમના પ્રત્યે નરમાઈથી વર્તવું છે.

૧૫. સંતાન જે કોઈપણ હોદ્દા અને દરજ્જા પર હોય, માતા-પિતાની આગળ નમ્રતા દેખાડવી જોઈએ અને તેમના આગળ પોતાના વખાણ નહીં કરવાં.

"وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ"

(અને તેમના સમક્ષ નમ્રતાનો પાંખ વિસતાર).

૧૬. માતા-પિતાની સામે નમ્રતા મહોબ્બત અને દયાથી પેશ આવવું જોઈએ, દેખાડ માટે નહીં અથવા તેમના પાસે થી માલો દોલત લેવા માટે નહીં,

"وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ"

(દયાથી તેમના માટે નમ્રતાની પાંખ વિસતારો).

૧૭. માતા-પિતાની સામે સંતાનને નમ્ર રહેવું જોઈએ અને તેમના માટે અલ્લાહ પાસે દયા અને રહેમત ની દુઆ પણ કરવી જોઈએ.

"وَاخْفِضْ ... وَقُلْ رَبِّ ارْحَمْهُمَا"

(અને તેમના માટે નમ્રતા અપનાવો અને કહો: "અય મારા રબ! તેમના પર રહેમ કર").

૧૮. માતા-પિતા માટે સંતાનની દુઆ કબૂલ થાય છે. નહીં તો અલ્લાહ આ દુઆ કરવાનો હુકમ ન આપત.

"وَقُلْ رَبِّ ارْحَمْهُمَا" (કહો: "અય મારા રબ! તેમના પર રહેમ કર").

૧૯. માતા-પિતા માટે દુઆ કરવી, અલ્લાહના આદેશનું પાલન કરવું અને માતા-પિતાનો આભાર માનવાની નિશાની છે.

"وَقُلْ رَبِّ ارْحَمْهُمَا"

૨૦. અલ્લાહની રહેમત, માતા-પિતાએ આપેલી તકલીફો અને તેમના ત્યાગની ભરપાઈ છે.

"رَبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّيَانِي"

જેમ કે અલ્લાહ તઆલા સંતાનને કહે છે: "તમે પોતાના માતા-પિતા સાથે મહેરબાની અને સારું વર્તન કરવાનું છોડશો નહીં, અને મારી પાસે મદદ માંગો જેથી તમે તેમનો હક અદા કરી શકો".

૨૧. તમારા બાળપણની કઠિનાઈઓ અને તકલીફો ન ભૂલશો, જે તમારા માટે માતા-પિતાએ સહન કરી.

"كَمَا رَبَّيَانِي صَغِيرًا"

(જેમ કે તેઓએ તમને બાળપણમાં પાળ્યા).

૨૨. માતા-પિતાએ પોતાના સંતાનોની પરવરિશ પ્રેમ અને મહોબ્બતના આધારે કરવી જોઈએ.

"ارحمهما كما ربياني"

૨૩. માણસે પોતાના ઉછેર કરનારા (માતા-પિતા) નો આભાર માનવો જોઈએ.

"ارحمهما كما رباني"

૨૪. કુરઆનના વિવિધ સ્થળોએ માતા-પિતાની સાથે એહસાન કરવાની તાકિદ કરવામાં આવી છે:

જેમકે સૂરે બકરા, સૂરે નિસા, સૂરે અનઆમ, સૂરે બની ઇસ્રાઇલ માં

જ્યારે સૂરે લુકમાન માં માતા-પિતાની સાથે એહસાન (ભલાઈ અને સારું વર્તન) કરવાની ખાસ તાકીદ કરવામાં આવી છે.

એહસાન અલ્લાહનો (હુકમ) જાહેર માં કરવાનું કહેવામાં આવ્યું છે:

"وَوَصَّيْنَا الْإِنْسَانَ بِوَالِدَيْهِ"

(અમે માણસને તેના માતા-પિતાની સાથે એહસાન કરવાનો હુકમ આપ્યો).

હા, માતા-પિતાનો આદર (સન્માન) માનવીય હકોમાંથી એક છે, માત્ર ઇસ્લામિક હક નહીં. અને આ હક હંમેશા છે, તે ક્યારેક-ક્યારેક લાગુ થતું નહીં.

અને રિવાયતોમાં છે કે માતા-પિતાની સાથે એહસાન અને નેકી કરવી હંમેશા ફરજિયાત છે, ભલે તેઓ સારા હોય કે ખરાબ, જીવતા હોય કે વફાત પામેલા.

હદીસમાં પયગંબરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે: : "સૌથી ઉત્તમ કાર્ય અવ્વલ સમયે નમાઝ અદા કરવી અને પછી માતા-પિતાનો આદર કરવો છે."

કેટલીક હદીસો અનુસાર પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ અને હઝરત અલી અલય્હિસ્સલામ આ ઉમ્મતના પિતા છે.

"أنا وعلي أبوا هذه الأمة"

(હું અને અલી આ ઉમ્મતના પિતા છે.)

જ્યારે પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ના જીવનના અંતિમ દિવસો હતા અને આપ બીમાર હતા, ત્યારે આપે હઝરત અલી અલય્હિસ્સલામને ફરમાવ્યું: "લોકોના મધ્ય જાઓ અને ઉંચી અવાજમાં આ વાતો જાહેર કરો."

1. "અલ્લાહની લાનત છે તે સંતાન પર, જે તેના માતા-પિતાને પરેશાન કરે છે.

2. "અલ્લાહની લાનત છે તે ગુલામ પર, જે તેના માલિકને છોડી નાસી જાય."

3. "અલ્લાહની લાનત છે તે વ્યક્તિ પર, જે મજૂર ને તેની મજૂરી ન આપે."

"અલી! ‘આકે વાલદૈન’ (માતા-પિતા ને ત્યાગ) નો અર્થ ફક્ત શારીરિક માતા-પિતા સાથે ખરાબ વર્તન કરવાનો નથી, પણ તેનો અર્થ છે કે હું અને તમે આ ઉમ્મતના પિતા છીએ, અને જે આપણું આજ્ઞાપાલન નહીં કરે, તે આક કરી દેવામાં આવશે"

"હું અને તમે મોમીન માટે મોલા છીએ, અને જે આપણાથી દૂર જશે, તે અલ્લાહના ગુસ્સાનો હકદાર બનશે."

"હું અને અલી લોકોની હિદાયત માટે મોકલવામાં આવ્યા છીએ, અને જે આપણું માર્ગદર્શનને સ્વીકારશે નહીં, જે લોકો આપણો હક અદા કરતા નથી, અલ્લાહ તેમની પર લાનત કરે."

તમે જાણો છો કે માતા-પિતાની સાથે એહસાન (ભલાઈ) અને આજ્ઞાપાલનનો એક સામાન્ય અને પ્રખ્યાત અર્થ છે.

પરંતુ તમે આ ઘટનામાં જોયું કે ઇસ્લામિક સંસ્કૃતિમાં 'માતા-પિતા' નો અર્થ માત્ર શારીરિક માતા-પિતા સુધી મર્યાદિત નથી, પણ તેનો વિસ્તાર ઘણો વિશાળ છે."

## બારમો સબક,

## શુક્ર અને શુક્રગુઝારી

وَإِذْ تَأَذَّنَ رَبُّكُمْ لَئِنْ شَكَرْتُمْ لَأَزِيدَنَّكُمْ وَ لَئِنْ كَفَرْتُمْ إِنَّ عَذَابِي لَشَدِيدٌ

**"અને જ્યારે તમારાં પરવરદિગારે એ એલાન કર્યું કે જો તમે મારો શુક્ર અદા કરશો, તો અમે નેઅમતો માં વધારો કરશું. અને જો તમે નાશુક્રી કરશો, તો અમારો અઝાબ ખરેખર ખૂબ સખ્ત છે."**

**હઝરત ઈમામ સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે:**

**નેઅમતનો સાચો શુક્ર એ છે કે ગુનાહોથી બચવું. શુક્ર એ છે કે ઈન્સાને નેઅમતોને અલ્લાહ તરફથી સમજે (અને એમ ન માને કે તે પોતાની ચાલાકી,મહેનતથી મેળવેલ છે) અને જે કંઈ અલ્લાહે તેને આપ્યું છે, તેમાં રાજી રહે અને અલ્લાહની નેઅમતો ને ગુનાહોનું સાધન ન બનાવે તો તે સાચો શુક્ર છે અલ્લાહની નેઅમતોને અલ્લાહના રસ્તામાં વાપરો**

**ખુદાવંદે આલમની નેઅમતોની સામે શુક્ર બહુ નાની અને અસંતોષજનક વસ્તુ છે. જેમ કે સઅદી કહે છે:**

بنده همان به که ز تقصیر خویش عذر ورنہ سزاوار درگاه خدا آورد به خداوندیش کس نتواند که بجا آورد

**અલલાહનો સાચો બંદો એ છે જે ખુદાના દરબારમાં પોતાની ભૂલો માટે તૌબા કરે, નહીં તો ખુદાનો હક તો કોઈ પણ અદા કરી શકતું નથી.**

આપણે હદીસમાં વાંચીએ છીએ કે ખુદાવંદે તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલામ ઉપર વહી નાઝિલ કરી કે "મારા શુક્રનો હક અદા કર."

હઝરત મૂસાએ કહ્યું: "આ તો શકય નથી, કારણ કે દરેક શુક્રના શબ્દ પર બીજું એક શુક્ર લાઝમી થઈ જાય છે."

વહી થઈ કે "તારું આ સ્વીકારવું અને એ જાણવું કે બધી વસ્તુઓ મારી તરફથી છે, એ જ બેહતરીન શુક્ર છે."

લોકોનો શુક્ર અદા કરવો પણ ખુદાવંદે આલમનો શુક્ર છે. જેમ કે રિવાયતમાં છે:

"જે વ્યક્તિ મખલૂકનો શુક્ર અદા ન કરે, તેણે ખાલિકનો શુક્ર પણ અદા નથી કર્યો."

(من لم يشكر المنعم من المخلوقين لم يشكر الله)

જો ખુદાની નેઅમતોને હકની રાહ સિવાય અન્ય કંઈક માટે ખર્ચવામાં આવે, તો એ નેઅમતોની નાશુક્રી અને કુફ્રનો રસ્તો તરફ છે.

لئن كفرتم

અથવા બીજી આયતમાં ફરમાવાયું છે: "بدلوا نعمة الله كفراً"

"જેણે ખુદાની નેઅમતોને કુફ્ર સાથે બદલી નાખી."

## ખુદાવંદે આલમનો શુક્ર

ખુદાવંદે આલમને આપણા શુક્ર અને આપણી ઈબાદતની કોઈ જરૂરત નથી. ખુદાવંદે આલમ વારંવાર આ હકીકત તરફ ઇશારો ફરમાવે છે: "ખુદા તમારાથી બેનીયાઝ છે." પણ એ

આપણી તવજ્જોહ, આપણી જ ઇઝ્ઝત અને આપણી કામિયાબી માટે છે, જેવી રીતે સૂર્યને આપણી કોઈ જરૂર નથી, પણ આપણે આપણા ઘરોમાં તેના નૂરથી ફાયદો લઇ શકીએ છીએ.

ખુદાવંદે આલમે કુરઆને મજિદમાં અંબીયા અલય્હિસ્સલામ ની શુક્રગુઝારીની જઝબહની પ્રશંસા કરી છે. જેમ કે, હઝરત નૂહ અલય્હિસ્સલામ જેણે પોતાની પત્ની, પોતાના દીકરા અને લોકોને બેવફાઈ સામે સબ્ર અને ઇસ્તેકામત થી કામ લીધું. જેના કારણે, ખુદાવંદે આલમે તેમના શુક્રને યાદ કર્યું અને તેમને "શાકિર" ના નામે સમ્માન આપ્યું:

"كان عبداً شكورا"

ખુદાવંદે આલમે મોટા ભાગના લોકોની નાશુક્રીની ફરિયાદ કરી છે.

હાલાંકે, ખુદાના શુક્રની તૌફીક પણ અલ્લાહ તઆલા થી જ માંગવી જોઈએ, જેમ કે હઝરત સુલેમાન અલય્હિસ્સલામે અલ્લાહ પાસે આ રીતે દુઆ કરી હતી:

"رب اوزعنى ان اشكر نعمتك التي انعمت على"

("અવઝેઅની" એટલે કે, મને તારી નેઅમતોના શુક્રનો ઈલ્હામ અને તારા પ્રત્યે મોહબ્બત બક્ષ.")

આપણે મોટાભાગે એ નેઅમતોની કદર કરીએ છીએ જે રોજબરોજ આપણી આંખો સામે હોય અથવા જેનો આપણા જીવન સાથે સીધો સંબંધ હોય, પણ બીજી ઘણી નેએમતોમાંથી ગાફિલ રહી જઈએ છીએ. જેમ કે:

જે નેઅમતો આપણા પૂર્વજો થકી આપણને મળી છે.

જે અનેક આફતો અને બલાઓ થી દૂર રાખે છે.

રૂહાની નેઅમતો, જેમ કે - અલ્લાહ અને અવલીયાએ ઇલાહી ઉપર ઈમાન, અથવા કુફ્ર અને ફીસ્ક અને ગુનાહોથી નફરત જેવી નેઅમતો ને ભૂલી જઈએ છે જેના માટે ખુદા વંદે આલમ ફરમાવે છે:

"حبب اليكم الايمان و زينه في قلوبكم و كره اليكم الكفر والفسوق و العصيان"

"અલ્લાહ તમારા માટે ઈમાનને પ્રિય બનાવી દીધું અને તેને તમારાં દિલમાં શણગાર્યું છે, અને અલ્લાહ તમને કુફ્ર, ફીસ્ક, અને ગુનાહ ને તમારા માટે નાપસંદ કરાર આપ્યો છે"

અમે જે કંઈ બયાન કર્યું તે ઉપરાંત, આઇમ્મા-એ-માસૂમીન અલય્હિસ્સલામની દુઆઓમાં ઇલાહી નેઅમતો અને શુક્ર પર તવજ્જોહ આપવામાં આવી છે, જેથી ઇન્સાનમાં શુક્ર ગુઝારીનો જઝબો બેદાર રહે અને તે વધુ મજબૂત થાય.

અલ્લાહનો શુક્ર ક્યારેક જીભ થી થાય છે અને ક્યારેક અમલ અને કિરદાર (વ્યવહાર) થી.

આપણે એક હદીસમાં વાંચીએ છીએ:

"જ્યારે પણ ખુદાવંદે આલમની કોઈ નેઅમત યાદ આવે, તો તેના શુક્ર ના રૂપમાં જમીન પર સજ્દો કરો. જો તમે ઘોડા પર સવાર હો, તો ઊતરી જાવ અને શુક્ર નો સજ્દો કરો. જો ઊતરી ના શકો, તો પોતાનું માથું ઘોડાની લગામ પર રાખો. જો એ પણ શક્ય ન હોય, તો તમારું માથું હાથની હથેળી પર મૂકો અને અલ્લાહનો શુક્ર અદા કરો."

અમલી (વ્યવહારિક) શુક્રના કેટલાક ઉદાહરણો:

૧. નમાઝ:

"નમાઝ, શુક્રે ખુદા નું બેહતરીન ઉદાહરણ છે."

ખુદાવંદે આલમે પોતાના પયગંબરને ફરમાવ્યું:

"إِنَّا أَعْطَيْنَاكَ الْكَوْثَرَ فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ"

(સુરે કૌસર, આયત 1-2)

"અમે તમોને કૌસર અતા કરી છે, એટલે કે તેના શુક્રમાં નમાઝ કાયમ કર અને (અલ્લાહ માટે) કુરબાની કર."

૨. રોઝા:

" પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ખુદાવંદે આલમની નેઅમતોના શુક્રમાં રોઝા રાખતા હતા."

૩. લોકોની ખિદમત (સેવા):

કુરઆને કરીમમાં ખુદાવંદે આલમ ફરમાવે છે: જો કોઈ અજાણ માણસ કોઈ શિક્ષિત વ્યક્તિ પાસે કંઈ લખવાની વિનંતી કરે, તો તેને ના કરવી ન જોઈએ અને પોતાના જ્ઞાનના શુક્રના તરીકે તેનું પત્ર લખી દેવું જોઈએ.

"وَلَا يَأْبَ كَاتِبٌ أَنْ يَكْتُبَ كَمَا عَلَّمَهُ اللَّهُ"

"અને કોઈ લેખક અલ્લાહે તેને જે શીખવ્યું છે તે પ્રમાણે લખવા માટે ઈનકાર ન કરે."

આ હદીસમાં લોકોની એક સેવા તરીકે, અન્ય માટે પત્ર લખવું, જ્ઞાનની નેઅમત માટે શુક્ર ગણવામાં આવ્યું છે.

4. કંઇ પણ પ્રાપ્ત થવાથી સંતુષ્ટ (કનાઅત) રહેવું:

પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમે ફરમાવ્યું:

"كُنْ قَنِعًا تَكُنْ أَشْكَرَ النَّاسِ" (67)

"કનાઅત વાળો (સંતુષ્ટ) બની જા, તું લોકોમાં સૌથી વધુ શુક્રગુજાર બની જશે."

5. યતીમ સાથે મહોબ્બત કરવી:

ખુદાવંદે આલમે પોતાના પયગંબરને સંબોધીને ફરમાવ્યું:

"તમે યતીમ હતા, તો અમે તમને આશરો આપ્યો."

તેના શુક્ર માં

"فَأَمَّا الْيَتِيمَ فَلَا تَقْهَرْ"

"અગત્યે, યતીમ પર કઠોરતા ન કર."

6. ગરીબ અને જરૂરિયાતમંદોની મદદ:

ખુદાવંદે આલમે પોતાના પયગંબરને ફરમાવ્યું: તમે નિયાઝમંદ હતા અમે તમને ગની બનાવ્યા તો

તેના શુક્ર માં:

"وَأَمَّا السَّائِلَ فَلَا تَنْهَرْ" (સૂરે ઝોહા, આયત 10)

"ગરીબ અને માંગનારને ધિક્કારો નહીં"

7. લોકોનો શુક્રગુજાર બનવું:

ખુદાવંદે આલમે પોતાના પયગંબરને સંબોધીને ફરમાવ્યું:

ઝકાત અદા કરવા વાળાનો શુક્ર અદા કરો અને તેઓની તરગીબ માટે (અય પયગંબર) તેમની ઉપર દુરૂદ મોકલ, ખરેખર તારી દુઆઓ અને દુરૂદ તેમની માટે ચૈન અને શાંતિ છે."

"وَصَلِّ عَلَيْهِمْ إِنَّ صَلَاتَكَ سَكَنٌ لَهُمْ"

## પરેશાનીઓ પર શુક્ર

કુરાને મજીદમાં ફરમાવવામાં આવ્યું છે:

"عسى أن تكرهوا شيئاً وهو خير لكم وعسى أن تحبوا شيئاً وهو شر لكم"

"કદાચ તમે કોઈ વસ્તુને નાપસંદ કરો, જ્યારે તે તમારા માટે સારી હોય, અને કદાચ તમે કોઈ વસ્તુને પસંદ કરો, જ્યારે તે તમારા માટે ખરાબ હોય."

જો આપણે જાણીએ કે બીજાના દુઃખ-તકલીફો આપણાથી વધુ છે...

જો આપણે જાણીએ કે મુશ્કેલીઓમાં અલ્લાહ તરફ વધુ ધ્યાન જાય છે...

જો આપણે જાણીએ કે મુશ્કેલીઓ આપણું અહંકાર તોડી નાખે છે અને હૃદયની કઠિનતા દૂર કરે છે...

જો આપણે જાણીએ કે મુશ્કેલીઓ આપણે પરેશાન લોકોની યાદ અપાવે છે...

જો આપણે જાણીએ કે મુશ્કેલીઓ આપણા અંદર નવી સોચ અને સંશોધન કરવાની શક્તિ ઉત્પન્ન કરે છે...

જો આપણે જાણીએ કે મુશ્કેલીઓ, ભૂતકાળની નેઅમતોની કિંમત સમજાવે છે...

જો આપણે જાણીએ કે મુશ્કેલીઓ, ગુનાહો માટે કફ્ફારો બને છે...

જો આપણે જાણીએ કે મુશ્કેલીઓ, ઉભરી ને સવાબ મેળવવાનો કારણ બને છે...

જો આપણે જાણીએ કે મુશ્કેલીઓ, ક્યામત તરફ તવજ્જો દેનાર ઘંટડી છે...

જો આપણે જાણીએ કે મુશ્કેલીઓ આપણું સબ્ર પરખવા માટે કે સચ્ચા મિત્રોની ઓળખાણ બને છે...

જો આપણે જાણીએ કે આના કરતા પણ વધારે કઠિન પરિસ્થિતિ અને મોટી મુસીબત આવી શકી હોત, તો આ હાલની મુસીબતની જાહેરી કઠિનતાઓ પણ મધુરા બની જશે...

હા, જેમ એક બાળક માટે ખજૂર મીઠી લાગે છે અને ડુંગળી-મરચાં નાપસંદ હોય છે, પણ અનુભવી માતા-પિતા પોતાના બાળક માટે બંનેને ઉપયોગી માને છે અને જરૂરી સમજે છે.

હઝરત અલી અલય્હિસ્સલામે જંગે ઓહદમાં ફરમાવ્યું:
"જંગમાં ભાગ લેવા પર શુક્ર અદા કરવું પણ જરૂરી છે."

અને આપની બેટી જનાબે ઝૈનબ સલામુલ્લાહે અલય્હા બની ઉમૈયા ના ઝુલ્મ અને સીતમ સામે ફરમાવ્યું:

"અમે કરબલા માં સુંદરતા સિવાય કશુય જો્યું નથી." (ما رایت الا جمیلا)

# તેરમો સબક,

## પ્રાણીઓ અલ્લાહ ના હુકમ થી આપણી મદદ માટે છે

فَلَمَّا قَضَيْنَا عَلَيْهِ الْمَوْتَ مَا دَلَّهُمْ عَلَى مَوْتِهِ إِلَّا دَابَّةُ الْأَرْضِ تَأْكُلُ مِنسَأَتَهُ فَلَمَّا خَرَّ تَبَيَّنَتِ الْجِنُّ أَنْ لَوْ كَانُوا يَعْلَمُونَ الْغَيْبَ مَا لَبِثُوا فِي الْعَذَابِ الْمُهِينِ

પછી જ્યારે અમે તેમની (જનાબે સુલેમાન) મૃત્યુનો ફેસલો કર્યો, તો તેમની મૃત્યુ ની ખબર પણ જિન્નાતોને કોઈએ ન આપી, સિવાય એક દીમક કે જે તેમના લાકડાના દંડા ને ખાઈ રહી હતી. જ્યારે તેઓ જમીન પર પડ્યા, ત્યારે જિનાતોને સમજાયું કે જો તેઓ ગયબનું જ્ઞાન ધરાવતા હોત તો તેઓ આ સખ્ત અઝાબ ના કામમાં પડ્યા ના હોત.

કુરાન મજીદમાં વારંવાર પ્રાણીઓની ફરજો તરફ ઈશારો થયો છે. જેમકે:

1. (બની ઇસ્રાઇલની) ગાયનું એક ભાગ મરેલાને જીવિત કરે છે એટલે એ પોતાના કાતિલ વિશે કહી શકે.

ان الله يأمر أن تذبحوا بقرة (٧۴)

અલ્લાહ તમને હુકમ આપે છે કે એક ગાય કાપો.

.

૨. મકડી એ પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની ગુફા માં હિફાઝત કરી.

જો તમે મદદ ન કરો, તો અલ્લાહે તેમની મદદ કરી છે.

૩. કાગડો ઈન્સાનનો ઉસ્તાદ બન્યો.

فبعثه الله غرابا -

અલ્લાહે એક કાગડો મોકલ્યો

.

૪. હુદ હુદે સબાની જમીન માં મલિકા બિલ્કીસ ને હઝરત સુલેમાન અલય્હિસ્સલામ નો ખત પહોચાડ્યો.

(૭૭) - اذهب بكتابي هذا

મારું આ પત્ર લઈ જાઓ.

સુરે અન-નમલ.

.

૫. અબાબીલ, હાથીસવાર દુશ્મનને નષ્ટ કરવા માટે જવાબદાર બનાવયા.

(૭૮) - و ارسل عليهم طيراً ابابيل

અને અલ્લાહે તેમના પર ટોળે ટોળા પંખીઓ મોકલ્યા.

૬. સાપ, હઝરત મૂસા અલય્હિસ્સલામ ની હકીકત સાબિત કરવાનું કારણ બન્યું.

. "فَإِذَا هِيَ ثُعْبَانٌ مُّبِينٌ"

"અચાનક તે (લાકડી) એક સ્પષ્ટ સાપ બની ગઈ."

૭. માછલી, હઝરત યુનુસ અલય્હિસ્સલામની તંબીહ નું કારણ બની.

- فالقمه الحوت

અને માછલીએ તેમને ગળી લીધા.

૮- દિમક હઝરત સુલેમાન અલયહિસ્સલામ ની વફાત નો પતો આપ્યો.

(૮૧) - دابة الارض تأكل منساته

દાબ્બતુલ-અરઝ (દીમક) એ તેમની લાકડી ખાઈ નાખી.

૯. અસહાબે કહફનો કૂતરો, તેમની હિફાઝત માટે નિમાયો.

(૮૨) - و كلبهم باسط ذراعيه والوصيد

અને તેમનો કૂતરો દરવાજા પર પોતાના પગ વિસ્તરાવીને બેસેલો હ

૧૦. ચાર પંખીઓ (મોર, કબૂતર, મરઘી અને કાગડો) હઝરત ઇબ્રાહિમ અલયહિસ્સલામના સંતોષ નું કારણ બન્યા.

(૮૩) - فخذ اربعة من الطير

તમે ચાર પંખીઓ લો

૧૧. ગધેડો, હઝરત ઉઝૈર અલયહિસ્સલામના કયામત નું કારણ બન્યો.

(૮૪) - و انظر الى حمارک

અને તમારા ગધેડા તરફ જુઓ.

૧૨. હજમાં ઊંટ, ગાય અને ઘેટાં, અલ્લાહના નિશાનીઓમાં શામેલ થયા.

"وَالْبُدْنَ جَعَلْنَاهَا لَكُمْ مِن شَعَائِرِ اللَّهِ"

"અમે કુરબાનીના પશુઓને તમારા માટે અલ્લાહની નિશાનીઓમાંથી બનાવ્યા છે."

૧૩. ઊંટ, અલ્લાહની ઓળખાણનું સાધન બન્યું.

"أَفَلَا يَنظُرُونَ إِلَى الْإِبِلِ كَيْفَ خُلِقَتْ"

"શું તેઓ ઊંટ તરફ નથી જોતા કે તે કેવી રીતે બનાવાયો?"

૧૪. જાનવર, ઈન્સાનની પરીક્ષાનું સાધન બન્યા.

"تَنَالُهُ أَيْدِيكُمْ وَرِمَاحُكُمْ"

"તમે તેના સુધી હાથથી અને ભાલાથી પહોંચો."

૧૫. જાનવર, અલ્લાહનું મુઅજિઝા (ચમત્કાર) છે.

"هَذِهِ نَاقَةُ اللَّهِ"

"આ અલ્લાહની ઊંટણી છે."

૧૬. જાનવર, અલ્લાહના ગઝબ (ક્રોધ) અને અઝાબ (શિક્ષા) નું સાધન બન્યા.

"الْجَرَادَ، وَالْقُمَّلَ، وَالضَّفَادِعَ"

"ટીડ, જુઇઓ અને દેડકા (અઝાબ તરીકે મોકલાયા)."

# ૧૪મો સબક,

## ઇસ્લામમમાં મૂકદ્દસાત

### મુકદ્દેસાતનો એહતેરામ

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لا تَرْفَعُوا أَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ وَلَا تَجْهَرُوا لَهُ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ أَنْ تَحْبَطَ أَعْمَالُكُمْ وَأَنْتُمْ لَا تَشْعُرُونَ

ઈમાન વાળાઓ! ખબરદાર (નબી સાથે વાતચીત કરતી વખતે) તમારી અવાજને નબીની અવાજથી ઉંચી ન કરશો, અને ન તેમનાથી એ રીતે ઉંચી અવાજમાં વાત કરશો જેમ તમે એકબીજાને ઉંચી અવાજથી બોલાવો છો, નહીં તો (આ બેઅદબીના કારણે) તમારા અમલ બરબાદ થઈ જશે અને તમને તેનો અહેસાસ પણ નહીં થાય.

દુનિયામાં વિવિધ અકાએદ હોવા છતાં, લોકો પોતાના માઁ બાપ સાથે, મૌલાના નો ખાસ એહતેરામ કરે છે. તેમના નામ પર શહેરો, માર્ગો, યુનિવર્સિટીઓ, એરપોટ, મદરસા અને સંસ્થાઓના નામ રાખે છે. ઇસ્લામમમાં પણ અનેક વ્યક્તિઓના નામ, એટલેકે કેટલીક ખાસ જગ્યા મુકદ્દસ ગણવામાં આવ્યા છે.

ઈસ્લામમમાં બધીજ વસ્તુઓ મુકદ્દસ અને કરામત ના આધારે છે ખુદાવંદે આલમની ઝાત સાથે કેટલું જોડાયેલું છે, અને આ સંબંધ જેટલો વધુ હશે, તેટલી જ મુકદ્દસતા વધશે મુકદ્દસ વસ્તુઓ આ છે:

1 કુરઆન મજીદમાં ખુદા વંદે આલમની તસ્બીહ અને તકદીસ (પાકીઝગી) વિશે વારંવાર ઉલ્લેખ થયેલો છે. એટલે કે, આપણે

ખુદાવંદે આલમ માટે એવા આદર અને મુકદ્દસતા ના કાયલ હોવા જોઈએ કે જેમાં કોઈ પણ ખામી ન હોઇ. માત્ર એના જ ઝાત માટે નહીં, પરંતુ એના નામ પણ પવિત્ર અને મુકદ્દસ છે:

"سبح اسم ربک الاعلی"

2. કુરઆને-કરીમ: ખુદા વંદે આલમ ની તરફથી નાઝીલ થયેલ કુરઆને કરીમ પણ ખૂબજ મુકદ્દસ કિતાબ છે. ખુદા પોતે કુરઆન ને "અઝીમ" ગણાવે છે:

"وَإِنَّهُ لَقُرْآنٌ كَرِيمٌ"

આથી, આપણું પણ કર્તવ્ય છે કે આપણે કુરઆનની તઅઝીમ (સન્માન) કરીએ. જયારે ખુદા કુરઆન, ને "કરીમ" (મહાન) કહે છે, આપણે પણ તેની તકરીમ (એહતેરામ) કરવો જોઈએ. અને જયારે તે "મજીદ" (ઊચ્ચ રુતબે વાળું) ગણાવે છે, તો આપણે પણ તેની તમજીદ (પ્રશંસા) કરવી જોઈએ.

3. ઇલાહી રેહબર (અંબીયા અને તેમની ઔલાદ): તમામ અંબિયા અલય્હેમુસ્સલામ અને તેમના હકીકી જાનશીન ખાસ કરીને હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વ આલેહી વ સલ્લમ અને આપના અહલેબૈત અલય્હિસ્સલામ ને ઈસ્લામમાં એક ઉંચું રુતબો આપવામાં આવ્યું છે.

અને આ સુરા માં છેલ્લે આપ હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ના એહતેરામ નો એક ભાગ બયાન થયો છે.

આપની સામે તમારી અવાજ ઉંચી ના કરો, અને અલ્લાહના નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની આગળ ના વધો.

કુરઆને મજીદમાં નબીએ અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ  પર દરુદો સલામ મોકલવાનો હુકમ આપવામાં આવ્યો છે.

નબીએ અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની વફાત પછી પણ,

આપની ઝીયારત કરવી, આપના ખાનદાન એહલેબૈત અને આપના નાએબો (જાનશીનો) નો એહતેરામ (સન્માન) કરવો ફરઝ (જરૂરી) છે. અને ઈમામ પછી ફુકહા અને મરાજેઅ તકલિદ , જેઓ રિવાયતો (હદીસો) પ્રમાણે નબીએ અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ના નાએબ ગણાય છે. તેઓનો  એહતેરામ કરવો જોઈએ

જેમકે હદીસમાં આવ્યુ છે:

"જે વ્યક્તિ કોઈ આદિલ (ન્યાયી) ફકીહની વાત કબૂલ કરે, તો જાણો કે તેણે અહલેબૈત અલય્હિસ્સલામ ની વાત કબૂલ કરી. અને જે કોઈ તેમનો ઈન્કાર કરે, તો એણે અલ્લાહની વાતનો ઈન્કાર કર્યો."

 અંબિયા અલય્હેમુસ્સલામ સાથે તેમનાથી સંબંધિત વસ્તુઓ પણ મુકદ્દસ છે.

કુરઆને મજીદમાં લેખાયું છે કે:

"તે તાબૂત (સંદૂક), જેમાં હઝરત મૂસા અલય્હિસ્સલામ ને બાળપણમાં રાખીને દરિયામાં મુકી દેવામાં આવ્યા હતા અને પછી હઝરત મૂસા અલય્હિસ્સલામ અને આલે મૂસા (આપના પરિવાર)ની યાદગાર વસ્તુઓ માટે રાખવામાં આવ્યો, તે એટલો મુકદ્દસ હતો કે ફરિશ્તાઓ એને ઉઠાવતા હતા અને તે દુશમનો પર ગાલિબ (જીત) મેળવવા નું કારણ બનયુ હતું.

૪. ઈસ્લામમાં, વાલેદૈન (માતા-પિતા) ની ખુબ જ ઊંચી એહમિયત આપવામાં આવી છે.

કુરઆને મજીદમાં પાંચ વખત નમાઝ ની દાવત બાદ, માઁ બાપ સાથે એહસાન (ભલાઈ) કરવાનો તાકીદ કર્યો છે.

અને ઈસ્લામ માં માતા-પિતા ના શુક્રને અલ્લાહના શુક્ર સાથે જોડવામાં આવ્યું છે અને એમનો શુક્ર અદા કરવાનો તાકીદ કરવામાં આવી છે.

વાલેદૈન (માતા-પિતા) નો એહતેરામ (સન્માન) એટલો મહત્વનો છે કે, માતા-પિતા પર મહોબ્બત ભરી નજર પણ ઈબાદત ગણવામાં આવે છે. એમની અવાજથી તમારી અવાજ ઊંચી ના થવી જોઇએ અને એમને તકલીફ પહોંચાડતી મુસાફરી પણ હરામ છે. અને તેમાં નમાઝ સંપૂર્ણ પઢવી પડે છે કસર નથી પડવાની રહેતી.

૫. ઈસ્લામમાં કેટલીક જગ્યાઓ, સમય અને વસ્તુઓ પણ મુકદ્દસ (પવિત્ર) ગણાય છે, જેમ કે:

કેટલાક સમય: શબે કદ્ર

કેટલાક સ્થળો: મસ્જિદ, હજરે અસવદ

કેટલાક પાણીઓ: આબે ઝમઝમ

કેટલીક જમીનો: કરબલા ની ખાક

કેટલાક વસ્ત્રો: લિબાસે એહરામ

હઝરત મુસા અલયહિસ્સલામ એ વાદિએ મુકદ્દસ ના એહતેરામમાં પોતાના ચપ્પલ કાઢી નાખ્યા.

إِنِّي أَنَا رَبُّكَ فَاخْلَعْ نَعْلَيْكَ إِنَّكَ بِالْوَادِ الْمُقَدَّسِ طُوًى

"હકીકતમાં, હું તારો રબ છું ،તો તારા જૂતા ઉતારી નાખ ،તું પાક વાદીમાં છે."

મસ્જિદુલ હરામ એક મુકદ્દસ જગ્યા છે જ્યાં મુશ્રિક ને જવાનો હક નથી.

إِنَّمَا ٱلْمُشْرِكُونَ نَجَسٌ فَلَا يَقْرَبُواْ ٱلْمَسْجِدَ ٱلْحَرَامَ

"મશ્રિકો નજીસ છે ،તો એમને મસ્જિદે હરામની નજીક પણ નહીં આવવા દો."

ઇબાદત માટેની જગ્યાઓ અને મસ્જિદો મુકદ્દસ છે અને મસ્જિદમાં જાય ત્યારે પાકીઝગી અને સફાઈનું ધ્યાન રાખવું જોઇએ.

خُذُواْ زِينَتَكُمْ عِندَ كُلِّ مَسْجِدٍ

"પ્રત્યેક મસ્જિદમાં ઝીનત પાસે રાખો"

નાપાક વ્યક્તિ મસ્જિદમાં રોકાઈ નહીં શકે

وَلَا جُنُبًا إِلَّا عَابِرِى سَبِيلٍ

"અને જૂનુબ (નાપાક) ના બેસે, સિવાય કે પસાર થતો હોય"

ફતહે મક્કા (મક્કાની જીત) દરમિયાન, મક્કા ના મુશ્રીકો ટોળા ટોળા દાયરે ઇસ્લામમાં દાખલ થઈ રહ્યા હતા, ત્યારે અલ્લાહ તઆલાએ ફક્ત તસ્બીહ કરવાનો હુકમ આપ્યો:

"وَرَأَيْتَ ٱلنَّاسَ يَدْخُلُونَ فِى دِينِ ٱللَّهِ أَفْوَاجًا فَسَبِّحْ"

"અને (અય નબી!) જ્યારે તમે જુઓ કે લોકો ટોળા ટોળા અલ્લાહના ધર્મ (ઇસ્લામ) માં પ્રવેશી રહ્યા છે, તો તમે (અલ્લાહની) તસ્બીહ કરો".

પરંતુ જ્યારે પયગંબરે ઇસ્લામ ને "કૌસર" અતા કરવામાં આવી, ત્યારે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું:

"فَصَلِّ لِرَبِّكَ"

"તમારા રબ માટે નમાઝ અદા કરો".

એટલે કે, "કૌસર" ને અતા કરવું મુશ્રીકો ના ઈમાન લાવવા કરતાં પણ વધુ છે.

## પંદરમો સબક.

## હિજરત

### A દીન માટે હિજરત

وَمَا كَانَ الْمُؤْمِنُونَ لِيَنْفِرُوا كَافَّةً فَلَوْ لَا نَفَرَ مِن كُلِّ فِرْقَةٍ مِّنْهُمْ طَآئِفَةٌ لِّيَتَفَقَّهُوا فِى ٱلدِّينِ وَلِيُنذِرُوا قَوْمَهُمْ إِذَا رَجَعُوَا إِلَيْهِمْ لَعَلَّهُمْ يَحْذَرُونَ

"સાચા ઈમાન વાળા બધા માટે બહાર જવું જરૂરી નથી. તો પછી દરેક સમૂહ માંથી ઓછામાં ઓછી એક ટોળકી (જમાત) આવી નિકળે કે જે દિનની તફક્કુહ (સમજ) મેળવવાની કોશિશ કરે અને જ્યારે તેઓ પોતાનાં કૌમ પાસે પાછા ફરે, ત્યારે તેમને અલ્લાહના અઝાબ (શિક્ષા) થી ચેતવી શકે, કદાચ તેઓ ડરી જાય."

"દિનમાં તફક્કુહ" નો અર્થ એ છે કે ઈમાનદાર વ્યક્તિ પોતાને ઈસ્લામી અકીદા અને અહકામ ની ઊંડાણપૂર્વક સમજ મેળવવા માટે પ્રયત્નશીલ બનાવે.

ક્યારેક દિનમાં તફક્કુહ એ માટે હોય છે કે વ્યક્તિ ઇલ્મ (જ્ઞાન) અને મુબાહિસા (ચર્ચા) પ્રત્યે ખૂબ રસ ધરાવતો હોય, તો ક્યારેક તે માત્ર દિન અને જન્નતની પ્રાપ્તિ માટે હોય.

અને ઉમ્મતની નિજાત માટે હિજરત હોય છે

لِيُنْذِرُوا قَوْمَهُم

"તેઓ પોતાના સમુદાય કૌમને ચેતવી શકે."

જેમકે, હઝરત અમીરુલ મોમેનીન અલી (અલીહિસ્સલામ) એ પોતાના પુત્રને નસીહત આપતા ફરમાવ્યું :

"تَفَقَّهْ فِي الدِّينِ، فَإِنَّ الْفُقَهَاءَ وَرَثَةُ الْأَنْبِيَاءِ"

**(દિનમાં તફક્કુહ (સુંદર સમજૂતી) હાસલ કરો, કારણ કે ફુક્હા, એ નબીઓ ના વારસદાર છે).**

**હઝરત ઈમામ હુસૈન અલય્હિસ્સલામે શબે આશૂરા ના અલ્લાહ તઆલા ની હમદો સના કરતા કહ્યું:**

**"અલ્લાહ તઆલાનું શુક્ર છે કે તેણે અમને દિનમાં ફકીહ બનાવ્યા."**

**હઝરત ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામ ને કોઈએ પૂછ્યું:**

**"જો ઈમામ અલય્હિસ્સલામ માટે કોઈ આફત આવે, તો આ વાતમાં આમ લોકોની શું ફરજ છે?"**

**તો ઈમામ અલય્હિસ્સલામે આ આયત ની તિલાવત કરી:**

**"દરેક શહેર અને કબીલા માંથી કેટલાક લોકો ઈમામની ઓળખ માટે બહાર નીકળવા જોઈએ."**

**અટલે કે દરેક વિસ્તારમાંથી કેટલાક લોકો ઈસ્લામની ઓળખ અને દિનની તાલીમાત (ધાર્મિક શિક્ષણ) મેળવવા માટે ઈલ્મી મર્કઝો તરફ જાય અને પછી પોતાનાં વિસ્તારમા પાછા આવે અને લોકોને દિન શીખવે, જેથી દરેક જગ્યા પર પૂરતું ઈલ્મ વાળા લોકો હાજર હોય.**

**ઈમાન માટે હિજરત એક ફરજ છે**

હાં, ઈમાન માટે પણ હિજરત જરૂરી છે.

અને ક્યારેક દિનના દિફા (રક્ષણ) માટે હિજરત થાય છે.

ક્યારેક દિનની ઓળખ અને સમજ માટે હિજરત થાય છે.

આ સિદ્ધાંતને આધારે, દિનની તફક્કુહ અને પછી તે જ્ઞાન લોક સુધી પહોંચાડવું, ખાસ કરીને પોતાના વતનના લોકો સુધી પહોંચાડવું, એક ફરજ (વાજિબ કિફાઈ) છે.

હૌઝાતે ઈલ્મિયા માટે બે પ્રકારની હિજરત જરૂરી છે

1. પહેલી હિજરત – તાલીબે ઈલ્મ નું હૌઝાતે ઈલ્મિયા તરફ હિજરત કરવું (જ્યાંથી તેઓ દિનનું જ્ઞાન મેળવે).

2. બીજી હિજરત – તાલીબે ઈલ્મનું હૌઝા છોડી અન્ય શહેરો તરફ હિજરત કરવું, જેથી તેઓએ શીખેલું જ્ઞાન લોકોને પહોંચાડી શકે.

એટલા માટે, હૌઝાઓમાં ફક્ત મુઅલલિમ (શિક્ષકો) સિવાય અન્ય તાલિબોને હંમેશા રહેવું જરૂરી નથી.

ફીક્હ (ઈસ્લામી જ્ઞાન) નો હકીકી અર્થ ફક્ત ઈસ્લામી અહકામ શીખવા પૂરતું નથી, પરંતુ દરેક ઈસ્લામી ઊલૂમ

(જ્ઞાનના ક્ષેત્ર) માં બારીકીપૂર્વક તહકીક (શોધ), દીકત અને તફક્કુહ જરૂરી છે.

لِيَتَفَقَّهُوا فِي الدِّينِ

"તેઓ દિનની (ઈસ્લામી) સમજ વિકસાવે."

દીનમાં તફક્કુહ તે સમયે મહત્વપૂર્ણ બને છે જ્યારે ફકીહ પોતાના સમયથી માહિતગાર હોય, દુશ્મનના પ્રવેશ અને તેની ચાલાકીથી વાકેફ હોય, જેથી તે જનતાને ખતરા અંગે સચેત કરી શકે. તેથી એક નિષ્ણાત ઇસ્લામિક આલિમ ની વાતો પર ભરોસો કરી શકાય.

لِيَتَفَقَّهُوا --- وَلِيُنْذِرُوا

એ શક્ય છે કે કોઈ વિસ્તારમાં માત્ર એકજ આલિમ હોય, તો આવી સ્થિતિમાં તેની એકલી માહિતી હુજ્જત ગણાય.

આલિમોને લોકો પાસે જવું જોઈએ અને તેમની તરફથી આમંત્રણ મળવા માટે રાહ જોવી જોઈએ નહીં. رَجَعُوا إِلَيْهِم.

અને એ આશા પણ રાખવી નહીં કે જનતા તેમની દરેક વાતને સ્વીકારી લેશે, કારણ કે કેટલાક લોકો ક્યારેય દીન અને અલ્લાહના રસ્તા પર નહીં આવે. لَعَلَّهُمْ يَحْذَرُونَ

## B પયગંબર અકરમની ઐતિહાસિક હિજરત

إِنَّ الَّذِينَ آمَنُوا وَهَاجَرُوا وَجَاهَدُوا بِأَمْوَالِهِمْ وَأَنْفُسِهِمْ فِي سَبِيلِ اللَّهِ وَ الَّذِينَ آوَوْا وَ نَصَرُوا أُولَئِكَ بَعْضُهُمْ أَوْلِيَاء بَعْضٍ وَالَّذِينَ آمَنُوا وَلَمْ يُهَاجِرُوا مَا لَكُمْ مِنْ وَلَا يَتِهِمْ مِنْ شَيْءٍ حَتَّى يُهَاجِرُوا

બેશક જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે હિજરત કરી અને અલ્લાહના માર્ગમાં પોતાના ધન અને જાનથી જહાદ કર્યું અને જેમણે શરણ આપ્યું અને મદદ કરી, તેઓ પરસ્પર એકબીજાના વલી (મિત્ર અને સહાયક) છે. અને જેમણે ઈમાન લાવ્યું પરંતુ હિજરત કરી નહીં, તેમના સાથે તમારું કોઈ સંબંધ નથી જ્યાં સુધી તેઓ હિજરત ન કરે.

મક્કા ના મુશ્રીકો, પયગંબર અકરમ અને મુસલમાનોને સતાવતા રહ્યા અને દરરોજ આ જુલ્મમાં વધારો થતો ગયો. અંતે તેમણે એક ગૂઢ ષડયંત્ર ગૂંથ્યું કે દરેક જાતિમાંથી એક વ્યક્તિ મળીને પયગંબર ને મારી નાંખે, જેથી ઇસ્લામની મૂળથી ઉખેડી નાખી શકાય.

પયગંબર ને આ ષડયંત્રની ખબર પડી, ત્યારે હઝરત અલી અ.સ. ની જાનફિશાની દ્વારા હિજરતની તૈયારીઓ થઈ. રાતોરાત પયગંબર ઘરેથી નીકળી ગયા અને રબીઉલ અવ્વલના આરંભમાં ત્રણ દિવસ સુધી ગુફા માં છુપાયા. ત્યાં એક અજાયબી ભર્યા મોજીઝા દ્વારા સુરક્ષિત રહ્યા, અને આ સમયગાળામાં ફક્ત હઝરત અલી અ.સ. જ તેમની માટે ખોરાક લઈ જતા.

છેવટે પયગંબરે હઝરત અલી અ.સ. ને આદેશ આપ્યો કે બધા મુસલમાનો મદીના તરફ હિજરત કરે અને પોતાના પરિવાર સાથે લાવે. પયગંબર  પોતે મદીનાની તરફ રવાના થયા. આશરે 400 કિલોમીટરનું અંતર કાપ્યા પછી 12 રબીઉલ અવ્વલ ના રોજ તેઓ કુબા નામની જગ્યા ઉપર પંહોચ્યા.

થોડા વખતમાં બાકીના બધાં મુહાજિરીન (હિજરત કરનારાઓ) પણ મદીના પંહોચી ગયા. મદીના ના લોકોએ (અન્સાર) મહાજિરીનનું ખૂબ જ સારું સ્વાગત કર્યું. ત્યાર પછી યસરબનું નામ "મદીનતુન્નબી" અને "મદીનાતુર રસૂલ" તરીકે ઓળખવામાં આવવા લાગ્યું.

આ પ્રસંગે પયગંબર અકરમે મુહાજિરીન અને અન્સાર વચ્ચે ભાઈચારું અને એકતાનું બંધારણ બાંધી અખોઅત (ભાઈચારું)નો કરાર કરાવ્યો. આ જ સમયે મસ્જિદે કુબા ની સ્થાપના થઈ, અને ત્યાર પછી મસ્જિદે નબીનું બાંધકામ શરૂ થયું.

મુહાજિરિન તે લોકો હતા જેઓ મક્કામાં પયગંબર ખુદા પર ઈમાન લાવ્યા હતા, પરંતુ તેમને ત્રાસ આપવામાં આવ્યો હતો, જેના કારણે તેમણે પોતાના ઘરો અને સંપત્તિને ત્યજી દીધી અને પયગંબર અકરમ સાથે હિજરત કરી. અન્સારે મદીના તે મુસલમાનો હતા જેઓ પયગંબર અકરમ અને મુહાજિરિનને આશરો આપ્યો અને શકય તેટલી મદદ પૂરી પાડી.

સામાન્ય રીતે, કોમો પોતાની સામાજિક, વૈજ્ઞાનિક અને ધાર્મિક જીંદગીમાં થયેલા મહત્ત્વના ઘટનાઓને એક નવો વળાંક માને છે, અહીં સુધી કે તેને પોતાની ઈતિહાસની શરૂઆત માની લે છે. ઉદાહરણ તરીકે, ઈસાઈઓ માટે હઝરત ઈસા ની પેદાઈશ વર્ષની શરૂઆત ગણાય છે, અને અરબો માટે "આમુલ ફિલ" (જે વર્ષ અબ્રહાના લશ્કરે મક્કા પર હુમલો કર્યો હતો) નવા વર્ષની શરૂઆત તરીકે ગણવામાં આવે છે.

ચોક્કસપણે, દીને ઈસ્લામ બધા આસમાની ધર્મો કરતાં સૌથી સંપૂર્ણ અને સ્વતંત્ર છે, તેથી મુસલમાનોએ હઝરત ઈસાની

પેદાઈશને વર્ષની શરૂઆત નથી માન્યું, અને આમુલ ફિલને પણ તેમની તિથિ માટે આધાર તરીકે સ્વીકાર્યું નથી અને એ વર્ષ પયગંબર અકરમ ની પેદાઈશનું હતું. આ જ રીતે બેઅસતે રસુલ અકરમ પણ ઇસ્લામી વર્ષ માટે શરૂઆત તરીકે ન માની.

પરંતુ જ્યારે પયગંબર અકરમ મદીના હિજત કર્યા અને ત્યાં આઝાદ ઇસ્લામી સરકારની સ્થાપના કરી, જ્યાં મુસલમાનોને મુક્તપણે પોતાના ધર્મના કાર્યો કરવા મળી રહ્યા હતા, ત્યારે હિજરત ને ઇસ્લામી કેલેન્ડર માટે આધાર બનાવવામાં આવ્યો.

જેવી રીતે આયાતે શરીફા

المسجد أسس على التقوى من اول يوم احق ان تقوم فيه

આ આયત મસ્જિદ કૂબાની નિર્માણ વિશે છે, જેમાં " من اول يوم" (સૌથી પહેલા દિવસથી) નો વાક્ય હિજરી વર્ષની શરૂઆત તરફ ઈશારો કરે છે, કારણ કે પયગંબર અકરમ જ્યારે મદીના હિજરત કરી પહોંચ્યા, ત્યારે પહેલું કામ મસ્જિદ કૂબાની સ્થાપના કરવાનો હતો.

પયગંબર અકરમ  ના સમયગાળા દરમિયાન બે હિજરત થઈ:

1. પહેલી હિજરત: બેસતના પાંચમાં વર્ષે , કેટલાક મુસલમાનો હબશા તરફ હિજરત કર્યાં.

2. બીજી હિજરત: બેસતના તેરમા વર્ષે, મક્કાથી મદીના તરફ પયગંબર અકરમ  અને અન્ય મુસલમાનો હિજરત કર્યાં.

## હિજરતના ફાયદા અને બરકતો:

આજકાલ વધારે પડતી મુશ્કેલીઓ એ આરામદાયક જીવનશૈલી અને ઉપયોગી હિજરત ન કરવાના કારણે આવે છે.

જો તમામ મુસલમાન વિજ્ઞાનીઓ, લોકોએ પશ્ચિમ દેશો છોડી, અને તેમના પોતાના મુસ્લિમ દેશોમાં પાછા જાય, તો તે દુશ્મનો પર મોટો પ્રહાર થશે અને ઈસ્લામ અને ઈસ્લામી દેશો મજબૂત બનશે

હિજરત ફક્ત પયગંબર અકરમ માટે વિશેષ નહોતી, પરંતુ શિરક, કૂફ્ર અને પાપભર્યા વાતાવરણથી બચવા, ઈમાન બચાવવા, અને અલ્લાહની આજ્ઞાની નાફરમાનીથી બચવા હિજરત કરવી ફરજિયાત છે.

જેમકે કુરઆન કહે છે,

"كنا مستضعفين فى الارض"

"અમે ધરતી પર કમજોર હતા"

"قالوا الم تكن ارض الله واسعة فتهاجروا فيها"

અલ્લાહ ની ધરતી વ્યાપક હતી, તો તમે હિજત કેમ ન કરી?

"مستضعفين"

(કમજોર) શબ્દ પરથી એ સમજાય છે કે,

જો " અમ્ર બિલ મઅરૂફ" અને "નહી અનિલ મુનકર" (બુરાઈ રોકવી) શક્ય હોય, તો તે કરવું જોઈએ અને સમાજને તેના હાલ પર છોડી દેવું નહીં સમાજમાં સુધાર કરવો જરૂરી છે.

હિજરતનું મહત્વ:

ઈમામ જાફર સાદિક અલયહિસ્સલામ ઇરશાદ ફરમાવે છે:

"اذا عصى الله فى ارض انت فيها، فاخرج منها الى غيرها"

(બિહારુલ અન્વાર, ૭૫:૩૮૯)

"જો તમે એવી જમીન પર રહો જ્યાં અલ્લાહની અવગણના અને પાપ થાય, તો એ જગ્યા છોડી દો અને બીજી જગ્યા જાઓ."

તેથી, જ્ઞાન મેળવવા અને બીજા લોકો સુધી જ્ઞાન પહોંચાડવા માટે પણ હિજરત જરૂરી છે.

# સોળમો સબક

## તફસીર સૂરે કદ્ર

إِنَّا أَنْزَلْنَاهُ فِي لَيْلَةِ الْقَدْرِ وَمَا أَدْرَاكَ مَا لَيْلَةُ الْقَدْرِ لَيْلَةُ الْقَدْرِ خَيْرٌ مِنْ أَلْفِ شَهْرٍ -
تَنَزَّلُ الْمَلَائِكَةُ وَالرُّوحُ فِيهَا بِإِذْنِ رَبِّهِمْ مِنْ كُلِّ أَمْرٍ - سَلَامٌ هِيَ حَتَّى مَطْلَعِ الْفَجْرِ

**(સૂરે કદર 1-5)**

**બેશક અમે તેને (કુરઆનને) શબે કદ્રમાં નાઝીલ કર્યું છે. અને તમે શું જાણો છો કે શબે કદ્ર શું છે? શબે કદ્ર હજાર મહિનાઓ કરતાં શ્રેષ્ઠ છે. આ રાતે મલાએકા અને રૂહુલ કુદુસ તેમના પરવરદિગારની ઇજાઝતથી દરેક હુકમ લઈને ઝમીન પર ઉતરે છે. આ રાત ફજ્ર (સવાર) સુધી સંપૂર્ણ સલામતી છે.**

**કદ્ર શબ્દનો અર્થ:**

**કુરઆને પાકમાં "કદ્ર" શબ્દ જુદા-જુદા અર્થમાં વપરાયો છે:**

**1. મકામ અને મરતબા જેમ કે અલ્લાહ તઆલા ફરમાવે છે:**

"وما قدروا الله حق قدره"

**(અલલાહ ની જેમ કદર અને અઝમત થવી જોઈએ તેમ ન થઇ અને ન ઓળખ્યા).**

**2. તકદીર (નસીબ અને નિર્ણયો) – જેમ કે ફરમાવ્યું:**

"وَمَن قَدِرَ عَلَيْهِ رِزْقُهُ"

**(જેનું રિઝ્ક અને રોઝી તંગ થઈ )**

શબે કદ્ર એક બરકતભરી રાત:

આ રાત બે મુનાસેબત રોશન છે. શબે કદ્ર એક ઐશ્વર્યભરી રાત છે અને તકદીર નક્કી થવાની રાત છે. આ રાતે એક વર્ષ માટેનાં તમામ હુકમો નક્કી થાય છે, જેમ કે કુરઆને પાકમાં ફરમાવ્યું:

"فِيهَا يُفْرَقُ كُلُّ أَمْرٍ حَكِيمٍ"

(આ રાતે હિકમતભર્યા તમામ હુકમો નક્કી થાય છે).

શબે કદ્ર ફક્ત ત્યારે જ નથી જ્યારે કુરઆન નાઝીલ થયું અને રસુલ નો સમય હતો, પણ દરેક રમઝાનમાં આવી રાત આવે છે, જેમાં આગામી એક વર્ષ માટેના તમામ હુકમો નક્કી થાય છે.

શબે કદ્રમાં ઈબાદતની તાકિદ:

હઝરત પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ અને એહલેબૈત (અલયહિસ્સલામ) દ્વારા શબે કદ્રમાં જાગવાની, દોઆઓ, નમાઝ અને તિલાવતે કુરઆનની ખાસ તાકિદ થઈ છે. ત્રણેય શબે કદ્ર માં ત્રીજી શબે કદ્ર વિશે વધુ ભાર મૂકાયો છે.

કોઈએ પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ  ને પૂછ્યું કે અમે મદીના થી દૂર રહીએ છીએ, તો અમને એક રાત નિશ્ચિત કરી દો જેથી અમે મદીના આવી શકીએ. ત્યારે પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ  એ ફરમાવ્યું: "23મી રાતે મદીના આવી જાવ".

હઝરત ઇમામ જાફર સાદિક અલય્હિસ્સલામ બીમાર હતા તો પણ 23 મી રાતે મસ્જિદ માં જવાનું કહ્યું અને બીમારી ની હાલતમાં પણ મસ્જિદ ગયા. એવીજ રીતે જનાબે ફાતેમા ઝહરા સલામુલ્લાહે અલયહા પણ પોતાના બાળકોના મોઢા ઉપર પાણી નાખી અને તેઓને જગાડી રાખતા હતા.

રિવાયતોમાં છે કે આ રાતે પયગંબરે અકરમ માહે રમઝાન ના છેલ્લા દસ દિવસે પોતાનુ બિસ્તર સમેટી લેતા અને આખી રાત ઈબાદત કરતા રહેતા.

અમે પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની એક લાંબી હદીસમાં પડીએ છીએ : હઝરત મૂસા અલય્હિસ્સલામ એ ખુદાવંદે આલમની બારગાહમાં અર્ઝ કરી:

"أنا أريد قربك" –

"અય પરવરદિગાર! હું તારી કુરબત માં આવવા ઈચ્છું છું."

જવાબ મળ્યું:

"قربی لمن استيقظ ليلة القدر" –

"મારો કુરબત તને મળશે જો શબે કદ્રની રાતે જાગી ઈબાદત કર."

અર્જ કરી: " પરવરદિગાર! હું તારી રહમતનો તલબગાર છું."

જવાબ મળ્યું:

"رحمتِي لِمَن رحم المَسَاكِينَ لِيلَةَ الْقَدْرِ" –

"મારી રહમત (દયા) તને મળશે જો શબે કદ્રની રાતે મસ્કીન (ગરીબ) પર રહેમ કરે."

અર્જ કરી: "અય પરવરદિગાર! હું પુલે સીરાત પર સરળતાથી પસાર થવાની ઈચ્છા રાખું છું."

જવાબ મળ્યું:

"ذلك لِمَن تَصدِّقَ بِصدقة ليلة القدر" –

"જે શબે કદ્રમાં સદકા આપ, તે પુલે સીરાત પાર કરી શકશે."

અર્જ કરી: "અય પરવરદિગાર! હું જન્નત અને તેની નેઅમતોની ઈચ્છા રાખું છું."

જવાબ મળ્યું:

"ذلك لِمَن سبّح تسبيحه في ليلة القدر" –

" શબે કદ્રની રાતે તસબીહ કર તને મળશે"

અર્ઝ કરી: "અય પરવરદિગાર! હું દોઝખની આગથી નજાત (છુટકારો) માંગું છું.

જવાબ આવ્યો:

: "ذلك لمن استغفر في ليلة القدر" –

"દોઝખથી મુક્તિ જોવે તો શબે કદ્રની રાતે ઈસ્તિગફાર (અલ્લાહ પાસે માફી માંગ)."

અંતમાં કહેવામાં આવ્યું:

"خدايا! أنا أريد رضاك" –

"અય પરવરદિગાર! હું તારી રઝા (ખુશી) ઈચ્છું છું."

જવાબ મળ્યું:

"رضاي لمن صلى ركعتين في ليلة القدر" –

"મારી રઝા (ખુશી) તને મળશે જો શબે કદ્રની રાતે બે રકાત નમાઝ અદા કર."

ઇતિહાસમાં એક અદ્ભુત ઘટના એ છે કે શબે કદ્રની પવિત્ર રાતે, મેહરાબે ઇબાદત અને નમાઝના સમયે, હઝરત અલી અલય્હિસ્સલામ ના મુબારક માથા પર ઝરબત (વાર) થયો.

હા! સૌથી અશરફ (ઉચ્ચ) શખ્સ, સૌથી અશરફ મકાન, સૌથી અશરફ સમય, અને સૌથી અશરફ સ્થિતિ (સજદા) માં શહીદ કરવામાં આવ્યા.

શબે કદ્ર ની મુદત સંપૂર્ણ ૨૪ કલાક છે અને તે માત્ર કોઈ ખાસ સ્થળ, જેમ કે મક્કા કે મદીના ની રાત (૮ કલાક) માટે મર્યાદિત નથી, જસ્ટ જેમ કે ઈદુલ ફિત્ર નો દિવસ પણ સમગ્ર ૨૪ કલાક માટે છે, જેમાં તમામ વિસ્તારોનો સમાવેશ થાય છે.

માનવજીવન માટે શબે તકદીર અને કુરઆનના નઝૂલ ની રાત એક હોવી કદાચ એ તરફ ઈશારો કરે છે કે વ્યક્તિની તકદીર કુરાને કરીમ સાથે જોડી છે.

જો આપણે કુરઆને કરીમ સાથે જોડાયેલા રહીએ, તો સઆદત (સુખ-સમૃદ્ધિ) અને ખુશનસીબી પ્રાપ્ત કરી શકીએ, અને જો કુરઆનથી દુર રહીએ, તો તકદીર બદનસીબી અને શકાવત (દુર્ભાગ્ય) તરફ દોરી જાય છે.

હઝરત અબૂઝર રેહમતુલ્લાહે અલય્હે કહે છે:

"મેં રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની ખિદમતમાં અર્ઝ કરી: ‘ક્યાં ભૂતકાળના અંબીયાઓ (નબીઓ)ના સમયમાં પણ શબે કદ્ર હતી? શું એ રાતે અમ્ર નાઝીલ થતો હતો ? અને જ્યારે તે અંબીયા આ દુનિયાથી

ચાલ્યા જતા, તો પછી એ શબે કદ્ર માં અમ્ર નાઝીલ થતો કે નહીં?'"

તો રસૂલ-એ-અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે:

"શબે-કદર હંમેશા થી છે અને કયામત સુધી રહેશે."

શક્ય છે કે શબે કદ્રમાં છુપાયેલી રાખવાનો હિકમત ભર્યો રાજ એ હોય કે લોકો ત્રણેય રાતોમાં ઇબાદત કરે.

જે વ્યક્તિ માત્ર એક રાતમાં શબે કદ્રની ઇબાદત કરી એ ઘમંડી ન બને, અને જે વ્યક્તિ કોઈ એક રાત ચૂકી જાય, તે બીજી રાતોમાં ઇબાદત કરીને નિરાશ ન થાય.

રિવાયત મુજબ: "શબે કદ્રમાં કોઈ પણ નેક અમલ, અન્ય 1000 મહીનાના નેક અમલ કરતા શ્રેષ્ઠ છે." (119)

શબે કદ્રની રાતે તકદીર લખાય છે, અને તે ફરિશ્તાઓના નુઝૂલ (ઉતરવા) દ્વારા થાય છે:

"تَنَزَّلُ الْمَلَائِكَةُ مِنْ كُلِّ أَمْرٍ" –

"ફરિશ્તાઓ દરેક હુકમ લઈને ઉતરે છે."

આ સૂરાહમાં "સલામ" નો અર્થ શબે કદ્રની રાતે અલ્લાહ તઆલાનું ખાસ લુત્ફ (મહેરબાની) અને કરમ (દયા) છે, જે સાથે સલામતી, રહમત અને બરકત હોય છે.

આ રાતમાં બદનસીબી અને અઝાબનો દરવાજો બંધ હોય છે, કારણ કે તેમાં શયતાનના વસવસાઓ અને ચાલાકીઓ અસરકારક નથી હોતી.

શબે કદ્રની રાતે ફરિશ્તાઓ જમીન પર ઉતરે છે અને દરેક ઈબાદતગૂજાર પુરુષ અને સ્ત્રીને સલામ કહે છે.

જેમ કે કયામતના દિવસે પણ જન્નતી લોકોને સલામથી વધાવવામાં આવશે:

"سلام عَلَيْكُمْ طِبْتُمْ فَادْخُلُوهَا خَالِدِينَ" –

"તમારા પર સલામતી હોય, તમે પવિત્ર બન્યા, હવે જન્નતમાં પ્રવેશ કરો, જ્યાં તમે હંમેશા રહેશો."

કુરઆને કરીમ મુજબ ફરિશ્તાઓના ખાસ વિશેષતા

1. ફરિશ્તાઓ, અલ્લાહ તઆલાના મુકર્રમ બંદાઓ છે:

"بَلْ عِبَادٌ مُكْرَمُونَ" –

"તેઓ અલ્લાહના મોકરમ બંદા છે."

2. ફરિશ્તાઓ નિર્દોષ (માસૂમ) છે અને હંમેશા અલ્લાહની ઇતા'અત (આજ્ઞાપાલન) કરે છે.

لا يعصون الله ما امرهم ويفعلون ما يؤمرون

3. જુદા જુદા કામોની યોજના (તદબીર) ફરિશ્તાઓની જવાબદારી છે:

"فالمدبرات امراً، فالمقسمات امراً" –

"જેમણે વિવિધ કાર્યોની તદબીર અને વહેચણી માટે નિયુક્ત કરવામાં આવ્યા છે."

**4. તેઓ માણસોની બોલચાલ અને શબ્દો પર નજર રાખે છે:**

**"ما يلفظ من قول" –**

**"માણસ જે પણ શબ્દ બોલે છે તે લખવામાં આવે છે."**

**5. દુનિયાના લોકોના કાર્યો (અમલ) લખે છે:**

**"ورسلنا لديهم يكتبون" –**

**"અમારા મોકલેલા ફરિશ્તાઓ બધું લખે છે."**

**6. જંગ અને જેહાદ કરતા લશ્કરોને ખુશખબર આપે છે:**

**"بجنود لم تروها" –**

**"તમે જ નહીં જોઈ શકો, તે સૈન્યથી અમે તમારી મદદ કરીએ છે."**

**દુઆ કબૂલ થવાની અને ઔલાદ ની ખુશખબર આપે છે:**

**"انا نبشرك بغلام اسمه يحيى" –**

**"અમે તને દીકરાની ખુશખબર આપી રહ્યા છીએ, તેનું નામ યહ્યા હશે."**

**મોમિનોને મૃત્યુ સમયે શાંતિભર્યા સમાચાર આપે છે:**

**"الاتخافوا ولا تحزنوا" –**

**"ભય ન રાખો અને ગમ ના કરો."**

**7. ગુનાહગારો પર અઝાબ (સજા) લાવવાની ફરજ બજાવી લાવે છે:**

**"لما جائت رسلنا لوطأسيء بهم" –**

"જ્યારે અમારા ફરિશ્તાઓ હઝરત લૂત અ. ના ગામમાં આવ્યા, ત્યારે તેમને ચિંતા થઈ."

8. ઇન્સાનની હિફાઝત (સુરક્ષા) માટે ફરિશ્તાઓ નિમાયા છે:

"يُرسل عليكم حفظہ" –

"અલ્લાહ તમારું રક્ષણ કરવા માટે ફરિશ્તાઓ મોકલે છે."

9. મોમીનો ની માટે દુઆ કરે છે અને તેમની માફી માટે અરજ કરે છે:

"ويستغفرون للذين آمنوا" –

"તેઓ ઈમાન વાળાઓ માટે માફી (ઇસ્તિગફાર) માંગે છે."

10. ફરિશ્તાઓ શફાઅત પણ કરે છે:

" وكم من ملك فى السموات لا تغنى شفاعتهم شيئاً الا من بعد ان ياذن الله لمن يشاء ويرضى" –

"આકાશમાં કેટલાય ફરિશ્તાઓ છે, પણ તેમની શફાઅત કંઈ કામ નહીં આવે, જ્યાં સુધી અલ્લાહ પોતાની મરજી અને રઝાથી ઇજાઝત ના આપે."

11. કાફીરો પર ફરિશ્તાઓ લાનત મોકલે છે:

"أولئك عليهم لعنة الله و ملائكة والناس" – "તેઓ પર અલ્લાહ, ફરિશ્તાઓ અને તમામ ઈન્સાનોની લાનત છે."

12. જંગના મેદાનમાં મોમીનો ની મદદ માટે ઉતરે છે:

"ان تصبروا وتتقوا ___ يمددكم بخمسة الاف" –

"જો તમે સબ્ર અને તક્વા રાખશો, તો અલ્લાહ તમને પાંચ હજાર ફરિશ્તાઓ દ્વારા મદદ કરશે."

**13. ગુનાહગારોને મૃત્યુ સમયે ચેતવણી આપે છે:**

"توفتهم الملائكة يضربون وجوههم و ادبارهم" –

"જ્યારે તેઓનું મોત આવે છે, ત્યારે ફરિશ્તાઓ તેમની ચહેરા અને પીઠ પર મારે છે."

**14. જન્નતમાં જનારાઓનું સ્વાગત કરે છે:**

"سلام عليكم بما صبرتم" –

"શાંતિ અને સલામતી તમારે માટે છે, કારણ કે તમે સબ્ર કર્યો."

**15. દોઝખમાં અઝાબ (સજા) આપવાના જવાબદાર છે:**

"عليها تسعة عشر" –

"ત્યાં 19 ફરિશ્તાઓ સજા આપવા માટે નિયુક્ત છે."

**16. જીવ આત્મા (રૂહ) કબ્જ (કાઢી) લે છે:**

"توفته رسلنا" –

"અમારા ફરિશ્તાઓ તેની આત્મા કબ્ઝ કરે છે."

**17. ફરિશ્તાઓના અલગ અલગ દરજાઓ  છે:**

"مامنا الا له مقام معلوم" –

"અમારા દરમિયાન બધા માટે એક નિશ્ચિત દરજો છે."

**18. વહી (અલ્લાહનો સંદેશ) ઉતારવાનો કાર્ય કરે છે:**

"ينزل الملائكة بالروح" –

"ફરિશ્તાઓ રૂહ લઈને ઉતરે છે."

19. કેટલીક વાર માણસના સ્વરૂપમાં દેખાય છે:

"فتمثل لها بشراً سويا" –

"તે (ફરિશ્તો) સંપૂર્ણ સ્વસ્થ મનુષ્ય તરીકે પ્રગટ થયો."

20. ઈબાદત કરવામાં કદી થાકતા નથી:

"يسبحون ... وهم لا يستمون" –

"તેઓ અલ્લાહની તસ્બીહ કરે છે અને કદી થાકતા નથી."

21. અંબીયા (નબીઓ) સિવાય અન્ય લોકો સાથે પણ વાત કરે છે:

"انما انا رسول ربک لاهب لک غلاماً" –

"હું તારા રબનો ફરિશ્તો છું, જે તને દીકરાની ખુશખબર આપે છે."

22. અલ્લાહના કેટલાક ફરિશ્તાઓ ખાસ પસંદ કરવામાં આવ્યા છે:

"الله يصطفى من الملائكة" –

"અલ્લાહ ફરિશ્તાઓમાંથી ખાસને પસંદ કરે છે."

23. ફરિશ્તાઓ પર ઈમાન લાવવું ફરજ છે:

"والمومنون كل آمن بالله و ملائكته وكتبه ورسله" –

"તમામ ઈમાનવાળાઓ અલ્લાહ, તેના ફરિશ્તાઓ, કિતાબો અને રસુલ પર ઈમાન લાવે છે."

અને જે અલ્લાહ, તેના ફરિશ્તાઓ, કિતાબો પર ઈમાન નથી લાવતો, તે ગુમરાહ થઈ જાય છે:

"و من يكفر بالله و ملائكته و كتبه و رسله فقد ضل ضلالاً بعيداً" –

"અને જે અલ્લાહ, તેના ફરિશ્તાઓ, કિતાબો અને રસૂલનો ઇનકાર કરે છે, તે ગંભીર ગુમરાહીમાં પડી જાય છે."

રિવાયતોમાં કહેવામાં આવ્યું છે કે, જો કોઈ ઈમામતનો ઇનકાર કરે, તો તેની સામે સૂરતુલ કદ્ર દ્વારા દલીલ આપો. કારણ કે આ સૂરા અનુસાર, ફરિશ્તાઓ દર વર્ષે શબે કદ્ર માં ઉતરે છે. અને પયગંબર ના સમયમાં તેઓ પયગંબર પર નાઝીલ થતા હતા.

રસુલ પછી ફરિશ્તાઓ કોના ઉપર ઉતરે છે?

આ સ્પષ્ટ છે કે કોઈ અલ્લાહના મુકરબ ફરિશ્તાઓનું મહેમાન બની શકે એમ નથી. પયગંબરની જેમ માસૂમ હોવું જોઈએ.

જેમ કે ઈસ્લામમાં વિલાયત એક ખાસ હસ્તી માટે મુકરર કરવામાં આવ્યું છે, અને તે ઇમામે માસૂમ સિવાય બીજુ કોઈ થઈ શકતું નથી.

આજના સમયમાં એ હસ્તી હઝરત મહદી અલયહિસ્સલામ છે, અને શબે કદ્રમાં ફરિશ્તાઓ તેમના સમક્ષ હાજર થવા માટે નાઝીલ થાય છે.

# સત્તરમો સબક

## તકદીર = નસીબ

### ખુદાની મુકરર કરેલી તકદીરોના પ્રકાર

يَمْحُوا اللهُ مَا يَشَاء وَيُثْبِتُ وَ عِنْدَهُ أُمُّ الْكِتَابِ

ખુદાવંદ જે ઈચ્છે તે મટાવી શકે છે અને જે ઈચ્છે તે લખી શકે છે, "ઉમ્મુલ કિતાબ" ફક્ત તેની પાસે જ છે.

આયતો અને રિવાયતોના આધારે ઈલાહી મુકદ્દરાત ના બે પ્રકારની છે:

A) હંમેશા માટે હિતવાળા કામો અને તેમના કાયદાઓ પણ હંમેશા માટે છે, જેમ કે આ પવિત્ર આયત:

مَا يُبَدَّلُ الْقَوْلُ لَدَيَّ

"મારા વચનમાં કોઈ ફેરફાર થતો નથી।"

وَكُلُّ شَيْءٍ عِندَهُ بِمِقْدَارٍ

"અને અલ્લાહની પાસે દરેક વસ્તુ ચોક્કસ હિસાબ અને માપ મુજબ છે।"

આ પ્રકારની તકદીરો લૌહે મહફૂઝ માં લખાયેલી છે.

આ માહિતી અલ્લાહ પાસે અને કફત અલ્લાહ ના ખાસ બંદાઓ પાસે હોય છે

બ) ગૈર હતમી કામો અને તેની મસલેહત અને તેમની હિતો માણસ ના વચન અને કર્મ પર આધાર રાખે છે,

જેમ કે ગુનાહોથી તૌબા કરવી, જેથી માફી મળે છે,

અથવા સદકા આપવો, જેથી આફતો દૂર થાય છે,

અથવા જુલ્મ અને અત્યાચાર, જેથી ફસાદ અને બુરાઈના વધે છે અને આ થકી અલ્લાહનો ગુસ્સો અને અઝાબ ઉતરે છે.

અલ્લાહ તઆલા ની ખીલકત નો સિસ્ટમ બંધાયેલો નથી

પરંતુ અપાર જ્ઞાન અને હિકમત હેઠળ, પરિસ્થિતિઓના બદલાય છે અને નિયમોમાં ફેરફાર કરે છે.

આ સ્પષ્ટ છે કે આ ફેરફાર અલ્લાહની અજ્ઞાનતા અથવા પસ્તાવાને લીધે નથી,

પરંતુ આ ફેરફાર હિકમતના આધારે અને પરિસ્થિતિઓના બદલાવને કારણે થાય છે

અથવા આ હુકમની મુદ્દત પૂરી થવાને લીધે થાય છે.

કુરઆને મજીદમાં આ અંગે ઘણાં ઉદાહરણો આપવામાં આવ્યા છે, જેમ કે:

"ادْعُونِي أَسْتَجِبْ لَكُمْ"

"તમે દુઆ કરો, હું તેને કબૂલ કરીશ".

માનવ દુઆ અને ગિડગિડાટ દ્વારા પોતાનો મસલેહત મેળવી શકે છે અને પોતાની તકદીર બદલી શકે છે.

"لَعَلَّ اللَّهَ يُحْدِثُ بَعْدَ ذَٰلِكَ أَمْرًا"

"કદાચ અલ્લાહ પછી કોઈ નવો હુકમ જારી કરે".

અલ્લાહનો કાનૂન હંમેશા એકસમાન સ્થિર નથી, ક્યારેક પરિસ્થિતિઓ પ્રમાણે નવો હુકમ લાવી શકે છે.

"كُلَّ يَوْمٍ هُوَ فِي شَأْنٍ"

"અલ્લાહની દરરોજ એક શાન હોય છે".

"فَلَمَّا زَاغُوا أَزَاغَ اللَّهُ"

"જ્યારે તેઓ ગુમરાહી નો રસ્તા ઉપર ચાલવા લાગ્યા, ત્યારે અલ્લાહે પણ તેમની હિદાયત છોડી દીધી".

وَلَوْ أَنَّ أَهْلَ الْقُرَىٰ آمَنُوا وَاتَّقَوْا لَفَتَحْنَا عَلَيْهِم بَرَكَاتٍ

ઈમાન અને તકવા દ્વારા અલ્લાહનો ગુસ્સો દયા અને બરકતમાં ફેરવી શકાય છે.

إِنَّ اللَّهَ لَا يُغَيِّرُ مَا بِقَوْمٍ حَتَّىٰ يُغَيِّرُوا مَا بِأَنفُسِهِمْ

અલ્લાહ કોઈ કોમ ની તકદીર બદલતો નથી જ્યાં સુધી તેઓ પોતાને ન બદલે.

إِلَّا مَن تَابَ وَآمَنَ وَعَمِلَ عَمَلًا صَالِحًا فَأُولَـٰئِكَ يُبَدِّلُ اللَّهُ سَيِّئَاتِهِمْ حَسَنَاتٍ

જે લોકો તૌબા કરે, ઈમાન લાવે અને સારા કામ કરે, તો અલ્લાહ તેમની ખરાબીઓને સારા અમલમાં બદલી નાખે છે.

إِنْ عُدْتُّمْ عُدْنَا

જો તમે પાછા ફરશો (ગુનાહ તરફ), તો અમે પણ (સજા તરફ) પાછા ફરશું.

અલ્લાહનુ જ્ઞાન અને ઇલ્મ હંમેશા વાળું છે અને બધાજ પરિણામો તેના નિયમ હેઠળ હોય છે,

અને તેની માટે શરતો રાખી છે,

જો તમે અમુક કારણ અપનાવશો, તો પરિણામ આવું આવશે, અને જો બીજું અપનાવશો, તો બીજું પરિણામ આવશે.

બદાઅ શું છે?

શીઆ મુજબ, બદાઅ નો અર્થ એ છે કે કોઈ વસ્તુ એવી જાહેર થાય જેના વિરુદ્ધ અમારી અપેક્ષા હોય, ન કે ઈલ્મે ઇલાહી માં ફેરફાર થવો અથવા અલ્લાહ માટે કોઈ નવી વસ્તુ પ્રગટ થવી. તેથી, "બદાઅ" નો અર્થ આપણી જેહાલત છે અલ્લાહ ની તકદીર માં ફેરફાર નથી.

ખિલકત માં "બદાઅ" એટલે "નસ્ખ" ની જેમ છે,

જેમ કે કોઈ કાયદા કે હુકમને જોઈને અમે તેને કાયમી માની લઈએ, પણ સમય પછી તે બદલાઈ જાય.

હા, આ બદલાવ પસ્તાવા અથવા કાયદો બનાવનારની અજ્ઞાનતાને કારણે નથી. બલ્કે તે જરૂરી છે

આ કાયદામાં ફેરફાર અલ્લાહની અજ્ઞાનતા કે પસ્તાવાને કારણે નહીં, પણ પરિસ્થિતિઓના બદલાવને કારણે થાય છે,

જેમ કે એક હકીમ (ડોકટર) દર્દીના હાલત મુજબ એક દવા લખે, પણ જો તેનું સ્વાસ્થ્ય બદલાય, તો નવી દવા લખે છે.

કુરઆને મજીદમાંથી "બદાઅ" ના ઉદાહરણ:

1. અમે સમજી રહ્યા હતા કે અલ્લાહ તઆલાએ હઝરત ઇબ્રાહીમ અલચ્હિસ્સલામને પોતાના પુત્રનું કુર્બાન કરવાનો હુકમ આપ્યો, અને એનો અર્થ હઝરત ઈસ્માઈલ

અલય્હિસ્સલામ ની કુરબાની અને તેમના લોહી વહાવાનો હતો.

પરંતુ પછી ખબર પડી કે અલ્લાહે માત્ર હઝરત ઈબ્રાહીમ અલય્હિસ્સલામ ની પરીક્ષા લેવા માટે આ હુકમ આપ્યો હતો, હઝરત ઇસ્માઈલ અલય્હિસ્સલામ નો કતલ ઈચ્છતો ન હતો.

2. અમે હઝરત મૂસા અલય્હિસ્સલામ સાથે અલ્લાહના વચન મુજબ સમજતા હતા કે મુનાજાત (અલ્લાહ સાથે ગુફ્તગૂ) માટે 30 રાતો નક્કી હતી:

"وَوَاعَدْنَا مُوسَىٰ ثَلَاثِينَ لَيْلَةً"

પરંતુ પછી ખબર પડી કે શરૂઆતથી જ 40 રાતો નક્કી હતી, પરંતુ અલ્લાહે તેને પરીક્ષણ માટે બે ભાગોમાં વહેંચ્યું - પહેલા 30 અને પછી 10 રાતો.

3. અમે સમજી રહ્યા હતા કે મુસલમાનોનું કાયમી કિબ્લા બૈતુલ મુક્કદ્દસ હશે, પરંતુ કિબ્લાની બદલાવ અંગેની આયતો ઉતર્યા પછી ખબર પડી કે કાયમી કિબ્લા ખાને કાબા છે.

4. જ્યારે (કૌમે યુનુસ પર) અલ્લાહના ગુસ્સા અને અઝાબની નિશાનીઓ નાઝીલ થઈ, ત્યાં સુધી કે હઝરત યૂનુસ અલય્હિસ્સલામ પણ એ બાબતમાં નિશ્ચિત થઈ ગયા કે અઝાબ અવશ્ય આવશે,

فَلَمَّا آمَنُوا كَشَفْنَا عَنْهُمْ عَذَابَ الْخِزْيِ

"પરંતુ જ્યારે તેઓ ઈમાન લાવ્યા, ત્યારે અમે તેમની પરથી અઝાબ દૂર કરી દીધું".

"બદાઅ" નો સાચો અર્થ

સાચા અર્થમાં "બદાઅ" નો મતલબ અલ્લાહ માટે ઇલ્મ અને જ્ઞાનમાં ફેરફાર થવો નથી.

કારણ કે અલ્લાહ પહેલેથી જ જાણતો હોય છે:

પરંતુ હાલાત અને ઈલાહી હુકમો એવા દેખાતા હતા કે માનવ એનો બીજો અર્થ કાઢે.

છેલ્લે અલ્લાહના ઇલ્મ માં કોઈ ફેરફાર થયો નહીં, પણ આપણને એક નવી વસ્તુ જોવા મળી.

"બદાઅ" ના તરબીયતી

માનવ જીવનના અંતિમ તબક્કામાં પણ પરિસ્થિતિઓ બદલાઈ શકે છે, જે આશા અને ભરોસાને વધારે છે. માનવ માત્ર જાહેરી પરિસ્થિતિઓમાં ફસાઈ નહીં જાય, ગેબ અને અલ્લાહની કુદરતો ઉપર ઈમાન મજબૂત થાય.

તૌબા, સદકા, મુનાજાત અને દુઆ દ્વારા, માણસ ઈલાહી અઝાબ અને આફતોને બદલવા માટે પ્રયાસ કરી શકે છે.

## અઢારમો સબક

## એહલેબૈત અલય્હેમુસ્સલામ

**આયતે તતહીર**

إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا

**"બસ અલ્લાહનું ઇરાદો એ છે કે તે તમો એહલેબૈત થી દરેક પ્રકારની નાપાકી અને બુરાઈને દૂર રાખે અને તમને એવા પાકીઝા કરાર આપે કે જેમ પાક અને પાકીઝા રાખવાનો હક છે."(સૂરે અહઝાબ, આયત 33)**

**"إنما"**

**નો શબ્દ એ વાતનો ઇશારો કરે છે કે આ મુબારક આયત એહલેબૈત અલય્હેમુસ્સલામ માટે એક વિશિષ્ટ લુત્ફ અને કરમ દર્શાવે છે.**

**"يريد"**

**નો અર્થ છે અલ્લાહનું તકવીની ઇરાદો કારણ કે અલ્લાહ તઆલાનું તશરીઈ ઇરાદો તો બધા મુસલમાનોને પાક થવાનો છે માત્ર એહલેબૈત અલય્હેમુસ્સલામ માટે નહીં.**

**"رجس"**

**નો અર્થ છે દરેક પ્રકારની ઝાહેરી અને બાતેની નજાસત.**

**એહલેબૈતનો અર્થ પયગંબરનો આખો પરિવાર નથી,**

પરંતુ તેમાંથી ખાસ એવા પાક વ્યકિતઓનો ઉલ્લેખ છે, જેનો નામ શીઆ અને સુન્ની રીવાયતો માં સ્પષ્ટ છે. આ પાક વ્યક્તિઓ છે: હઝરત અલી, હઝરત ફાતેમા, હઝરત હસન અને હઝરત હુસૈન અલય્હિસ્સલામ.

પ્રશ્ન: તો આ પાક વ્યક્તિઓમાં જ આ આયત નો ઈશારો હોવાની શું દલીલ છે? અને શા માટે આ આયત પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની બધી પત્નીઓ અથવા સમગ્ર પરિવાર માટે નથી?

પહેલો જવાબ:

રીવાયતોમાં પયગંબરની પત્નીઓ – પણ ખાસ કરીને આયશા અને જનાબે ઉમ્મે સલમાહ – દ્વારા વર્ણવવામાં આવ્યું છે કે તેઓએ પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ને પૂછ્યું:

"શું અમે પણ એહલેબૈત માં શામીલ છીએ?"

તો પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમે ફરમાવ્યું : "નહીં."

બીજો જવાબ:

ઘણી રીવાયતો માં છે કે પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમે આપ હઝરાત ઉપર પોતાની ચાદર ઓઢાડી અને ફરમાવ્યું:

"આ મારા એહલેબૈત છે."

આ દરમિયાન બીજાને ચાદર નીચે આવવાની મંજૂરી નહોતી આપવામાં આવી.

ત્રીજો જવાબ:

પયગંબરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ અમુક સમય સુધી દરરોજ સુબહની નમાઝના સમયે હઝરત ફાતેમા ઝહરા સલામુલ્લાહે અલય્હા ના દરવાજા પાસે આવીને ફરમાવતા:

"અસ-સલાત, યા અહલલ બૈત!"

પછી આ આયતની તિલાવત કરતાઃ

"إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا"

કિતાબ એહકાકુલ હકમાં 70 થી વધુ સુન્ની કિતાબો માંથી આ હકીકત નકલ થઈ છે કે આ આયત માત્ર પંજેતને પાક માટે છે. અને એહલે સુન્નત ની મશહુર કિતાબ શવાહિદુત્તનઝીલ માં આ વિષય પર 130 રીવાયતો બયાન  કરેલ છે.

આ આયત માં પયગંબરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની પત્નીઓ શામીલ નથી કારણકે:

- તેઓ ક્યારેક ગુનાહ અંજામ આપેલ હતા

સૂરે તહરીમ માં અલ્લાહ તઆલાએ એ વાતનો ઉલ્લેખ કર્યો છે કે:

પયગંબરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમે પોતાની કેટલીક પત્નીઓ ને એક રાઝની વાત જણાવી, પરંતુ તેમણે તેને છુપાવ્યું નહીં અને બીજાઓને કહી દીધી.

કુરઆન એ કામને ગૂનોહ ગણાવીને ફરમાવે છે:

"إن تتوبا إلى الله فقد صغت قلوبكما"

(અર્થ: "હવે તમે તૌબા કરો કે તમારા દિલમાં કજી પૈદા થઈ ગય છે

આયશા દ્વારા જંગ જમલ માં ભાગ લેવો:

આયશા જેઓ પયગંબરની  પત્ની હતા, તેમણે હઝરત અલી અલય્હિસ્સલામ સામે જંગે જમલમાં હિસ્સો લીધો. ભલે પછી એ શરમિંદા થયા પણ

આ જંગમાં ઘણા મુસલમાનો શહીદ થયા.

"يطهركم"

નો અર્થ શું છે? તેનો મતલબ એ નથી કે પહેલા એહલેબૈત માં બુરાઈ જોવા મળતી હતી અને અલ્લાહે તેમને પાક કરી દીધા?"

જવાબ:

"يطهركم"

તતહીર માટે શર્ત એ નથી કે પેહલા એ વસ્તુ માં બુરાઈ જોવા મળે કારણકે ખુદા વંદે આલમે કુરઆનમાં જન્નતની હુરોં માટે પણ "مطهّرة" (પાક) શબ્દ વપરાયો છે,

જ્યારે હુરો કયારેય નાપાક રહી નથી.

તેમજ "يطهركم" નો અર્થ પાક રાખવું છે.

જો આ આયત ખાલી પંજેતન માટે છે, તો શા માટે એ પત્નીઓ વિશેની વાતચીત ના મધ્યમાં આ આયત આવી છે?"

જવાબ:

A) "انما يريد الله

 વાક્ય સંપૂર્ણપણે અલગ રીતે નાઝીલ થયું છે, પરંતુ કુરઆનને એકઠું કરતી વખતે તેને અહીં રાખવામાં આવ્યું છે.

B) તફસીર મજમઉલ બયાન મુજબ અરબના વક્તા અને કવિઓની પરંપરા હતી કે તેઓ સામાન્ય વાતોમાં નવું અને મહત્વપૂર્ણ મફહૂમ રજૂ કરતા, જેથી તે વધુ અસરકારક બને. ઉદાહરણ તરીકે ટીવીની ખબર વાંચતો વ્યક્તિ અચાનક કહે કે "હમણાં જ મારા હાથમાં નવી ખબર આવી છે કૃપા કરીને ધ્યાન આપો" – તો આવી વાતો વધુ ધ્યાન ખેંચે છે અને માનસિક રીતે એક ઝટકો આપે છે.

આ આયત ની જેમ સુરે માએદાની આયત નંબર 3 પણ છે, જેમાં વિલાયત, ઇમામત દીન સંપૂર્ણ થવાની આયત અને તમામ નેઅમતનો તઝકેરો થયો છે. એમાં કાફિરોની નિરાશા, રઝાએ ઇલાહી, અને સુઅરનું માંસ તથા લોહી વિશેના હુકમોનો ઉલ્લેખ છે. આવા પથરાવ થી અર્થ એ થાય છે કે કુરઆનને ના અહલ લોકો દ્વારા ફેરફારથી સુરક્ષિત રાખવાનો રહસ્ય છે. એ જ રીતે કયારેક પયગમબર અકરમની અઝવાજ ઘરની બહાર જતા હતા, ત્યારે પોતાના ઝેવર રુઈની અંદર તકીયામાં છુપાવી દેતા હતા. જ્યારે ઝેવર અને રૂઈનો કોઈ સંબંધ નહોતો, પરંતુ આ કામ ના અહલ લોકોથી સુરક્ષા માટે હતું.

C) પયગંબર અકરમ ની અઝવાજ માટે નીશાનીઓમાં અચાનક અલ્લાહ તઆલાની તરફથી એ ઇરશાદ થાય છે:

અર્થાત, "એ નબીની અઝવાજ! તમે એ ઘરમાં છો જેમાં માસુમીન અલય્હિસ્સલામ રહે છે તો તમે તકવા અને પરહેઝગારી નું વધારે ધ્યાન રાખવું જોઈએ.

D) એહલેબૈત અલય્હેમુસ્સલામ માટે જમાએ મુઝક્કર (પુરૂષ માટે) ઝમીર વાપરવામાં આવ્યુ છે, જે ઘણી વાર પુરુષો તરફ ઇશારો કરે છે.

જ્યારે નબીની પત્નીઓ માટે જે વાક્યો છે, તેમાં જમાઅ મોઅન્નસ (સ્ત્રી માટે) ઝમીર વપરાયેલી છે, જેમ કે:

"بتو تكن"

(તમે બેસી રહો) અને "عنكم" (તમારી તરફથી) અને "يطهر كم" (તમને પાક રાખે).

અલ્લાહ તઆલા સૂરે હૂદ માં હઝરત નૂહ અલય્હિસ્સલામ ના પુત્રને ના એહેલ કરાર આપે છે:

"قال يا نُوحُ إِنَّهُ لَيْسَ مِنْ أَهْلِكَ إِنَّهُ عَمَلٌ غَيْرُ صالح"

(કહ્યું: એ તારો પરિવાર નથી, એ તો ખરાબ અમલ કરનાર છે.)

પયગંબર અકરમ અને ઈમામે માસૂમીન અલય્હિસ્સલામ તરફથી ઘણી રિવાયતોમાં આ શબ્દો છે:

"ليس منا"

(એ આપણામાંથી નથી).

જેમ કે પયગંબર અકરમ એ ફરમાવ્યું:

"من غش مسلماً فليس منا"

(જે કોઈ મુસલમાન સાથે છેતરપિંડી કરે, એ અમારો નથી.)

અન્ય રિવાયતમાં છે:

"من اصبح و لم يهتم بامور المسلمين فليس بمسلم"

(જે વ્યક્તિ સવારે ઉઠીને મુસલમાનોના કામની ચિંતા ન કરે, એ મુસલમાન નથી.)

તે જ રીતે, ઘણી રિવાયતો માં છે કે:

"પયગંબર અકરમ માટે પ્રિય એ છે, જેમના અમલ અલ્લાહ માટે હોય, ભલે તેમનો સંબંધ ન હોય.

અને પયગંબર અકરમ નો દુશ્મન તે છે, જે ખુદા વંદે આલમ ની નાફરમાની કરે છે ભલે પછી તે પયગંબર નો નજીકનો રિશ્તેદાર કેમ ન હોય.

## ઓગણીસમો સબક

## એહલેબૈત અલય્હેમુસ્સલામ પ્રત્યે મોહબ્બત

### રિસલાત નો અજ

" قُلْ لَا أَسْتَلُكُمْ عَلَيْهِ أَجْرًا إِلَّا الْمَوَدَّةَ فِي الْقُرْبِي وَ مَنْ يَقْتَرِفْ حَسَنَةً نَزِدْ لَهُ فِيهَا حُسْناً إِنَّ اللَّهَ غَفُورٌ شَكُورٌ"

"કહી દો કે હું તમારી પાસે (ઇસ્લામની) તબલીગનો કોઇ પણ બદલો નથી માંગતો, સિવાય કે મારા નજીકના રિશ્તેદારો (એહલેબૈત) પ્રત્યે મોહબ્બત કરો. અને જે કોઇ પણ એક નેકી (સવાબનું કામ) કરશે, અમે એની નેકીમાં વધારો કરીશું. બેશક અલ્લાહ ખૂબજ વધારે માફ કરનાર અને કદરદાન છે."

કુરઆન મજીદમાં વારંવાર દર્શાવાયું છે કે અંબીયા અલય્હિસ્સલામ લોકોથી કોઇ બદલો અથવા ઇનામ માંગતા નહોતા. (સૂરે શુઅરા) માં વિવિધ અંબીયાઓ દ્વારા આ વાત બયાન કરવામાં આવી છે.

ઉમ્મતના હાદી, પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ કોઇ બદલો માંગ્યો નહોતો, પરંતુ બે વખત ખુદાવંદે આલમ તરફ થી

"قُل"

(એટલે કહી દયો) દ્વારા લોકો પાસેથી એવો મઆનવી અજ માંગ્યો કે જે તેમના પોતાના ફાયદા માટે છે.

આ મઆનવી અજર બે પ્રકારના શબ્દોમાં વ્યકત થયો છે:

એક જગ્યાએ અલ્લાહ તઆલા ફરમાવે છે:

"

(إِلَّا مَنْ شَاءَ أَنْ يَتَّخِذَ إِلَى رَبِّهِ سَبِيلًا)

હું કોઈ પણ અજ ન માંગત મગર એ કે જે પણ ચાહે અલ્લાહ નો રસ્તો અપનાવે

બીજી જગ્યાએ ઇરશાદ ફરમાવે છે:

"لَا أَسْأَلُكُمْ عَلَيْهِ أَجْرًا إِلَّا الْمَوَدَّةَ فِي الْقُرْبَى"

" તમારાથી કોઈ અજર નહિ માગું સિવાય મારા નજીકવાળાઓ સાથે મવદ્દત રાખવાનો"

" قُلْ مَا سَأَلْتُكُمْ مِنْ أَجْرٍ فَهُوَ لَكُمْ إِنْ أَجْرِيَ إِلَّا عَلَى اللَّهِ وَهُوَ عَلَى كُلِّ شَيْءٍ شَهِيدٌ"

અલ્લાહ ફરમાવે છે : "કહો કે હું તમારા પાસે જે અજ માંગુ છું તે તમારા જ માટે છે. મારો અજ તો ફક્ત અલ્લાહ તઆલા પર છે, અને તે બધી વસ્તુઓનો સાક્ષી છે."

આથી પયગંબર અકરમ એ એલાન કર્યું:

"જો હું તમારાથી અજ માગું અને કહું કે મારા એહલેબૈત થી મોહબ્બત રાખો, તો એનો ફાયદો પણ તમને જ થશે:

"فَهُوَ لَكُمْ" (એ તમારાજ માટે છે)."

કારણ કે જે પયગંબરે અકરમના માસૂમ એહલેબૈત અલય્હેમુસ્સલામ સાથે મોહબ્બત કરશે અને તેમની પેરવી કરશે. અને જે માસુમ રહબરની પેરવી કરશે, તેણે જાણે અલ્લાહની પેરવી કરી.

"إِلَّا مَنْ شَاءَ أَنْ يَتَّخِذَ إِلَى رَبِّهِ سَبِيلًا"

આ એકદમ ઉસ્તાદ જેવું છે જે કહે: "હું તમારાથી કોઈ અજ્ર નથી માંગતો, સિવાય કે તમે મારો દર્સ સારી રીતે શીખો," અને એનો ફાયદો પણ શાગીરદો ને જ થાય છે.

આથી અજ્રે રિસાલત

બે વસ્તુઓ છે:

એક અલ્લાહના રસ્તાનું અપનાવવું અને બીજું એહલેબૈત અલય્હેમુસ્સલામ ની મવદ્દત.

દિલચસ્પ વાત એ છે કે આ બંને બાબતો "الا" શબ્દથી વ્યકત કરવામાં આવી છે,

અર્થાત: "મારો અજર ફક્ત અને ફક્ત બે વસ્તુમાં છે એક અલ્લાહ અને બીજી મોહબ્બતેં અહલેબૈત છે."

જો થોડી તફક્કુર (વિચાર) કરીએ, તો સમજાય છે કે અલ્લાહના રસ્તા અને  એહલેબૈત અલય્હેમુસ્સલામ ની મોહબ્બત એક જ છે.

કારણ કે જો બે અલગ વસ્તુઓ હોય તો તેમાં ટકરાવ (તનાકુઝ) થઈ જાય.

જેમ કે કોઈ વ્યક્તિ કહે:

"હું ફક્ત ઉનાળામાં અભ્યાસ કરીશ"

અને પછી ફરી કહે:

"હું ફક્ત શિયાળામાં અભ્યાસ કરીશ",

તો એ વિરોધાભાસ છે કેમ કે એક જ શરત પર નિર્ભર રહેવું શક્ય છે.

પયગંબરે અકરમ એક વખત અલ્લાહ તઆલાની તરફથી કહ્યું:

"મારો અજ્ર ફક્ત અલ્લાહ ના રસ્તા પર ચાલવું છે"

અને બીજી વખત કહે:
"મારો અજ ફક્ત મારા એહલેબૈત અલય્હેમુસ્સલામ ની મોહબ્બત છે"
હકીકતમાં, આ બંને વાતો એક જ છે –
"અલ્લાહનો રસ્તો એ જ એહલેબૈત અલય્હેમુસ્સલામ ની મોહબ્બત છે."

બીજી તરફ, મવદ્દતમાં બે બાબતો ફરજિયાત છે:

1. મઅરેફત કારણ કે જ્યારે સુધી કોઈને ઓળખવામાં ન આવે,
ત્યાં સુધી તેની સાથે મોહબ્બત થઈ શકતી નથી.

2. ઇતાઅત (પેરવી) – કારણ કે ઇતાઅત વિના મવદ્દત એ માત્ર દેખાડો,
રિયા, અને જૂથ અને ચાપલૂસી છે.

આથી જે લોકો પોતાના એહકામ એહલેબૈત અલય્હેમુસ્સલામ સિવાય બીજા પાસેથી લે છે, તેઓએ અલ્લાહ નો રસ્તાને અપનાવ્યો જ નથી.
આ છે કુરઆને કરીમનો નઝરીયો.
અકલ કહે છે:
"જ્યાં સુધી કોઈ પર લુત્ફ-કરમ ચાલુ રહે,
ત્યાં સુધી તેનું શુક્રિયા અદા કરવું જોઈએ."

લુત્ફ અને કરમ ના કાયમ રહેવા પર શુક્ર ફરજિયાત છે.

જો આજે પયગંબર અકરમ નો લુત્ફ-કરમ આપના પર છે,
અને આપણે ઇસ્લામની હિદાયત પ્રાપ્ત કરી રહ્યા છીએ,
તો આપણે અજરે રિસાલત અદા કરવું ફરજ છે.

અને જો અજરે રિસાલત એ એહલેબૈત અલય્હેમુસ્સલામ ની મવદ્દત છે,
તો આજે પણ એહલેબૈત અલય્હેમુસ્સલામ નો વુજુદ હોવો જોઈએ,
તો આપણે તેમની સાથે મવદ્દત કરી શકીએ અને તેમની ઇતાઅત (પેરવી) કરી શકીએ.

જી હાં,
આજે પણ આપણા ઇમામે ઝમાના હઝરત ઇમામ મહદી અલય્હિસ્સલામ
સાથે મવદ્દત અને મોહબ્બત કરવી જોઈએ અને તેમની ઇતાઅત ફરજિયાત છે.

શું એવું શકય છે કે પયગંબર અકરમ ના સમયના લોકોને એહલેબૈત અલય્હેમુસ્સલામ ની મોહબ્બત ફરજ હોય,
પણ આજે જે મુસલમાનો છે તેના માટે
ફરજ ન હોય?
કે આજની દુનીયામાં એહલેબૈત અલય્હેમુસ્સલામ નું કોઈ વ્યક્તિ હાજર ન હોય,
જેનાથી મવદ્દત કરી શકાય અને અજરે રિસાલત અદા કરી શકાય?

બેશક, ઇમામ મહદી અલય્હિસ્સલામ ની મોહબ્બત અને મવદ્દત આપની ગૈબતના સમયમાં એ છે કે: આપના પયામાત (સંદેશો) પર અમલ કરીએ, અને એ ફુકહા અને  આદિલ (આયુતુલ્લાહ ફકીહો) જેની પેરવી કરવાનો આપણ ને હુકમ છે, તેમના રસ્તે ચાલીશું – એ જ ફુકહા જે હવા-હવસની પેરવી નથી કરતા.

અકલ પણ એ જ કહેશે:

જો અજરે રિસાલત એ એહલેબૈત અલય્હેમુસ્સલામ ની મોહબ્બત છે,

જેને કરોડો લોકો હિદાયત, સઆદત, અને અલ્લાહના અઝીમ ફઝલ સુધી પહોંચાડે છે, તો જે લોકો સાથે મવદ્દત રાખવાનો હુકમ થયો છે, તેઓ બધા કરતા અફઝલ અને માઅસૂમ હોવા જોઈએ. ક્યારેય ગુનાહગારોની મોહબ્બત અજરે રિસાલત બની શકતી નથી, અને એવું યકીન ન રાખી શકાય કે ગુનાહગારોની મોહબ્બત દરેક દૌરમાં મુસલમાનો પર વાજિબ હતી.

અને એ પણ ખબર છે કે શિયા ફિરકાને સિવાય, કોઈ પણ ફિરકા પોતાના રહબરોને માઅસૂમ નથી માનતું.

બીજી તરફ, કોઈએ પણ માઅસૂમ ઇમામો અલય્હિસ્સલામ માટે કોઈ ગુનાહનો તઝકેરો કર્યો નથી, અને ન તો તેમના ઉસ્તાદનો કોઈ નામ ઉલ્લેખ કર્યો છે.

અકલ કહે છે: એક ગૈર મઅસૂમ વ્યક્તિના હાથમાં હાથ દેવું, માત્ર ઇન્સાનિયત પર જ નહીં પણ પુરી કાએનાત પર ઝુલ્મ છે. કારણ કે કાએનાત ઇન્સાન માટે ખલ્ક કરવામાં આવી છે.

કુરઆનની આ આયાતો પણ એ તરફ દલીલ છે:

"خَلَقَ لَكُمْ مَا فِي الْأَرْضِ جَمِيعًا"

(અલ્લાહે ધરતીમાં જે કંઈ છે તે તમારાં માટે ખલ્ક કર્યું.)

"وَسَخَّرَ لَكُمْ مَا فِي السَّمَاوَاتِ وَمَا فِي الْأَرْضِ"

(અલ્લાહે આકાશો અને ધરતીની બધી ચીજો તમારાં માટે બનાવી.)

આયતો એ જ દર્શાવે છે કે
કાએનાત ઇન્સાન માટે ખલ્ક કરવામાં આવી છે.

તો હવે ઇન્સાનને માઅનવી કમાલ અને ઇલાહી રંગ અપનાવવા ઉદ્દેશથી, તેને ગૈર માઅસૂમ રહબરના હવાલે કરવું, શું એ ઇન્સાન અને કાએનાત પર ઝુલ્મ નથી?

જો રિવાયતોમાં માઅસૂમ રહબર
અને તેમની વિલાયતને દિનની બુનિયાદ કહેવામાં આવી છે:

"بُنِيَ الْإِسْلَامُ عَلَى خَمْسٍ: عَلَى الصَّلَاةِ وَالزَّكَاةِ وَالصَّوْمِ وَالْحَجِّ وَالْوِلَايَةِ"

(કાફી, ભાગ 2, હદીસ 18)

(ઇમામ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે: "ઇસ્લામની બુનિયાદ પાંચ વસ્તુઓ પર છે:
નમાઝ, ઝકાત, રોઝા, હજ અને વિલાયત.")

**અને જો હઝરત અલી અલય્હિસ્સલામ ને**

"قسيم الجنة و النار"

**(જન્નત અને દોઝખ વહેંચનાર) કરાર આપ્યું છે.**

**વિલાયત વગર નમાઝ કબૂલ નથી, અને એહલેબૈત અલય્હેમુસ્સલામ ની મોહબ્બત "હસનહ" (ભલાઈ) અને નેકી ગણવામાં આવી છે,**

**જો એમની ઝિયારત અને તવસ્સુલ કરવા પર તાકીદ કરવામાં આવી છે,**

**તો આ બધી વસ્તુઓ મવદ્દત પર આધારિત છે.**

**અહલે સુન્નતના ઉલમાઓ જેમ કે : અલ્લામા ઝમખશરી અને અલ્લામા ફખ્રરાઝી**

**તેમની તફસીરમાં લખે છે કે, હઝરત રસૂલે ખુદાએ ફરમાવ્યું:**

"مَن مَاتَ عَلَى حُبِّ آلِ مُحَمَّدٍ مَاتَ شَهِيدًا"

**(જે વ્યક્તિ આલે મોહમ્મદ અલય્હિસ્સલામની દોસ્તી ઉપર દુનિયાથી ચાલ્યો જાય તે શહીદ છે)**

"مَن مَاتَ عَلَى حُبِّ آلِ مُحَمَّدٍ مَاتَ تَائِبًا"

**(જે વ્યક્તિ આલે મોહમ્મદ અલય્હિસ્સલામ ની દોસ્તી ઉપર દુનિયાથી ચાલ્યો જાય તો તોબા કરી આ દુનિયાથી ગયો)**

"مَن مَاتَ عَلَى حُبِّ آلِ مُحَمَّدٍ مَاتَ مُسْتَكْمِلَ الْإِيمَانِ"

(જે આલે મોહમ્મદ અલય્હિસ્સલામ ની દોસ્તી ઉપર દુનિયાથી ચાલ્યો જાય તો એ સંપૂર્ણ ઈમાન સાથે આ દુનિયાથી જાય છે)

"مَن مَاتَ عَلَى حُبِّ آلِ مُحَمَّدٍ مَاتَ عَلَى السُّنَّةِ وَالْجَمَاعَةِ"

(જે વ્યક્તિ આલે મોહમ્મદ અલય્હિસ્સલામ ની દોસ્તી ઉપર દુનિયાથી ચાલ્યો જાય તો તે પયગંબર અકરમ ની સુન્નત અને સીરત ઉપર દુનિયાથી જાય છે.)

હવે સવાલ એ છે કે:

"શું માત્ર મોહબ્બત વગર ઇતાઅત શહાદત, માફી અને કામિલ ઈમાનનું દરજ્જો આપી શકે?"

તફસીરનો તઝકેરો:

તે જ તફસીરોમાં હઝરત પયગંબરે અકરમ ની હદીસ છે:

" أَلَا وَمَنْ مَاتَ عَلَى بُغْضِ آلِ مُحَمَّدٍ جَاءَ يَوْمَ الْقِيَامَةِ مَكْتُوبٌ بَيْنَ عَيْنَيْهِ آيِسٌ مِنْ رَحْمَةِ اللَّهِ"

(જે વ્યક્તિ આલે મોહમ્મદ સાથે બગુઝ રાખી મરે, તો કયામતના દિવસે તેની પેશાની પર લખેલું હશે:

"અલ્લાહની રહમતથી નિરાશ મર્યો છે.")

"أَلَا وَمَنْ مَاتَ عَلَى بُغْضِ آلِ مُحَمَّدٍ مَاتَ كَافِرًا"

(જે વ્યક્તિ આલે મોહમ્મદ સાથે દુશમની રાખી મરે, તેની મૌત કાફિર ની  મૌત છે.)

"أَلَا وَمَنْ مَاتَ عَلَى بُغْضِ آلِ مُحَمَّدٍ لَمْ يَشُمَّ رَائِحَةَ الْجَنَّةِ"

(જે વ્યક્તિ આલે મોહમ્મદ ની દુશ્મની રાખી મરે, તો એ જન્નતની ખુશ્બૂ પણ સૂંઘી નહી શકે)

અલ્લામા ફખરુદ્દીન રાઝી તેમની તફસીરમાં લખે છે કે: આયતે મવદ્દત નાઝિલ થતા,
લોકોએ હઝરત પયગંબરે અકરમ થી પૂછ્યું:
" કુર્બા" કોણ છે, જેઓની મોહબ્બત અમારા ઉપર ફરજ છે?"

હઝરત પયગંબરે અકરમ એ ફરમાવ્યું:
"علي و فاطمة و ابناهما"
અલી, ફાતેમા અને તેમના બન્ને ફરઝંદ અને એ પછી આપે ફરમાવ્યું:

"فَاطِمَةُ بَضْعَةٌ مِنِّي يُؤْذِينِي مَا يُؤْذِيهَا"
(ફાતેમા મારા જીસ્મનો એક ટુકડો છે,
જે વ્યક્તિ તેમને તકલીફ આપે, તે મને તકલીફ આપે છે.)

કુરઆનમાં છે:
" إِنَّ الَّذِينَ يُؤْذُونَ اللَّهَ وَرَسُولَهُ لَعَنَهُمُ اللَّهُ فِي الدُّنْيَا وَالْآخِرَةِ وَأَعَدَّ لَهُمْ عَذَابًا مُهِينًا"
(જે લોકો અલ્લાહ અને તેના રસૂલને અઝીયત આપે, તેના ઉપર દુનિયા અને આખેરતમાં અલ્લાહની લાનત છે અને તેમના માટે દર્દનાક અઝાબ છે.)

"وَمَن يَقْتَرِفْ حَسَنَةً نَّزِدْ لَهُ فِيهَا حُسْنًا"

(જે વ્યક્તિ એક ભલાઈ કમાય, અમે તેના માટે ભલાઈમાં વધારો કરીશું.)

ઇમામ હસન અલય્હિસ્સલામ આયતે મુબારકની તફસીરમાં ફરમાવે છે:

"اقتراف الحسنة مودتنا اهل البيت"

(એહલેબૈત અલય્હેમુસ્સલામ ની મોહબ્બત એ જ હસ્નહ અને નેકી ભલાઈ છે.).

## વીસમો સબક

### પયગંબરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની છેલ્લી જવાબદારી:

يَا أَيُّهَا الرَّسُولُ بَلِّغْ مَا أُنْزِلَ إِلَيْكَ مِنْ رَبِّكَ وَإِنْ لَمْ تَفْعَلْ فَمَا بَلَغْتَ رِسَالَتَهُ وَاللَّهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ إِنَّ اللَّهَ لَا يَهْدِي الْقَوْمَ الْكَافِرِينَ

એ નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ)! તમે એ હુકમને પોહચાડો, જે તમારા પરવરદિગાર તરફથી તમારા પર નાઝીલ થયો છે. જો તમે એ ન કર્યું, તો તમે કોઈ પણ પયગામ નથી પોહચાડયો તેમ ગણાશે. અને ખુદા તમને લોકોના શરથી સુરક્ષિત રાખશે. અને બેશક ખુદા કાફીરો ની હિદાયત નથી કરતો.

કુરાન મજીદમાં આ એક જ આયત છે, જેના સંદર્ભમાં નબીને લોકો સુધી આ પયગામ ન પોહચાડવા માટે ડરાવ્યા હતા. કે જો તમે આ પયગામ ન પોહચાડયો, તો ૨૩ વર્ષની સમગ્ર નબુવ્વત નું કોઈ કામ નથી કર્યું.

પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ એ હઝરત અલી અલય્હિસ્સલામ ને ફરમાવ્યું:

"જો હું તારી વિલાયતને લોકો સુધી ન પોહચાડું, તો મારા તમામ આમાલ નાબૂદ થઈ જશે."

આ આયત માં અમુક મુદ્દા છે જે આ આયાતને સમજાવવામાં મદદ કરે છે:

1. સુરે માએદા પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ઉપર તેમના જીવનના અંતિમ દોરમાં નાઝીલ થયો હતો.

2. આ આયતમાં "يَا أَيُّهَا النَّبِى" ની જગ્યાએ "يَا أَيُّهَا الرَّسُولُ" સાથે સંબોધન થયું છે, જે એક મહત્ત્વપૂર્ણ ફરજ તરફ ઈશારો કરે છે.

3. અહીંયા "ابلِغ" શબ્દના બદલે "بلِغ" શબ્દ વપરાયો છે, જે આ હુકમને કટોકટી અને કાનૂની રીતે પોહચાડવા અને તેની મહત્ત્વતાને દર્શાવે છે.

4. પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ને એક મહત્ત્વપૂર્ણ પયગામ ન પોહચાડવા માટે ડરાવવામાં આવ્યા છે. જો તમે આ પયગામ ન પોહચાડશો, તો તમારી બધી ઝેહમતો બરબાદ થઈ જશે.

5. પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ પોતાની જાન વિશે ડરતા ન હતા. કારણ કે જ્યારે તમે એકલા હતા, ત્યારે પણ મુશરીકો સાથે જંગ કરતા હતા, પથ્થરો વરસાવાતા હતા, સાથીઓને તકલીફ પહોચાડાતી હતી, તો પણ તમે ડરતા ન હતા. હવે જ્યારે જીવનના અંતિમ દોરમાં છે અને ઘણાં સાથીઓ છે, ત્યારે ડરવાની કોઈ જરूર ન હતી.

6. આ આયતનો પયગામ તૌહિદ, નબુવ્વત કે કયામત સાથે સંબંધિત નથી. કારણ કે આ બધી મૂળભૂત વાતો પહેલેથી જ મક્કા માં બયાન થઈ ગઈ હતી. હવે જીવનના અંતમાં આ બાબતોની જરूર નહોતી.

7. આ આયાત નમાઝ, રોઝા, હજ, ઝકાત કે જેહાદ વિશે પણ નથી. કારણ કે પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની ૨૩ વર્ષની નબુવ્વત દરમિયાન આ બધું સ્પષ્ટપણે બયાન થઈ ગયું હતું અને લોકોએ અમલ પણ કર્યા હતો. તેથી આ બાબતોમાં કોઈ ડર કે ભયનો પ્રશ્ન નહોતો.

બધાજ શીઆ મુફસ્સેરીન અને અમુક એહલે સુન્નત ના મુફસ્સેરીને આ આયતનો એક ખાસ સંદર્ભ એ છે કે 18 ઝિલહજ, 10 હિજરીમાં, પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમની છેલ્લી હજ દરમિયાન ગદીર ખુમ ના મેદાન માં હઝરત અલી અલય્હિસ્સલામ ની વિલાયત અને ઇમામતનો પયગામ આપવામાં આવ્યો છે. અને એ સમયે પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ એ ફરમાવ્યું:

"من كنت مولاه فهذا علي مولاه"

(જેનુ હું મૌલા છું, તેનો અલી મૌલા છે.)

આ પયગામ દ્વારા પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ એ સાચા માર્ગ તરફ હિદાયત કરી છે.

હઝરત ઇમામ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે:

" بني الإسلام على خمس: على الصلاة والزكاة والصوم والحج والولاية، ولم يناد بشيء كما نودي بالولاية، فأخذ الناس بأربع وتركوا هذه"

ઇસ્લામ પાંચ વસ્તુ નો સ્તંભ છે: નમાઝ, ઝકાત, રોઝા, હજ અને વિલાયતે એહલેબૈત. વિલાયત જેટલી કોઈ બાબત પર એટલી તાકીદ થઈ નથી. લોકો એ ચાર બાબતો સ્વીકારી લીધી, પણ વિલાયતને છોડી દીધી.

" الْيَوْمَ يَئِسَ الَّذِينَ كَفَرُوا مِنْ دِينِكُمْ فَلَا تَخْشَوْهُمْ وَاخْشَوْنِ الْيَوْمَ أَكْمَلْتُ لَكُمْ دِينَكُمْ وَأَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِي وَرَضِيتُ لَكُمُ الْإِسْلَامَ دِينًا فَمَنِ اضْطُرَّ فِي مَخْمَصَةٍ غَيْرَ مُتَجَانِفٍ لِإِثْمٍ فَإِنَّ اللَّهَ غَفُورٌ رَحِيمٌ"

"આજે કાફીરો તમારા દિન (ધર્મ) થી નિરાશ થઈ ગયા છે. તેથી તમે હવે તેમનો ડર રાખશો નહીં, મારો ડર રાખો. આજે મેં તમારું દિન કામિલ કર્યું અને તમારી પર મારી નેઅમતોને સપૂર્ણ કરી દીધી અને તમારે માટે ઇસ્લામને દિન રૂપે પસંદ કર્યું. તેથી જો કોઈ ભૂખમાં મજબૂર થઈને ગુનાહ તરફ જુકે નહીં, તો બેશક ખુદા બહુ બક્ષનાર અને મહેરબાન છે."

સુન્ની અને શીઆ રિવાયત પ્રમાણે :

આયતનો આ ફિકરો "الْيَوْمَ أَكْمَلْتُ لَكُمْ دِينَكُمْ..." ગદીર ખુમ ખાતે હઝરત અલી ઇબ્ન અબી તાલિબ અલય્હિસ્સલામ ને ઇમામત પર નિમણૂક કર્યા બાદ નાઝીલ થયો હતો.

દલીલ ઉપરાંત અક્કલ પણ આ વાતની સમર્થન કરે છે, કારણ કે એ દિવસે ચાર ખાસિયતો દેખાય હતી:

1. કાફીરો માટે નિરાશાનો દિવસ:

2. ધર્મની પૂર્ણતા:

3. ખુદાની નેઅમતોની સપૂર્ણતા:

4.એ દિવસ ઈસ્લામ દિન ને એક કામિલ મઝહબ તરીકે ખુદાવંદે આલમે પસંદ કર્યું અને ઇસ્લામની તારીખો ના મહત્ત્વપૂર્ણ દિવસો જેવા કે: બેઅસત, હિજત, ફતહે મક્કા કે જંગમાં કામિયાબીની વિગેરે આ આયાતમાં ચાર સિફતો જોવા મળ્યાં નથી. એટલા માટે આ ચાર લક્ષણો સાથે માત્ર "રોઝે ગદીર" જ છે.

કાફરોની નિરાશીનું કારણ એ હતું કે તેઓ પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ સામે વિવિધ ષડયંત્રો કરતા રહ્યા: તોહમત લગાવવી, યુદ્ધ કરયુ અને કત્લ ના પ્રયાસો કરયા, પણ તેઓ બધાં પ્રયત્નોમાં નિષ્ફળ રહ્યા. તેમની છેલ્લી આશા હતી કે પયગંબર (સ.અ.) ના વફાત પછી ઇસ્લામનો અંત આવશે. જોકે, હઝરત અલી ઇબ્ન અબી તાલિબ (અ.સ.) ની ઇમામત પર નિમણૂકથી કાફીરોને ખબર પડી ગઈ કે પયગંબર (સ.અ.) પછી પણ ઇસ્લામ રહેશે. કારણ કે હઝરત અલી અલય્હિસ્સલામ જેવી હસ્તી પયગંબર (સ.અ.) ના જાનશીન વારસદાર અને ઉંમતના રહબર બની રહેશે. એ કારણે કાફરો સંપૂર્ણપણે નિરાશ થઈ ગયા.

દિનની સપૂર્ણતા:

ધર્મના કાયદા અને સિદ્ધાંતો સંપૂર્ણ હોવા છતાં જો સમાજ માટે કોઈ માસૂમ રહબર ન લીડર હોય, તો દિન ના-કાફી થય જાય છે.

નઅમતો નું સંપૂર્ણ થવું :

કુરઆન એ સૌથી મોટી નેઅમત તરીકે રહબરી અતા કરી છે અને હિદાયત ને ગણી છે. જો પયગંબર અકરમ (સ.અ.) આ દુનિયાથી વિદાય લઈ લેત અને મુસલમાનોને રેહબર વિના છોડી દેત, તો એ એવો અધૂરું કાર્યો હોત જે એક ઘેટાં બકરા ચરાવવા વાળો પણ પોતાના પ્રાણીઓ સાથે ન કરે. જો એક ઈલાહી રેહબર નક્કી થયો ન હોત, તો ખુદાની નેઅમતોની પૂર્ણતા કઈ રીતે સંભવ થાત? તેથી ગદીર પર હઝરત અલી (અ.સ.) ની ઇમામત દ્વારા નેઅમતની સંપૂર્ણ કરી.

**ખુદાવંદે આલમનો રાઝી રહેવું:**

**જ્યારે ધર્મના સંપૂર્ણ કાયદા અને તેને અમલમાં મૂકનાર આદિલ રેહબર એકત્ર થાય, ત્યારે ખુદાવંદે આલમની રઝા હાંસિલ થાય છે**

**આજ કારણે**

**"સંપૂર્ણ દિન, ઇતમામે નેઅમત, રઝાએ પરવરદીગાર અને કાફીરોની નિરાશીનો દિવસ" એટલે રોઝે ગદીર છે**

**અને આ દિવસ ને એહલેબૈત અલય્હેમુસ્સલામ ની રિવાયત માં સૌથી મોટી ઇદ ગણાવામાં આવી છે.**

**ક્યારેય કોઈ વસ્તુ તેના તમામ અંશો સાથે જ સંપૂર્ણ ગણાય છે. જેમ કે રોઝા, જો મગરિબ પહેલા ઇફ્તાર કરી લે તો તે રોઝો બાતિલ ગણાય. એટલે કે સંપૂર્ણ પૂરો સમય થવો જરુરી છે, તેથી કુરઆનમાં કહેવામાં આવ્યું છે:**

"أَتِمُّوا الصِّيَامَ إِلَى اللَّيْلِ"

**(રોઝાને રાત સુધી પૂરું કરો.)**

**ક્યારેક કોઈ વસ્તુના હિસ્સા અલગ-અલગ પણ ફળ આપે છે. જેમ કે કુરઆનની તિલાવત, તમામ આયતોની તિલાવતમાં પૂર્ણતા છે, પણ જે જેટલી પણ તિલાવત કરે, તેને એ પ્રમાણે સવાબ મળે છે.**

**ક્યારેક કંઈક એવા મહત્વપૂર્ણ હિસ્સો હોય છે કે જો એ ન હોય, તો આખું જ સમૂહ અધૂરું લાગે, ભલે અન્ય બધા હિસ્સો હાજર હોય.**

જે રીતે હવાઈ જહાજ માટે પાયલટ અને કાર માટે ડ્રાઇવર છે, એ વગર આ સાધનો ફાયદા વગર ના છે, એ જ રીતે વિલાયત અને રહબરી છે. વિલાયત એ માનવજાતને ખુદા સાથે જોડે છે, અને એ વગર દુનિયાની તમામ નેઅમતો વ્યર્થ થઈ જાય છે. મખલૂક અને નેઅમતો બદબખતી માં બદલાય જાય છે અને ઇન્સાન ખુદા સુધી નહીં પહોંચી શકે.

વિલાયતનો માલિક કોણ?

" إِنَّمَا وَلِيُّكُمُ اللَّهُ وَرَسُولُهُ وَ الَّذِينَ آمَنُوا الَّذِينَ يُقِيمُونَ الصَّلاةَ وَيُؤْتُونَ الزَّكَاةَ وَهُمْ رَاكِعُونَ"

"અય ઇમાનવાળાઓ! તમારો વલી ફક્ત ખુદા, પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ અને એ ઈમાનવાળાઓ છે, જે નમાઝ કાયમ કરે છે અને રુકૂમાં ઝકાત આપે છે."

શાને નુઝૂલ ના વિશે શીયા અને સુન્ની રિવાયાત અનુસાર, એક ગરીબ વ્યક્તિ મસ્જિદે નબવીમાં આવ્યો અને મદદ માંગી, પણ કોઈએ તેને કશું આપ્યું નહીં.

હઝરત અલી (અ.સ.) એ સમયે નમાઝમાં હતા. તેમણે રુકૂમાં પોતાના હાથની અંગૂઠી ગરીબને આપી એ જ સમયે આ આયત નાઝિલ થઈ.

ગદીરે ખુમમાં પયગંબર (સ.અ.) એ હઝરત અલી (અ.સ.) ની અઝમત અને શાન વર્ણવવા માટે આ આયતની તિલાવત કરી હતી.

હઝરત અલી (અ.સ.) એ પણ અનેક વખત પોતાનું હક સાબિત કરવા માટે આ આયતનો તિલાવત કરી હતી.

હા, કોઈ પણ બેહતરીન તારીફ એ હોય છે કે એની સિફત અને વિશેષતાઓ વર્ણવવામાં આવે જેથી સંબોધિત વ્યક્તિ પોતે જ તેનું ઉદાહરણ શોધી શકે. ( આ આયતે હઝરત અલી (અ.સ.) નું નામ લીધા વગર તેમના ગુણ અને કાર્યો વર્ણવ્યા છે.)

અને મરજેઈયત અને ઉલ્મા પણ ઇમામે માઈસુમ (અ.સ.) ની વિલાયત હેઠળ છે. મકબૂલ ઉમર બિન હન્ઝલા હઝરત ઈમામ જાફર સાદિક (અ.સ.) ની હદીસમાં બયાન કરે છે

"એ વ્યક્તિને જુઓ જે અમારી હદીસો બયાન કરે, અમારા હલાલ-હરામમાં રાય આપે અને અમારા અહકામોને જાણે. તેથી આવા વ્યક્તિની સરકાર (શાસન) પર રાજી રહો, કેમ કે મેં એવા વ્યક્તિને તમારું શાસક બનાવ્યો છે."

## એકવીસમો સબક

### ઇમામે ઝમાના (અજ્જલલ્લાહુ તઆલા ફરજહુશ્શરીફ)

### દુનિયામાં ઈલાહી જાનશીન અને લીડર:

" وَعَدَ اللَّهُ الَّذِينَ آمَنُوا مِنْكُمْ وَعَمِلُوا الصَّالِحَاتِ لَيَسْتَخْلِفَنَّهُمْ فِي الْأَرْضِ كَمَا اسْتَخْلَفَ الَّذِينَ مِنْ قَبْلِهِمْ وَلَيُمَكِّنَنَّ لَهُمْ دِينَهُمُ الَّذِي ارْتَضَى لَهُمْ وَ لَيُبَدِّلَنَّهُمْ مِنْ بَعْدِ خَوْفِهِمْ أَمْناً يَعْبُدُونَنِى لا يُشْرِكُونَ بِي شَيْئاً وَ مَنْ كَفَرَ بَعْدَ ذٰلِكَ فَأُولَئِكَ هُمُ الْفَاسِقُونَ"

"ખુદાએ તમારી અંદરના ઈમાનવાળાઓ અને નેક અમલ કરનારાઓને વચન આપ્યું છે કે એ તેમને ધરતી પર પોતાનો ખલીફા બનાવશે, જેમ કે પહેલા લોકોને બનાવ્યા હતા.

અને તે દિવસે જીત અતા કરશે જે તેમની માટે પસંદ કર્યું છે.

અને તેમના ભયને શાંતિમાં ફેરવી દેશે, અને તેઓ ફક્ત મારી ઇબાદત કરશે અને મારો કોઈ શરીક ન બનાવે.

પરંતુ જો પછી પણ કોઈ ઇનકાર કરે, તો ખરેખર એ જ લોકો ફાસિક અને બદકિરદાર છે."

આપણે અઇમ્માહ અલયહિસ્સલામની અનેક રિવાયતોમાં વાંચીએ છીએ:

આ આયતનો સંપૂર્ણ ઉદાહરણ: હઝરત ઇમામ મહદી અલયહિસ્સલામની હુકુમતનો સમય હશે.

કુરઆને મજીદમાં વારંવાર સાલેહીન ની છેલ્લી સરકાર વિશે ઉલ્લેખ થયો છે,

જેમ કે ત્રણ વાર ઇરશાદ ફરમાવ્યુ છે :

"لِيُظْهِرَهُ عَلَى الدِّينِ كُلِّهِ"

(એટલે દિન ઇસ્લામ ને બધા દિન પર કામયાબી અતા કરવામાં આવશે).

બીજા સ્થળે ફરમાવે છે:

"إِنَّ الْأَرْضَ يَرِثُهَا عِبَادِيَ الصَّالِحُونَ"

(મારા સાલેહ બંદાઓ ધરતીના વારિસ બનશે).

અને અન્ય એક સ્થળે કહે છે:

"وَالْعَاقِبَةُ لِلْمُتَّقِينَ"

(અંતે સફળતા મુત્તકીઓ માટે હશે).

આયતે-શરીફા માં મોમિનોની જાનશીની નો અર્થ એ છે કે,
તેઓ ખુદાના ખલીફા છે,

કુરતુબી પોતાની તફસીરમાં ઇસ્લામની સંપૂર્ણ કામિયાબી વિશે અમુક હદીસ નકલ કરતા લખે છે કે: દુનિયામાં કોઈપણ એવી જગ્યા નહી હોય જ્યાં ઇસ્લામ ન પહોંચે.

પયગંબરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ જ્યારે તેમના છેલ્લાં હજ માંથી પાછા ફરતા હતા,
ત્યારે ગદીરે ખુમ ના મેદાન માં હઝરત અલી (અ.સ.) ને ખલીફા જાહેર કર્યા.
ત્યારે આ આયત નાઝીલ થઈ:

"رَضِيتُ لَكُمُ الْإِسْلَامَ دِينًا"

(આજે મેં તમારાં માટે ઇસ્લામને દિન તરીકે પસંદ કર્યું).

ખુદાવંદે આલમે જે દિન ને પસંદ કર્યો અને તેનું એલાન કર્યું તે મકતબ ગદીરે ખુમ નું મેદાન હતું

1. ઈસ્લામ – દુનિયાના ભવિષ્યનો દિન છે, ઇતિહાસ ના અંતે મોમીનો ની જીત અને કાફીરોની હાર થશે.

"وَعَدَ اللَّهُ وَ لَيُمَكِّنَنَّ لَهُمْ دِينَهُمْ"

(અલ્લાહનો વાયદો છે કે તે તેમને તેમના દિનમાં શક્તિ આપશે).

2. મોમીનો માટે આશા: મેહરૂમ અને વંચિત મોમીનો ને ઉમ્મીદ આપે જેથી તકલીફો તેમને નિરાશ ન કરે.

"وَعَدَ اللَّهُ الَّذِينَ آمَنُوا"

(ખુદાએ મોમીનોને વાયદો આપ્યો છે).

3. જીત માટેની શરત ઇમાન અને અમલ છે જે સફળતાની ચાવી છે.

ફક્ત ઈમાન લાવવું પૂરતું નથી, સાથે સારા કામ કરવા જરૂરી છે.

"الَّذِينَ آمَنُوا مِنكُمْ وَعَمِلُوا الصَّالِحَاتِ"

(જે લોકો ઈમાન લાવે છે અને સારા કામ કરે છે, તેમને વાયદો છે).

ખાલી એ લોકો ને જ કામિયાબી નો વાયદો કરવામાં આવ્યો છે જે ઈમાન વાળા હોય અને અમલે સાલેહ અંજામ આપે છે, ખાલી ઈમાન લાવવા વાળાઓને નહી.

4. દિન અને સિયાસત અલગ નથી બલ્કે દિનની હિફાઝત માટે હુકુમત અને સિયાસત જરૂરી છે.

"لَيَسْتَخْلِفَنَّهُمْ... يَعْبُدُونَنِي"

(તે તેમને ખલીફા બનાવશે જેથી તેઓ માત્ર મારી ઇબાદત કરે).

5. લોકો વચ્ચે તબલીગ કરવા માટે અને તે લોકો ની રેહનુમાઈ માં વિશ્ર્વાસ અને પ્રેરણા માટે અગાઉના ઉદાહરણો ફાયદા આપે છે.

"كَمَا اسْتَخْلَفَ الَّذِينَ مِن قَبْلِهِمْ"

(જેવી રીતે પહેલાનાં લોકોને ખલીફા બનાવ્યા હતા).

6. એહલે હકની છેલ્લી જીત એક ઈલાહી સુન્નત છે.

"كَمَا اسْتَخْلَفَ الَّذِينَ مِن قَبْلِهِمْ"

(જેમ પહેલા લોકોને ખલીફા બનાવ્યા હતા, તેમ થશે).

7. એહલે ઈમાન ની કામિયાબી અને એમને હુકુમત મળવાનો મકસદ ઝમીન ઉપર દિને ઇલાહી નો પ્રચાર કરવો અને સમાજને તોહીદ અને સંપૂર્ણ હિફાઝત સુધી પહોંચાડવું.

"وَلَيُمَكِّنَنَّ لَهُمْ دِينَهُمُ - لَيُبَدِّلَنَّهُم مِّن بَعْدِ خَوْفِهِمْ أَمْنًا"

(તેમના દીન ને મજબૂત કરશે અને તેમના ડરને શાંતિમાં બદલશે).

8. અલલાહ ફક્ત દિને ઇસ્લામથી રાજી છે.

"دِينَهُمُ الَّذِي ارْتَضَى لَهُمْ"

(તે દીન જે અલ્લાહે તેમના માટે પસંદ કર્યો છે).

**9. હકીકી શાંતિ ફક્ત ઈલાહી સરકાર હેઠળ જ શક્ય છે:**

**"وَلَيُبَدِّلَنَّهُم مِّن بَعْدِ خَوْفِهِمْ أَمْنًا"**

**(અલ્લાહ તેમના ભયને શાંતિમાં ફેરવી દેશે).**

**10. સાલેહીનની સરકારમાં પણ અમુક લોકો ભટકશે:**

**"وَعَدَ اللّٰه وَ مَنْ كَفَرَ بَعْدَ ذٰلِكَ"**

**(અલ્લાહનો વાયદો છે, પણ જે આ પછી પણ ઈન્કાર કરે તે ફાસિક છે).**

**બકીયતુલ્લાહ:**

**بقية الله**

**રિવાયતોમાં દરેક એવા મુબારક વજુદને જે બશરીયત માટે અલ્લાહના હુકમથી જીવિત રહે છે, "બકીયતુલ્લાહ" કહેવામાં આવે છે,**

**જેમકે એ મોમીન ફૌજી જે જંગના મેદાનમાં જીત સાથે પાછો ફરે,**

**કારણ કે એ મુજાહિદ અલ્લાહ તઆલાની મરજીથી જીવતો બચી જાય છે.**

**હઝરત ઇમામ અસર (અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફ) ને પણ "بقية الله" કહેવાય છે,**

**કારણ કે આપનું પાક વુજુદ લોકોની હિદાયત માટે અલ્લાહની મરજીથી બાકી અને સુરક્ષિત છે.**

આપણે રિવાયતોમાં વાંચીએ છીએ કે હઝરત ઇમામ મહદી અલયહિસ્સલામ નું એક પવિત્ર નામ "بقية الله" બકીયતુલ્લાહ છે,

અને તમારે તેમને આ નામથી સલામ કરવું જોઈએ:

"السلام عليک يا بقية الله فی ارضه".

જ્યારે ઇમામ અસર મક્કામાં ઝહૂર કરશે,

ત્યારે તેઓ સૂરે હુદની આ આયત તિલાવત કરશે:

"بَقِيتُ اللهِ خَيْرٌ لَكُمْ إِنْ كُنْتُمْ مُّؤْمِنِينَ"

(બકીયતુલ્લાહ તમારા માટે શ્રેષ્ઠ છે, જો તમે ઈમાનવાળા હોવ),

અને તેઓ ફરમાવશે: " હું જ બકીયતુલ્લાહ છું"

હાં, "બકીયતુલ્લાહ" ના નામથી અન્ય માસુમીન ને પણ પુકારવામાં આવ્યા છે.

# બાવીસમો સબક :શફાઅત

## શફાઅત અને તેની શરતો

يَوْمَئِذٍ لَا تَنْفَعُ الشَّفَاعَةُ إِلَّا مَنْ أَذِنَ لَهُ الرَّحْمَٰنُ وَرَضِيَ لَهُ قَوْلًا

**આ દિવસે કોઈની શફાઅત કામ નહીં આવશે સિવાય તેઓની જેમને ખુદાએ ઇજાજત આપી હોય અને તે જેના કલામથી રાઝી હોય.**

**શફાઅતનો ઇન્કાર કરવો, કુરઆને કરીમ અને હદીસો સામે ઇનકાર છે અને ગુન્હેગાર મોમીન માટે નિરાશીનું કારણ બને છે. અને બીજી તરફ, બિનશરતી શફાઅતનો સ્વીકાર ગુનાહગારોની હિંમતમાં વધારો કરે છે અને અદાલતે ઇલાહીના વિરોધમાં છે. તેથી કુરઆને કરીમ શફાઅત માટે કેટલીક શરતો અને હિસાબ-કિતાબનો તઝકેરો કરે છે.**

**કુરઆને કરીમની દ્રષ્ટિએ શફાઅત ગુનાહગાર માટે આશાની કિરણ છે, તેમને અવલિયાએ ઇલાહી સાથે જોડે છે અને તેમની પેરવી નું કારણ બને છે.**

**શફાઅત ખુદાની ઇજાઝતથી જ થશે અને શફાઅત ફક્ત તેઓ માટેજ છે જે તૌહિદ પર કાયમ હશે અને સાચી દલીલ અને હક નો અકીદા રાખતા હશે. અલ્લાહ તેમના કલામને કબૂલ કરતો હશે, એટલે કે તેમની શહાદત (કલમા) અમુક સમય માટે મજબૂરી માં ન હોય, દેખાવટી અને મસ્તી મજાક પર આધારિત ન હોય. અને જો તે દિલ થી ઇસ્લામ ને કબૂલ કર્યું હશે અને પછી ભલુથી કોઈ ગુનાહ કર્યા હશે તો આ સ્થિતિમાં તેમના આ'માલ માં કંઇ કમી હશે, તો શફાઅત દ્વારા ખુદાની રહેમત તેના ઉપર નાઝિલ થશે.**

આ કારણથી કુરઆને કરીમે દુનિયા અને આખરતમાં બુતપરસ્તો માટે બુતોની શફાઅતને બાતિલ (નામંજૂર) ગણાવી છે.

શફાઅતનો આ મતલબ કબૂલ નથી કે હઝરત ઈસા અલય્હિસ્સલામ પોતાના ગુનેહગાર પેરવી કરવા વાળા માટે ફિદા (કુરબાન) થયા હતા અથવા હઝરત ઈમામ હુસૈન અલય્હિસ્સલામની શહાદત તેમના શિયાની શફાઅત માટે હતી.

હા, એ સાચું છે કે હઝરત ઈમામ હુસૈન અલય્હિસ્સલામ કયામતના દિવસે મહાન શફાઅત કરનારામાં શામેલ હશે, પણ યાદ રહે કે તેમની શહાદતનો હેતુ માત્ર પોતાના ચાહવા વાળાઓની શફાઅત કરવો ન હતો.

હઝરત ઈમામ બાકિર અલય્હિસ્સલામ એ આ આયતની તફસીરમાં ફરમાવ્યું: પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની શફાઅત ફક્ત તેમને જ મળશે, જેમના આ'માલ અને કલામથી અલ્લાહ રાઝી હશે અને જેઓ જીંદગીભર આલે રસુલ અલય્હેમુસ્સલામ ની મહોબ્બત પર કાયમ રહેશે અને એ હાલત માં તેમની મૌત થશે.

## શફાઅત કરનાર અને શફાઅત થનાર

وَكَمْ مِنْ مَلَكٍ فِي السَّمَاوَاتِ لَا تُغْنِي شَفَاعَتُهُمْ شَيْئًا إِلَّا مِنْ بَعْدِ أَنْ يَأْذَنَ  اللَّهُ لِمَنْ يَشَاءُ وَيَرْضَى

અને આસમાનોમાં કેટલાય ફરિશ્તાઓ છે, જેમની શફાઅત કંઇ કામ નહીં આવે, સિવાય તે કે અલ્લાહ કે જેને ઇજાઝત આપે અને જેનાથી રાઝી હોય.

فَمَا تَنْفَعُهُمْ شَفَاعَةُ الشَّافِعِينَ

તો તેમને (અમુક લોકોને) શફાઅત કરનારોની શફાઅત પણ કોઇ ફાયદો નહીં પહોંચાડે.

આપણે કુરઆન અને હદીસોમાં વાંચીએ છીએ કે ખુદા કયામતના દિવસે કેટલાક લોકોને બીજાઓની શફાઅત કરવાની ઇજાઝત અતા કરશે જેમ કે:

1. પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ.

પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ એક રિવાયતમાં ફરમાવે છે: "انا اول شافع"

હું (મારી ઉમ્મતની) શફાઅત કરનારમાં પેહલો હોઈશ."

2. કુરઆને કરીમ:

હઝરત અમીરુલ મોમીનીન અલી અલય્હિસ્સલામ ફરમાવે છે: "કયામતના દિવસે કુરઆને કરીમ શફાઅત કરનારાઓમાં હશે."

3. અંબિયા અલય્હેમુસ્સલામ : રિવાયતોમાં છે કે કયામતના દિવસે અંબિયા અલય્હેમુસ્સલામ શફાઅત કરશે: "يشفع الانبياء"

4. ઈમામે માઅસૂમ અલય્હિસ્સલામ અને હકીકી શિયા: એક રિવાયતમાં ઇમામે માઅસૂમ અલય્હિસ્સલામ ફરમાવે છે: "કયામતના દિવસે અમે અને અમારા શિયા શફાઅત કરનાર હશું: لنا شفاعة ولاهل مودتنا شفاعة"

5. ફરિશ્તાઓ અને શહીદો:

કયામતના દિવસે ફરિશ્તાઓ અને શહીદો પણ શફાઅત કરશે:

"يُؤْذَنُ لِلْمَلَائِكَةِ وَالشُّهَدَاءِ أَنْ يَشْفَعُوا"

કયામતના દિવસે ફરિશ્તાઓ અને શહીદો અલ્લાહ ની ઈજાઝત થી શફાઅત કરશે.

અને દરેક શહિદ પોતાના કુટુંબમાંથી 70 વ્યકિતઓની શફાઅત કરશે.

6. ઇબાદાત:

કયામતમાં શફાઅત કરનારાઓમાં ઇબાદત પણ હશે:

"الصيام و القرآن شفيعان للعبد يوم القيامة" –

"રોઝા અને કુરઆન  કયામતના દિવસે બંદાની શફાઅત કરશે."

શફાઅત પામનાર માટેની શરતો:

કુરઆને કરીમ અને હદીસો મુજબ શફાઅત મેળવવા માટે નીચેની શરતો હોય:

1 ઈમાનવાળા:

જેઓ ઈમાન પર હશે, નમાઝ અદા કરનારાઓ અલ્લાહની રાહમાં ખર્ચ કરનારાઓ અને પોતાની જિંદગી બેકાર કામોમાં બરબાદ ન કરનારા લોકો:

"فما تنفعهم شفاعة الشافعين" –

"નહીં તો તેમને શફાઅત કરનારાઓની શફાઅત કોઈ ફાયદો નહીં પહોંચાડે."

2 ) અલ્લાહની ઇજાઝતથી:

જેઓ ખુદાની ઇજાઝત સાથે શફાઅત મેળવી શકશે:

"مَنْ ذَا الَّذِي يَشْفَعُ عِندَهُ إِلَّا بِإِذْنِهِ" –

"કોણ છે કે અલ્લાહની ઇજાઝત સિવાય શફાઅત કરે?" તો અલ્લાહ જે મહાન હસ્તીઓને ઇજાઝત આપશે એ જ ખાલી શફાઅત કરી શકશે.

3) ઈમાન પર અંત:

જેઓ ઇમાન પર અંત પામશે તેઓની શફાઅત છે

4) શફાઅત કરનારા સાથે જોડાણ:

જેઓ શફાઅત કરનારાઓ સાથે સંબંધમાં રહેશે. જેઓ શફાઅત કરનારાઓ સાથે અકીદા પ્રમાણે સંબંધમાં નહીં હોય તેમની શફાઅત નહીં થાય.

પ્રશ્ન:?

શું શફાઅત એક પ્રકારની ગ્રૂહબંધી નથી?

જવાબ: ક્યારેય નહીં, કારણ કે:..

A) શફાઅત પામનાર વ્યક્તિએ પોતાના વિચારો અને આ'માલ દ્વારા શફાઅત મેળવવાની લાયકાત કબ્જે કરી હશે.

આથી શફાઅત ગ્રૂહબંધી નથી પણ એક કાયદા અને નિયમ હેઠળ છે.

B) શફાઅતમાં કોઈનો હક બગડતો નથી, જ્યારે ગ્રૂહબંધીમાં બીજાના હકનો ભંગ થાય છે.

C) શફાઅત કરનાર, શફાઅત પામનાર પાસેથી કોઈ અપેક્ષા રાખતો નથી.

જ્યારે ગ્રૂહબંધીમાં માણસ અન્ય માટે કામ કરે ત્યારે કંઈક અપેક્ષા રાખે છે.

D) શફાઅત કરનારા નું હેતુ, શફાઅત પામનારા ની મુક્તિ છે,

જ્યારે ગ્રૂહબંધી દુન્યવી હેતુઓ માટે હોય છે.

E) શફાઅત, તરબીયત અને ઇલાહી વિકાસનું કારણ છે,

કારણ કે જેને શફાઅત મળવાની હોય તે શફાઅત કરનારા અવલિયાએ ઇલાહી સાથે રૂહાની જોડાણ રાખે છે

પ્રશ્ન:

શું શફાઅત ગુનેહગારો ને ગુનાહ કરવા માટે પ્રોત્સાહન આપતું નથી?

જવાબ:

ક્યારેય નહીં કારણ કે:

1) કોઈને ખબર નથી કે કોની શફાઅત થશે અને કોની નહીં.

2) શું ઝેરનો પ્રભાવ ખતમ કરનાર દવા બનાવવી.

એ લોકોને ઝેર પીવા માટે પ્રોત્સાહન આપે છે?!!

નહીં! તે ફક્ત બિમારી માટે ઉપચાર છે તેમ શફાઅત પણ અલ્લાહની રહેમત છે, કે જે ગુનેહગારો માટે નિરાશીમાંથી બચાવનો માર્ગ છે.

## ત્રેવીસમો સબક :ગુનાહ અને નાફરમાની

### ગુનાહોના પ્રકાર

الَّذِينَ يَجْتَنِبُونَ كَبَائِرَ الْإِثْمِ وَالْفَوَاحِشَ إِلَّا اللَّمَمَ إِنَّ رَبَّكَ وَاسِعُ الْمَغْفِرَةِ

**"જેઓ ગુનાહે કબીરા અને બહયાઈથી (ગાળિયો બોલવાથી અને નાના ગુનાહો થી) દૂર રહે છે તો બેશક તમારો પરવરદિગાર તમારા માટે ખુબજ વધારે મગફેરત કરવા વાળો અને માફ કરવા વાળો છે."**

**દરેક ગુનાહને "ફાહિશા" કહેવાય છે, જેમ કે ઝિના (વ્યભિચાર)**

**"لَمَم"**

**"લમમ" માટે અનેક અર્થો રજૂ થયા છે, જેમ કે:**

**1. એવા ગુનાહ જે અજાણતા માં થાય હોય અને વારંવાર અંજામ ન આપવામાં આવે.**

**2. એવા ગુનાહ, જેનો ઇરાદો કરવામાં આવ્યો હોય, પરંતુ તે અંજામ ન આપવામાં આવે.**

**3. જે ગુનાહ પછી બંદો તૌબા અને માફી માંગી લે.**

**4. જે ગુનાહ પર અલ્લાહે અઝાબ (સજા) નો વાયદો ન કર્યો હોય.**

**5. એવા ગુનાહ કે જેમના અંજામ માટે કોઇ શરઇ સજા અને હદ નિર્ધારિત ન હોય.**

**ખુદાની નાફરમાની ભલે કોઇ પણ પ્રકારની હોય તે અતિ ભયંકર છે,**

પરંતુ બધા ગુનાહ સરખા નથી. જેવી રીતે જુઠ અને ગીબત વધુ ખરાબ છે અને તેમની સજાઓ પણ વધારે કઠોર છે ગુનાહનો સમય,

ગુનાહ કરવાની જગ્યા,

ગુનાહગાર નો ઈરાદો, ગુનાહ ના વિશે જાણકારી છે કે નહીં, ગુનાહ ને વારંવાર અંજામ આપવું.

ગુનાહ ને વારંવાર અંજામ ન આપવું

આ બધીજ વસ્તુ ગુનાહ માં અસર કરે છે

હઝરત ઇમામ અલી અલય્હિસ્સલામ છે:

"اشد الذنوب ما استخف به صاحبه"

સૌથી મોટો ગુનાહ એ છે જેને ઇન્સાન નાનો સમજે.

હઝરત ઇમામ રઝા અલય્હિસ્સલામ ગુનાહે કબીરા ની (મોટા મોટા ગુનાહો ની) યાદી આ રીતે દર્શાવી છે:

1. કોઈનો કતલ (ખૂન કરવું)
2. ઝિના (વ્યભિચાર)
3. ચોરી
4. શરાબ પીવી
5. વાલેદૈન (માતા-પિતા)નો અદબ ન કરવો અથવા ઈજ્જત ન કરવી
6. જંગના મેદાનમાંથી ભાગી જવું
7. યતીમનું માલ લૂંટી ને ખાય જવો
8. મુર્દારનું ગોશ્ત ખાવું
9. લોહી પીવું

10. સુવરનું માંસ કે અલ્લાહ ના નામ સિવાય ઝબહ કરાયેલ જાનવરનું માંસ ખાવું

11. સૂદ લેવું કે આપવું

12. રિશ્વત લેવી કે આપવી

13. જુગાર રમવું

14. ઓછા વજન માં માલ દેવો

15. પાકદામન સ્ત્રી પર ખોટો ઈલ્જામ લગાડવો

16. લેવાત કરવું (સમલૈંગિકતા)

17. ન્યાય વિરુદ્ધ સાક્ષી આપવી

18. અલ્લાહની રહેમતથી નિરાશ થવું

19. મને અલ્લાહ અઝાબ અને સજા નહીં કરે તેવું બોલવું

20. ઝાલીમો ની મદદ કરવી અને તેમના પર ભરોસો કરવો

21. ખોટી કસમ ખાવી

22. બીજાના હકનો ઉલ્લંઘન કરવો

23. ખોટું બોલવું

24. તકબ્બુર (ઘમંડ) કરવું

25. ફુઝૂલખરચી મન ફાવે ત્યાં પૈસા ઉડાડવા

26. બરબાદી અને ફિતના ફેલાવવા

27. ખિયાનત (ધોકો) કરવો

28. હજ અંજામ આપવામાં આળસ કરવી

29. અવલિયાએ-ઇલાહી (અલ્લાહના વલીઓ) સાથે દુશ્મની રાખવી

30. લહવો લઅબ (બિનજરૂરી અને હરામ મોજશોખ)માં મશગૂલ રહેવું

31. ગુનાહોને વારંવાર અંજામ આપવા

અમુક વસ્તુઓ જે ગુનાહે સગીરા ને ગુનાહે કબીરા માં બદલી નાખે છે :

1) ગુનાહનું વારંવાર કરવું

2) ગુનાહને હલકું ગણવું

3) ગુનાહ કરતી વખતે ખુશી મનાવવી

4) બગાવત અને હતધર્મી થી ગુનાહ કરવા

5) અલ્લાહની આપેલી મોહલત અને સમય ઉપર મગરૂર રહેવું અને ઘમંડ કરવું

6) જાહેરમાં ગુનાહ કરવા

7) પ્રભાવશાળી અને મશહુર લોકો જેવા ગુનાહ કરવા

ગુનાહના પરિણામો:

ગુનાહ અને નાફરમાની ના પરિણામ માણસ અને સમાજ ઉપર ઓલાદ ઉપર અને પછી ઓલાદ ની ઓલાદ ઉપર અસર કરે છે, જેમ કે:

ઝમીરનો અઝાબ: કારણકે ગુનાહ અક્કલ અને ઝમીર ની વિરુદ્ધ છે

પથ્થર દિલપણું: ગુનાહગારનું હૃદય નરમ રહેતું નથી.

નઅમતોનો છીનવાઈ જવું.

દુઆઓનું કબુલ ન થવું.

રિઝ્કમાં તંગી થાય છે.

નમાઝે શબ જેવી ઇબાદત થી વંચિત રહે છે.

અચાનક આફતો

વારસાદ નું બંધ થવું.

ઘર અને જીવનની બરબાદી

ઝિલ્લત અને બેઈજ્જતી.

ઝિંદગી ટુકી થવી.

ભૂકંપ અને કુદરતી આફત આવવી

ગરીબી અને તંગી આવવી

દુ:ખ અને બિમારીઓ આવવી

શરપસંદ અને ખરાબ લોકોનો દબદબો વધવો

ગુનાહની તલાફી (કફફારો)

1) તૌબા અને ગુનાહો ની તલાફી:

الاَّ مَنْ تَابَ وَآمَنَ وَعَمِلَ عَمَلاً صَالِحاً فَأُوْلَئِكَ يُبَدِّلُ اللَّهُ سَيِّئَاتِهِمْ حَسَنَاتٍ

"જે લોકો તૌબા કરે, ઈમાન લાવે અને સારા કામ કરે, અલ્લાહ તેઓના ગુનાહોને સવાબમાં બદલી નાંખે છે."

2) ઈમાન અને નેક કામ:

ઈમાન અને નેક કામ કરવા પર અલ્લાહ ગુનાહોને માફ કરે છે.

"وَالَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ لَنُكَفِّرَنَّ عَنْهُمْ سَيِّئَاتِهِمْ"

"જેઓ ઈમાન લાવે છે અને નેક કામ કરે છે, અમે તેમના ગુનાહોને માફ કરીશું."

3) જેઓ પોતાની માટે અને બીજાઓ માટે ઈસ્તિગફાર અને માફી માંગે:

પોતાના માટે અને બીજાના માટે માફી માંગવી પણ તલાફી છે.

"فَاسْتَغْفَرُوا اللَّهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُولُ"

"અને પછી તેઓ પણ અલ્લાહ પાસે માફી માંગે અને પયગંબર પણ તેમના માટે માફી માંગી."

4) નમાઝ કાયમ કરવી:

નમાઝ કાયમ કરવાથી ગુનાહ ખતમ થઈ જાય છે.

"وَأَقِمِ الصَّلَاةَ... إِنَّ الْحَسَنَاتِ يُذْهِبْنَ السَّيِّئَاتِ"

"નમાઝ કાયમ કરો... ખરેખર નેકીઓ ગુનાહોને દૂર કરી નાખે છે."

5) ગુનાહાને કબીરા થી બચવું:

જે મોટા ગુનાહોથી બચ્યું, અલ્લાહ તેના નાના ગુનાહોને માફ કરી દેશે.

"إِنْ تَجْتَنِبُوا كَبَائِرَ مَا تُنْهَوْنَ عَنْهُ نُكَفِّرْ عَنْكُمْ سَيِّئَاتِكُمْ"

"જો તમે મોટા ગુનાહોથી દૂર રહેશો, તો અમે તમારા બીજા ગુનાહોની પરદા પોષી કરશું" (ઢાંકી દેશું)

6) જેહાદ માં ભાગ લેવું અને શહાદત પ્રાપ્ત કરવી:

"وَ قَاتَلُوا وَ قُتِلُوا لَأُكَفِّرَنَّ عَنْهُمْ سَيِّئَاتِهِمْ"

"જેઓ જંગ કરે છે અને માર્યા જાય છે, તો અમે ખરેખર તેમના ગુનાહોને માફ કરી દઈશું."

7) રાહે ખુદામાં ખર્ચ કરવું અને ગરીબોની મદદ કરવી:

"الصدقة السر تكفر الخطيئة"

"ગુપ્ત રીતે દાન કરવું, ગુનાહોને ખતમ કરી નાખે છે."

8) લોકોની મુશ્કેલીઓમાં મદદ કરવી:

"من كفارات الذنوب العظام اغاثة الملهوف"

"મોટા ગુનાહોની માફીનો એક સાધન મુશ્કેલીમાં મૂકાયેલ વ્યક્તિની મદદ કરવી છે."

9-10-11) સલામ કરવું, ખાવાનું ખવડાવવું, અને નમાઝે શબ અદા કરવી:

"ثلاث كفارات: افشاء السلام و اطعام الطعام والصلاة بالليل و الناس نيام"

"ત્રણ વસ્તુઓ ગુનાહોની માફી છે: સલામ કરવું, ખાવાનું ખવડાવવું અને રાતે જ્યારે લોકો સૂઈ ગયા હોય ત્યારે નમાઝ અદા કરવી."

12) મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ અને તેમના એહલેબૈત અલય્હેમુસ્સલામ પર દુરૂદ મોકલવું:

"فإنها تهدم الذنوب هدما"

"દુરૂદ ગુનાહોને ખતમ કરી નાખે છે."

13) ઈસ્તિગફાર કરવું:

"رَبَّنَا اغْفِرْ لَنَا وَلِإِخْوَانِنَا الَّذِينَ سَبَقُونَا بِالْإِيمَانِ"

"અય અમારા રબ! અમને માફ કરી દે અને અમારા એ ભાઈઓને પણ માફ કરી દે, જેઓ ઈમાનમાં અમારા કરતા આગળ છે"

ઇસ્તિગફારનો અર્થ છે "કૂવામાંથી બહાર આવવું" અને તૌબાનો અર્થ છે "આગળ વધવું"

ઇસ્તિગફાર ગુનાહોને નાશ કરે છે, જ્યારે તૌબા દિલને પાકીઝગી તરફ ફરી વખત લાવે છે.

અંબિયાએ ઇલાહી પોતે પણ ઇસ્તિગફાર કરતા અને બીજા લોકોને પણ ઇસ્તિગફાર કરવા પર ભાર દેતા અને વારંવાર કહેતા

"اسْتَغْفِرُ وا رَبَّكُمْ ثُمَّ تُوبُوا إِلَيْهِ"

"તમે તમારા રબ પાસે માફી માંગો અને પછી એની તરફ પાછા ફરો."

આપણે પોતે પણ ઇસ્તિગફાર કરવો જોઈએ અને અલ્લાહના વલીઓ પાસે પણ ઇસ્તિગફાર માંગવો જોઈએ. જેમ કે યાકૂબ અલય્હિસ્સલામ ના પુત્રોએ તેમના પિતા પાસે માફી માટે ઇસ્તિગફાર કરાવવાનું કહ્યું.

"يا ابانا استغفر لنا"

"અય અમારા પિતા! અમારા માટે માફી માંગો."

પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે: મારી ઝિંદગી અને મારી વફાત બન્ને તમારાં માટે ભલાઈ છે. મારી જીંદગીમાં અલ્લાહ તમારા પર અઝાબ દૂર રાખશે અને મારી વફાત પછી તમારા અમલ નું પેશ થવું અને તમારા માટે મારું ઇસ્તિગફાર ભલાઈનું કારણ હશે."

" وَلَوْ أَنَّـهُمْ إِذْ ظَلَمُوا أَنْفُسَهُمْ جَاؤُكَ فَاسْتَغْفَرُوا اللَّهَ وَاسْتَغْفَرَ لَـهُمُ الرَّسُولُ لَوَجَدُوا اللَّهَ تَوَّاباً رَحِيماً"

"જો તેઓ પોતાનાં ઉપર ઝૂલમ કરતા, ત્યારે તારા પાસે આવીને ઇસ્તિગફાર કરતા અને પયગમ્બર પણ તેમના માટે ઇસ્તિગફાર કરત, તો તેઓ અલ્લાહને ખુબજ તૌબા કબૂલ કરનાર અને દયાળુ પામત."

જેવી રીતે મોમીન માટે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની દુઆ કબુલ થાય છે:

، اسْتَغْفَرَ لَهُمُ الرَّسُولُ لَوَجَدُوا اللَّهَ.

ફરિશ્તાઓ અને સાલેહીન પણ દુઆ કરે છે, કુરઆનમાં ફરિશ્તાઓ દુનિયાવાસીઓ માટે ઇસ્તિગફાર કરે છે.

"وَيَسْتَغْفِرُونَ لِمَنْ فِي الْأَرْضِ"

"અને તેઓ (ફરિશ્તાઓ) ધરતી પર રહેનારા માટે માફી માંગે છે."

મોમેનીન માટે ઇસ્તિગફાર:

"وَيَسْتَغْفِرُونَ لِلَّذِينَ آمَنُوا"

"તેઓ (ફરિશ્તાઓ) ઈમાનવાળાઓ માટે માફી માગે છે."

આસમાની અવલીયા ની ઝિયારત માં જવું, અને તેમના વસીલાથી મદદ માંગવાના સંબંધમાં કુરાને તાકીદ કરી છે.

તથા પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ગુનાહો માફ કરનારા નથી, પરંતુ અલ્લાહની બારગાહ માં માફી માટે નો વસીલો છે. તેથી ગુનેહગાર વ્યક્તિએ સૌપ્રથમ શરમજનક થવું જોઈએ અને પોતાના પરવરદિગાર તરફ પલટવું જોઈએ અને ત્યારબાદ અલ્લાહ સાથેના પોતાના સંબંધને મજબૂત બનાવવા માટે રસૂલ ના દર પર જવું જોઈએ.

"و ما كانَ اللّهُ لِيُعَذِّبَهُمْ وَأَنْتَ فِيهِمْ وَ ما كَانَ اللّهُ مُعَذِّبَهُمْ وَهُمْ يَسْتَغْفِرُونَ"

"અને અલ્લાહ તેમના પર એ સમય સુધી અઝાબ ન કર્યો જ્યાર સુધી પયગંબર તેમના વચ્ચે હોય અને અલ્લાહ તેઓ ઉપર

અઝાબ નહીં કરે જો તેઓ તૌબા અને ઇસ્તિગફાર કરવા વાળા બની જાય."

ઉપરોક્ત આયતમાં એ સ્પષ્ટ છે કે પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ના વજૂદ ની બરકત થી મુસ્લિમો પર સામાન્ય અઝાબ દૂર રાખવામાં આવ્યો છે, જેમ કે અગાઉની કોમો પર હતો તેમ છતાં ખાસ પરિસ્થિતિમાં કેટલાક લોકો અલ્લાહના અઝાબમાં ઘેરાઈ શકે છે.

અલ્લાહની નાફરમાની અને કેટલાક ગુનાહો કરવા એ બલાઓ અને અઝાબનું કારણ બને છે. પરંતુ તેની તલાફીનો રસ્તો તૌબા અને ઇસ્તિગફાર છે:

"و ما کان الله مُعَذِّبَهُمْ وَهُمْ يَسْتَغْفِرُونَ"

"અને અલ્લાહ તેમને અઝાબ નહીં કરશે જો તેઓ ઇસ્તિગફાર કરતા રહે."

"يَا وَ ما كَانَ رَبُّكَ لِيُهْلِكَ الْقُرِى بِظُلْمٍ وَهُمْ مُصْلِحُونَ"

"અને તમારો રબ તે વસ્તીના લોકોને નાહક નાબૂદ નથી કરતો અહીંયા સુધી કે ત્યાંના લોકો સુધરી જાય અને માફી માંગે

"أَهْلُها مُصْلِحُونَ"

"જ્યારે સુધી લોકો ભલાઈ અને સુધારક કામોમાં વ્યસ્ત હશે, ત્યારે સુધી અલ્લાહ તેમને હલાક નહીં કરે.

હદીસોમાં જણાવવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલા સમુદાયમાં કેટલાક ભલા અને સુધારક વ્યક્તિઓ અને ઈલ્મવાળા સાચ્ચા લોકો હોય અને ઓલમા ની બરકત હોય તો આઝાબ અને સખ્તીઓને ટાળી દે છે.

જેમ કે કોમે લૂત પર આવેલ આઝાબના પ્રસંગમાં જ્યારે હઝરત ઇબ્રાહીમ અલચ્હિસ્સલામ એ આઝાબ લાવનારા ફરિશતાઓને કહ્યું:

"إِنَّ فِيهَا لُوطًا"

"શું એ શહેરમાં એક સાચા અલ્લાહના બંદા રહે છે અને તમે તો પણ એ ઝમીનને નાશ કરી દેશો?"

ફરિશતાઓએ જવાબ આપ્યું:

"અમે જાણીએ છીએ કે હઝરત લૂત ત્યાં છે, તેથી અમે તેમને એ સ્થળ છોડી દેવા માટે કહી દીધું છે."

હઝરત રસૂલ અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની વફાત બાદ હઝરત અલી અલચ્હિસ્સલામે ફરમાવ્યું:

"બે અમાનત માંથી એક અમાનત અમારામાંથી દૂર થઈ ગઈ છે, જ્યારે બીજી અમાનત એટલે કે ઇસ્તિગફારની અમાનત છે, જેને સાંભળીને રાખવી જોઈએ."

જેમ કે હઝરત ઇમામ રઝા અલચ્હિસ્સલામે હઝરત ઝકરિયા બિન આદમને ફરમાવ્યું:

"તમે શહર કુમ માં રહો, જેમ કે હઝરત ઇમામ મૂસા કાઝિમ અલચ્હિસ્સલામની બરકત થી બગદાદ ના લોકો પરથી બલા દૂર થઈ હતી, તેવી જ રીતે અલ્લાહ તઆલા તમારા દ્વારા આ શહર (કુમ) માંથી બલાઓ દૂર રાખશે."

ઇસ્તિગફાર બલાઓના નાઝીલ થવા થી રોકી લે છે. તૌબા અને ઇસ્તિગફાર અલ્લાહ તઆલાના સમક્ષ અત્યંત

મહત્ત્વપૂર્ણ છે, કારણ કે ઇસ્તિગફાર દ્વારા અલ્લાહની રહેમત અને માફી પ્રાપ્ત થાય છે.

## ઉમ્મત ના નસીબ બદલાઈ શકે છે

"وَما كَانَ اللَّهُ مُعَذِّبَهُمْ وَهُمْ يَسْتَغْفِرُونَا"

"અલ્લાહ તમને અઝાબ નહીં કરે, જયાર સુધી તેઓ ઇસ્તિગફાર કરતા રહે."

ગુનાહગારોને કદી પણ નિરાશ થવું જોઈએ નહીં.

તૌબા, ઇસ્તિગફાર અને અલ્લાહના વલીઓની ઝિયારત દ્વારા પોતાની જાતને ફરીથી સુધારી શકાય છે.

## તૌબા અને ઇસ્તિગફારનો મુશરિકો અને મુનાફિકો પર કોઈ અસર નથી થતો

"سَوَاءٌ عَلَيْهِمْ أَسْتَغْفَرْتَ لَهُمْ أَمْ لَمْ تَسْتَغْفِرْ"

"તમે તેમના માટે માફી માંગો કે ન માંગો, એમના માટે કોઈ ફરક નહી પડે."

## ચોવીસમો સબક

## તૌબા

**કુરઆને કરીમમાં તૌબાની ખાસીયતો:**

"إِلَّا مَنْ تَابَ وَآمَنَ وَعَمِلَ صَالِحًا فَأُوْلَئِكَ يَدْخُلُونَ الْجَنَّةَ وَلَا يُظْلَمُونَ شَيْئًا!"

**"સિવાય તેમના જેમણે તૌબા કરી, ઈમાન લાવ્યું અને સારા કામ કર્યા. તેઓ જન્નતમાં દાખલ થશે અને તેઓ ઉપર કોઈ પ્રકાર નો ઝુલ્મ નહી થાય"**

**સામાન્ય રીતે, કુરઆન મજીદે અઝાબની આયતોના પછી " إِلَّا الَّذِينَ تَابُوا" અથવા "إِلَّا مَنْ تَابَ" જેવા વાક્ય લખ્યા છે, જેથી આ સ્પષ્ટ થાય કે ઇસ્લાહ નો માર્ગ કદી પણ કોઈ માટે બંધ થયો નથી.**

**તૌબા કરવી ફરજ છે, કારણ કે અલ્લાહ તઆલાનું ફરમાન છે:**

"تُوبُوا إِلَى اللَّهِ" –

**"અલ્લાહ પાસે તૌબા માંગો."**

**સાચી તૌબા ચોક્કસપણે કબૂલ થાય છે, કારણ કે એ અશક્ય નથી કે આપણે અલ્લાહના આદેશ અનુસાર તૌબા કરીએ અને તે સ્વીકારમાં ન આવે.**

"هُوَ الَّذِي يَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِهِ"

**"તે જ છે જે પોતાના બંદાઓની તૌબા કબૂલ કરે છે."**

"هُوَ التَّوَّاب الرَّحِيمُ" **અને** عباده

અલ્લાહ તઆલા તૌબા કબૂલ કરે છે અને તૌબા કરનાર લોકોને ખૂબ જ દોસ્ત રાખે છે:

"يُحِبُّ التَّوَّابِينَ" –

"તે તૌબા કરનારાઓને દોસ્ત રાખે છે."

તૌબા, સારા કામો અને ગુનાહો ની ભરપાઈ સાથે હોવી જોઈએ:

"تَابَ وَعَمِلَ صَالِحًا"

"તેણે તૌબા કરી અને સારા કામ કર્યા."

"تَابَ مِن بَعْدِهِ وَأَصْلَحَ"

"તેમણે તૌબા કરી, પછી સુધારો કર્યો."

"تَابُوا وَأَصْلَحُوا وَبَيَّنُوا"

"તેમણે તૌબા કરી, સુધારો કર્યો અને સ્પષ્ટ કર્યું."

તૌબા સફળતાનું રહસ્ય છે:

"تُوبُوا... لَعَلَّكُمْ تُفْلِحُونَ"

"તૌબા કરો... કદાચ તમે સફળ થશો."

તૌબાના દ્વારા ગુનાહો સારા કામોમાં ફેરવાઈ જાય છે:

"إِلَّا مَنْ تَابَ وَعَمِلَ صَالِحًا فَأُوْلَئِكَ يُبَدِّلُ اللَّهُ سَيِّئَاتِهِمْ حَسَنَاتٍ"

"સિવાય તેમના જેમણે તૌબા કરી અને સારા કામ કર્યા. અલ્લાહ તેમના ગુનાહોને સારા કામોમાં ફેરવી દે છે."

તૌબા, અલ્લાહની બરકતો અને દયા તરફ લઈ જાય છે:

"تُوبُوا يُرْسِلِ السَّمَاءَ"

"તૌબા કરો, તે તમારા પર વરસાદ વરસાવશે."

**તૌબા, રોજીમાં બરકતનું કારણ બને છે:**

"تُوبُوا إِلَيْهِ يُمَتِّعْكُم مَتَاعًا حَسَنًا"

**"તૌબા કરો, તે તમને સરસ જીવનની નેઅમત આપે છે."**

**મરણ અને અઝાબ જોવા પછી તૌબા સ્વીકાર્ય નથી:**

"حَتَّى إِذَا حَضَرَ أَحَدَهُمُ الْمَوْتُ قَالَ إِنِّي تُبْتُ الْآنَ"

**"જ્યારે તેમની પાસે મૌત આવી જાય, ત્યારે તેઓ કહે છે: હવે હું તૌબા કરું છું." તો સ્વીકારવામાં નહીં આવે**

**અલ્લાહ તૌબા કબૂલ કરવા ઉપરાંત એક ખાસ મહેરબાની પણ કરે છે:**

"هُوَ التَّوَّابُ الرَّحِيمُ"

**"તે તૌબાઓ સ્વીકારનાર અને મહેરબાન છે."**

"ثُمَّ تَابَ وَأَصْلَحَ فَإِنَّهُ غَفُورٌ رَّحِيمٌ"

**"તેમણે તૌબા કરી અને સુધારો કર્યો, તો નિશ્ચિત છે કે અલ્લાહ માફ કરનાર અને દયાળુ છે."**

"ثُمَّ تَابَ عَلَيْهِمْ إِنَّهُ بِهِمْ رَءُوفٌ رَّحِيمٌ"

**"પછી તેમણે તૌબા કરી, તો અલ્લાહ તેઓ પર ખૂબ જ દયાળુ અને મહેરબાન છે."**

"ثُمَّ تُوبُوا إِلَيْهِ إِنَّ رَبِّي رَحِيمٌ وَدُودٌ"

**"પછી અલ્લાહ તરફ તૌબા કરો. ખરેખર મારો રબ દયાળુ અને પ્રેમાળ છે."**

**આ તમામ આયતોમાં તૌબાની સાથે અલ્લાહની દયા, મહેરબાની અને અલ્લાહની મોહબ્બત નો ઉલ્લેખ થયો છે.**

કુરઆને કરીમ તૌબા ન કરવું ઝુલ્મ અને હલાકતનું કારણ ગણાવ્યું છે.

"وَمَن لَّمْ يَتُبْ فَأُوْلَئِكَ هُم الظَّالِمُونَ، ثُمَّ لَمْ يَتُوبُوا فَلَهُمْ عَذَابُ جَهَنَّمَ"

"અને જેમણે તૌબા ન કરી, તો એ લોકો જ ઝુલ્મ કરનારા છે. પછી તેમણે તૌબા ન કરી, તો તેઓ માટે જહન્નમ નો અઝાબ છે."

તૌબા કબૂલ થવાની શરતો:

સુરે નિસાની માં તૌબા કબૂલ થવાની કેટલીક શરતોનો ઉલ્લેખ થયો છે:

" إِنَّمَا التَّوْبَةُ عَلَى اللَّهِ لِلَّذِينَ يَعْمَلُونَ السُّوءَ بِجَهَالَةٍ ثُمَّ يَتُوبُونَ مِن قَرِيبٍ فَأُوْلَئِكَ يَتُوبُ اللَّهُ عَلَيْهِمْ وَكَانَ اللَّهُ عَلِيمًا حَكِيمًا"

"અલ્લાહ પર તૌબા સ્વીકારવાનું વચન ફક્ત તેમના માટે છે, જે અજાણતા નાફરમાની કરે છે અને પછી તુરંત જ તૌબા કરી લે છે. તે લોકોની તૌબા અલ્લાહ સ્વીકારી લે છે, અને અલ્લાહ જાણનાર અને હિકમતવાળો છે."

A) ગુનાહ અજાણતા અથવા ગુનાહના પરિણામથી બેખબર થઈને કરાયો હોય, કુફ્ર અને દુશ્મનીના ઇરાદા સાથે નહીં.

B) માનવીને તુરંત તૌબા કરી લેવી જોઈએ, એ પહેલાં કે:

ગુનાહની અસર તેના પર છવાઈ જાય.

જો કોઈને ગુનાહ કરવાની આદત બની જાય તો

અલ્લાહનો ગુસ્સો અને અઝાબ તેના પર આવી પડે છે.

હઝરત ઈમામ સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે :

"માનવી જ્યારે પણ ગુનાહ કરે છે, ભલે તે જાણી જોઈને પણ કરે, જયારે કે તે વાસ્તવમાં અજાણ છે કારણ કે તે પોતાને અલ્લાહના ગુસ્સા અને અઝાબ સામે મૂકી દીધો છે."

જેમણે તૌબા કરી હોય, તે એવા બની જાય છે જાણે કે તેણે કદી ગુનાહ કર્યાં જ ન હોય. તે એ બાળક સમાન બની જાય છે, જે માતાના ગર્ભમાંથી તાજું જન્મ્યું હોય.

તૌબા દ્વારા નજાત મેળવવી:

" فَلَوْ لا كَانَتْ قَرْيَةٌ آمَنَتْ فَنَفَعَهَا إِيمَانُهَا إِلَّا قَوْمَ يُونُسَ لَمَّا آمَنُوا كَشَفْنَا عَنْهُمْ عَذَابَ الْخِزْيِ فِي الْحَيَاةِ الدُّنْيَا وَمَتَّعْنَاهُمْ إِلَى حِينٍ"

"કોઈ બસ્તી એવી શા માટે ન બની કે જે ઇમાન લાવી હોય અને તેનો ઇમાન તેને ફાયદો પહોંચાડે, સિવાય યુનુસની કૌમના. જ્યારે તેઓ ઇમાન લાવ્યા, ત્યારે અમે તેઓ પરથી દુનિયાના જીવનમાં રુસવાઈનું આઝાબ દૂર કરી દીધું અને અમે તેમને નક્કી સમય સુધી સુખશાંતિ આપી."

કિસ્સો:

તફસીરોમાં વર્ણવાયું છે કે:

હઝરત યુનુસ અલયહિસ્સલામ વર્ષો સુધી પોતાની કૌમને અલ્લાહની ઇબાદત તરફ બોલાવતા રહ્યા, પણ કૌમ માં ફક્ત બે વ્યક્તિઓ જ ઇમાન લાવ્યા – એક આબિદ અને બીજો હકીમ (જ્ઞાની).

હઝરત યુનુસ અલય્હિસ્સલામને આબિદે નફરત અને ગુસ્સાથી લોકો પર બદદુઆ આપવા માટે સલાહ આપી. તેથી હઝરત યુનુસ અલય્હિસ્સલામે ગઝબમાં પોતાની કૌમને છોડીને નીકળી ગયા. પણ તેમને ખબર ન હતી કે અલ્લાહ તેમના આ પગલાની પરિક્ષા લેશે અને તેમના જીવનમાં તકલીફો આવશે.

હઝરત યુનુસ અલય્હિસ્સલામ એક કશ્તીમાં સવાર થયા, જેથી અન્ય વિસ્તારોમાં જઈ શકે. ત્યાં અચાનક કશ્તિ એક મોટી માછલી સાથે અથડાઈ, જેના કારણે કશ્તિ ડૂબવાની કગાર પર આવી ગઈ.

કશ્તિના માલિકોએ નિર્ણય કર્યો કે આ મુસીબતમાંથી છૂટકારો મેળવવા માટે એક વ્યક્તિને દરિયામાં ફેંકી દેવામા આવે. જ્યારે ડ્રો કરવામાં આવ્યું, ત્યારે હઝરત યુનુસ અલય્હિસ્સલામ નું નામ નીકળ્યું.

તેઓને તરતજ દરિયામાં ફેંકી દેવામાં આવ્યા અને તરતજ એક મોટી માછલીએ તેમને ગળી ગઈ.

હઝરત યુનુસ (અલૈહિસ્સલામ)" ને માછલીએ ગળી લીધા, પણ અલ્લાહના હુકમથી માછલીએ તેમને હજમ કર્યા નહિ.

હઝરત યુનુસ અલય્હિસ્સલામને માછલીના પેટની અંધકાર અને દરિયાની ઊંડાઈઓમાં રહેલા દૂઃખદ અનુભવમાં એ વાતનો અહેસાસ થયો કે તેમણે પોતાની જાત પર ઝૂલમ કર્યું છે અને બેદરકારીપૂર્વક પોતાની કૌમમાંથી બહાર નીકળી ગયા છે.

તેઓએ અલ્લાહની બારગાહમાં દુઆ કરી અને

અલ્લાહે તેમની દુઆ કબૂલ કરી અને તેમને આ હાલતમાંથી નજાત આપી.

તેના પછી હઝરત યુનુસ અલય્હિસ્સલામ ને "ઝુન-નૂન" ( માછલીવાળા) ઉપનામ મળ્યું, જેની વિગત સૂરે અંબીયા માં વર્ણવાઈ છે.

કૌમની તૌબા અને બચાવ:

થોડાક સમય પછી હઝરત યુનુસ અલય્હિસ્સલામ પોતાની કૌમ તરફ પાછા આવ્યા તો જોયું કે તેમની કૌમ હલાક થઈ નથી.

તેમણે આનું કારણ પૂછ્યું, તો લોકોએ તેમને આ ઘટના વર્ણવી:

"એક હકીમ મોમીન જેને તમે પહેલા નફરત સાથે છોડી દીધા હતા તે અલ્લાહના અઝાબની નિશાનીઓ જોયા પછી એક ઊંચી જગ્યા પર ગયો અને કૌમને ચેતવણી આપી.

લોકો તેમની વાતથી પ્રભાવિત થયા અને તેમના માર્ગદર્શન પ્રમાણે તૌબા માટે શહેરની બહાર ગયા.

બધાજ પોતાના બાળકોને પોતાથી અલગ કરી દીધા અને અલ્લાહની બારગાહમાં રડતાં-ફરિયાદ કરતાં કરતાં તૌબા કરવા લાગ્યા.

અલ્લાહે તેમના આંસુઓ અને તૌબા કબૂલ કરી અને તેમને નક્કી થયેલા અઝાબથી મુક્તિ આપી.

હાં, માણસ પોતાને ખતરનાક સ્થિતિઓમાં પણ બચાવી શકે છે.

ઈમાન અને સાચા સમયે તૌબાના કારણે અલ્લાહનો અઝાબ ટળી શકે છે.

દુઆ અને મુનાજાત દ્વારા તકલીફો દૂર કરી સફળ થઈ શકે છે.

"હઝરત યુનુસ અલય્હિસ્સલામ" ની કૌમની તૌબા નો ઉલ્લેખ આ એક જ આયતમાં સંક્ષિપ્તમાં થયો છે, પરંતુ આ સૂરા નું નામ "સૂરે યુનુસ" રાખવામાં આવ્યું છે.

કૌમની મહત્વતા અને આ કામની હસાસિયત એ છે કે તેમણે છેલ્લા ક્ષણોમાં તૌબા કરી અને અલ્લાહે તેમની તૌબા કબૂલ કરી લીધી.

# પચીસમો સબક,કયામત

## કયામતનો હિસાબ-કિતાબ

اقْتَرَبَ لِلنَّاسِ حِسَابُهُمْ وَهُمْ فِي غَفْلَةٍ مُعْرِضُونَ

**લોકો માટે હિસાબનો સમય આવી ગયો છે અને તે હજી પણ ગફલતમાં પડેલા છે અને દૂર ભાગી રહ્યા છે.**

**બધા લોકોને સવાલ પૂછવામાં આવશે:**

فلنسئلن الذين ارسل اليهم ولنسئلن المرسلين

**બધાજ આમાલનો અને બધાનો હિસાબ-કિતાબ થશે:**

التسئلن عما كنتم تعملون

**બધીજ હાલતની તપાસ થશે:**

ان تبدوا ما فى انفسكم او تخفوه يحاسبكم به الله

**માણસના શરીરના તમામ અંગોથી સવાલ પૂછવામાં આવશે:.**

إِنَّ السَّمْعَ وَالْبَصَرَ وَ ... كُلُّ أُوْلَـئِكَ كَانَ عَنْهُ مَسْئُولاً .

**"સમાઅત બસારત અને કુવ્વતે ક્લબ– એ બધાં વિશે પુછપરછ થશે." (આંખ શું જોયું કાને શું સાંભળ્યું દિલ કઈ બાજુ રસ ધરાવતું? વગેરે....)**

**ખુદાવંદે આલમની આપેલી નેઅમત વિશે સવાલ પૂછવામાં આવશે:**

وَلَتُسْـَٔلُنَّ يَوْمَئِذٍ عَنِ ٱلنَّعِيمِ .

"અને તે દિવસે તમને (આ દુનિયાની) નેઅમતો વિશે પ્રશ્ન કરવામાં આવશે."

બધા કામો જ્યાં પણ કરવામાં આવ્યા હશે અને જે રીતે કરવામાં આવ્યા હશે તે બધું હાજર થશે.

إِن تَكُ مِثْقَالَ حَبَّةٍ مِّنْ خَرْدَلٍ فَتَكُن فِى صَخْرَةٍ .

"જો સરસોનું દાણો પણ હોય અને તે પથ્થર (અથવા ધરતી કે આકાશ)માં છુપાયેલું હોય, તો પણ અલ્લાહ તેને (હિસાબ માટે) લઇ આવશે."

સૌથી પહેલો પ્રશ્ન નમાઝ વિશે કરવામાં આવશે અને મહત્વની બાબતો વિશે પ્રશ્નો પૂછવામાં આવશે, જેમ કે: જવાની નો સમય, આયુષ્ય કઈ બાજુ વાપરી, વેપાર કેવી રીતે કરતા અને તેને કયાં ખર્ચ કર્યો . ખાસ કરીને વિલાયત વિશે પ્રશ્નો થશે. કે ઈમામ ને માનતા હતા કે નહીં અને માનતા હતા તો ખાલી નામથી માનતા હતા કે સાચ્ચે ઈમામ ની વાતો ઉપર અમલ કરતા હતા.

હિસાબની મહત્વતા માટે એટલું જ પૂરતું છે કે ખુદા વંદે આલમ હિસાબ લેશે:

"كَفَى بِنَا حَاسِبِينَ"

"અમારા માટે હિસાબ લેવું પૂરતું છે."

કયામતમાં હિસાબ-કિતાબના પ્રકારો:

1. એક સમૂહ નો હિસાબ સરળ હશે:

"حِسَابًا يَسِيرًا"

"તેમનું હિસાબ સરળ થશે."

2. અમુક લોકોનો હિસાબ બહુ ચોક્કસ અને કઠિન હશે:

"حِسَابًا شَدِيدًا"

"તેમનું હિસાબ કઠિન હશે."

3. અમુક લોકો વગર હિસાબ-કિતાબના જ જહન્નમમાં જશે અને તેમના હિસાબની જરૂર નહીં રહે:

"فَلَا نُقِيمُ لَهُمْ يَوْمَ ٱلْقِيَـٰمَةِ وَزْنًا"

"કયામતના દિવસે એમનો કોઈ વજન (મૂલ્ય) નહીં રાખવામાં આવે."

4. અમુક લોકો વગર હિસાબ-કિતાબે જન્નતમાં જશે:

"إِنَّمَا يُوَفَّى ٱلصَّـٰبِرُونَ أَجْرَهُم بِغَيْرِ حِسَابٍ"

"ધીરજ રાખનારા લોકોને તેમના સવાબ નો પૂરો પૂરો બદલો મળશે અને વગર હિસાબ માફી આપવામાં આવશે."

રિવાયત અનુસાર, પરિણામ એ છે કે જે લોકો બીજાઓને માફ કરવા વાળા, દયાળુ અને ભલાઇ થી વર્તે છે, તેમનો હિસાબ સરળ થશે. જ્યારે જે લોકો બીજાઓ સાથે કઠોર સ્વભાવ રાખે છે, તેમનો હિસાબ પણ કઠિન થશે.

મુશ્રીકો હિસાબ કિતાબ વગર જહન્નમ માં જશે અને સબ્ર કરવા વાળા ઈમાનદાર વગર હિસાબ કિતાબ જન્નતમાં જશે.

નામે આમાલ:

وَ كُلَّ إِنسَانٍ أَلْزَمْنَاهُ طَائِرَهُ فِي عُنُقِهِ وَنُخْرِجُ لَهُ يَوْمَ الْقِيَامَةِ كِتَابًا يَلْقَاهُ مَنْشُورًا

"અને અમે દરેક વ્યક્તિના નામે આમાલ તેની ગરદન સાથે લટકાવી દીધા છે અને કયામત ના દિવસે અમે તેને એક ખુલ્લી પુસ્તકની જેમ પેશ કરીશું."

કુરઆને મજીદમાં વારંવાર નામે આમાલ વિશે ઉલ્લેખ થયો છે. વિવિધ આયતો માં મહત્વના મુદ્દા આ રીતે છે:

1. નામે આમાલ તમામ માણસો માટે છે:

كُلَّ إِنسَانٍ أَلْزَمْنَاهُ طَائِرَهُ

"પ્રત્યેક વ્યક્તિ માટે નામે આમાલ નિશ્ચિત છે."

2. એમા તમામ આમાલ લખેલા હશે:

لَا يُغَادِرُ صَغِيرَةً وَلَا كَبِيرَةً

"એમા ન તો નાનકડા અને ન તો મોટા ગુનાહ છૂટશે."

3. અપરાધીઓ (મુજ્રિમો) તેનાથી ડરશે:

فَتَرَى ٱلْمُجْرِمِينَ مُشْفِقِينَ مِمَّا فِيهِ

"તમે જોશો કે ગુનહગારો તે લખાણથી ડરીને ધ્રૂજી જશે."

4. માણસ પોતે જ પોતાના આમાલ ના લેખનો ફેસલો કરશે:

ٱقْرَأْ كِتَـٰبَكَ كَفَىٰ بِنَفْسِكَ ٱلْيَوْمَ عَلَيْكَ حَسِيبًا

"આજના દિવસે તું તારા લેખને વાંચ, તું પોતે જ તારો હિસાબ લેવા માટે પૂરતો છે."

5. કામયાબ (સફળ) લોકોના નામે આમાલ તેમના જમણા હાથમાં આપવામાં આવશે, જ્યારે દોઝખી લોકોના તેમના ડાબા હાથમાં આપવામાં આવશે:

أُوتِىَ كِتَـٰبَهُۥ بِيَمِينِهِۦ وَبِشِمَالِهِۦ

"જેનો લેખ તેના જમણા હાથમાં આપવામાં આવશે, અને કેટલાકના ડાબા હાથમાં આપવામાં આવશે."

## કયામતના દિવસે આપણા કાર્યો ની ગવાહી આપનાર

1. ખુદ ખુદા સાક્ષી હશે, કેમ કે તે તમામ અમલ પર નજર રાખે છે:

إِنَّ ٱللَّهَ عَلَىٰ كُلِّ شَىْءٍ شَهِيدًا

"ખુદા દરેક વસ્તુ પર સાક્ષી છે."

2. પયગંબર અકરમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ:

فَكَيْفَ إِذَا جِئْنَا مِن كُلِّ أُمَّةٍۭ بِشَهِيدٍ وَجِئْنَا بِكَ عَلَىٰ هَٰٓؤُلَآءِ شَهِيدًا

"ત્યારે શું હાલત હશે જ્યારે અમે દરેક ઉમ્મત માટે સાક્ષી લાવીશું અને તમને (હે પયગંબર) તેમની ઉપર સાક્ષી બનાવીશું?"

3. ઇમામે માઅસુમીન અલયહેમુસ્સલામ:

وَكَذَٰلِكَ جَعَلْنَٰكُمْ أُمَّةً وَسَطًا لِّتَكُونُوا۟ شُهَدَآءَ عَلَى ٱلنَّاسِ

"અમે તમને મધ્યમ ઉમ્મત બનાવ્યા છે, જેથી તમે લોકો પર સાક્ષી બનો.

હદીસ અનુસાર અહીં "ઉમ્મત વસ્ત" (મધ્યમ ઉમ્મત)નો અર્થ ઇમામે માઅસુમીન છે, કારણ કે અન્ય લોકો સાક્ષી આપવા માટે જરૂરી ઇલ્મ અને ઇસમત (પાકીઝગી) નથી રાખતા.

4. ફરિશ્તાઓની સાક્ષી:

وَجَآءَتْ كُلُّ نَفْسٍ مَّعَهَا سَآئِقٌ وَشَهِيدٌ

"કયામતના દિવસે દરેક વ્યક્તિની સાથે બે ફરિશ્તા હશે એક તેને આગળ લઈ જશે અને બીજો સાક્ષી આપશે."

5. ઝમીન સાક્ષી આપશે:

يَوْمَئِذٍ تُحَدِّثُ أَخْبَارَهَا

"તે દિવસે ધરતી તેની તમામ ખબર જણાવશે."

6. ઝમીર (દિલ)ની સાક્ષી:

ٱقْرَأْ كِتَٰبَكَ كَفَىٰ بِنَفْسِكَ ٱلْيَوْمَ عَلَيْكَ حَسِيبًا

"આજે તારા અમલનામા ને વાંચ અને તું જાતે જ તારો હિસાબ કરી લે."

7. શરીરનાં અંગો સાક્ષી આપશે:

يَوْمَ تَشْهَدُ عَلَيْهِمْ أَلْسِنَتُهُمْ وَأَيْدِيهِمْ وَأَرْجُلُهُم

"ક્યામતના દિવસે તેમની સામે તેમની જીભો, હાથ અને પગ સાક્ષી આપશે."

8. સમય પણ સાક્ષી આપશે:

હઝરત ઇમામ સજ્જાદ અલય્હિસ્સલામ સહીફએ સજ્જાદીયાની છઠ્ઠી દુઆમાં ફરમાવે છે:

"هَذَا يَوْمٌ حَادِثٌ جَدِيدٌ وَهُوَ عَلَيْنَا شَاهِدٌ عَتِيدٌ"

"આ એક નવો દિવસ છે, જે ક્યામત માં અમારા અમલ પર સાક્ષી બનશે."

9. અમલ પણ સાક્ષી આપશે:

"وَوَجَدُوا مَا عَمِلُوا حَاضِرًا"

"ક્યામત માં માણસના અમલ તેની સુરત અને હાલત સ્વરૂપમાં સામે હાજર રહેશે."

બીજાઓને માફ કરો જેથી આપણી પણ માફી થાય:

ખુદાના લુત્ફ અને રહમત પ્રાપ્ત કરવા માટે એક રસ્તો છે. કુરઆને મજીદમાં ખુદા વંદે આલમ ઇરશાદ ફરમાવે છે:

"وَلْيَعْفُوا وَلْيَصْفَحُوا أَلَا تُحِبُّونَ أَنْ يَغْفِرَ ٱللَّهُ لَكُمْ"

"તમારે બીજાઓને માફ કરવું જોઈએ અને દરગૂઝર કરવું જોઈએ. શું તમે નથી ઇચ્છતા કે ખુદા તમારા ગુનાહ માફ કરી દે?"

ક્યામતનો દિવસ હિસાબ-કિતાબ અને સજા-જ઼ઝા માટેનો દિવસ છે. તે એકલતાનો દિવસ છે. આપણે હવે એ તન્હાઈ ની ચિંતા કરવી જોઈએ જ્યાં એકલા હશું. ખુદાના લુત્ફ અને કરમ પ્રાપ્ત કરવા માટે આજે આપણે બીજાઓ પર લુત્ફ કરવું જોઈએ. જો આપણે બીજાઓ પર મહેરબાની કરીશું તો ખુદા પણ આપણા પર મહેરબાની કરશે.

ઘણાં લોકો ગયા વર્ષે રમઝાનમાં હતા, પણ આ વર્ષે નથી. કદાચ આ રમઝાન પણ આપણા માટે જીવનનો છેલ્લો રમઝાન હોઈ શકે તો બધાજ મોમીનો ને માફ઼ કરી દયો જેથી અલ્લાહ તમારી સાથે મહેરબાની થી પેશ આવે.

## છવ્વીસમો સબક.

## ઇન્ફાક ખુદાના રસ્તામાં ખર્ચ કરવું

### ખુદાના રસ્તામાં ખર્ચ કરવાના પ્રકાર:

" يَسْئَلُونَكَ مَا ذَا يُنفِقُونَ قُلْ مَا أَنْفَقْتُمْ مِنْ خَيْرٍ فَلِلْوَالِدَيْنِ وَالْأَقْرَبِينَ وَالْيَتَامَى وَالْمَسَاكِينِ وَابْنِ السَّبِيلِ وَمَا تَفْعَلُوا مِنْ خَيْرٍ فَإِنَّ اللَّهَ بِهِ عَلِيمٌ"

"અય પયગંબર! લોકો તમને પૂછે છે કે ખુદાના રસ્તામાં શું ખર્ચવું જોઈએ? તમે કહો કે તમે જે કંઈ પણ સારો ખર્ચ કરશો, તે તમારા માતા-પિતા, સંબંધીઓ, યતીમો, મિસ્કીનો (મોટી તકલીફમાં હોય તેવા ગરીબો) અને મુસાફરો માટે છે. તમે જે કંઈ પણ ભલું કરશો, ખુદા એને સારી રીતે જાણે છે."

### ખુદાના રસ્તામાં ખર્ચ કરવાના પાંચ પ્રકાર:

1. વાજિબ ઇન્ફાક:

જેમ કે, ખુમ્સ, ઝકાત, કફ્ફારો, ફિદયો અને (પુરુષ માટે પરિવારજનોના ખર્ચની) જવાબદારી.

2. મુસ્તહબ ઇન્ફાક:

જેમ કે – ગરીબો અને યતીમો ની મદદ કરવી અને મિત્રો ને ભેટ આપવી.

3. હરામ ઇન્ફાક:

જેમ કે, નાજાયઝ કમાયેલા માલ માંથી ઇન્ફાક કરવું અથવા ગુનાહના રસ્તામાં ખર્ચ કરવું.

4. મકરૂહ ઇન્ફાક:

જેમ કે – પોતાના સંબંધીઓમાં જે હકદાર છે તેને છોડીને અન્ય લોકોને ઇન્ફાક કરવું.

5. મુબાહ ઇન્ફાક:

જેમ કે – જીવનમાં વધુ આરામ અને સુખ માટે બીજાઓ પર ખર્ચ કરવું. કારણ કે ગરીબી અને તકલીફ દૂર કરવા માટે ઇન્ફાક વાજિબ અથવા મુસ્તહબ છે.

બેહતરીન ઇન્ફાક:

"لَنْ تَنالُوا الْبِرَّ حَتَّى تُنْفِقُوا مِمَّا تُحِبُّونَ"

"તમે તેટલા સમય સુધી નેકી (ભલાઈ)ની ઊંચી મંજિલ પર ન પહોંચી શકો, જ્યાં સુધી તમે પોતાની પ્રિય વસ્તુઓમાંથી ખુદાના રસ્તામાં ઇન્ફાક ન કરો."

"બિર" (ભલાઈ)

કુરઆન શરીફમાં "બિર" નો ઉલ્લેખ અલગ અલગ પ્રકારની ભલાઈઓ માટે થાય છે, જેમ કે:

ઈમાન અને સારા કાર્યો, જેહાદ, નમાઝ અદા કરવી, વચનોને પાળવું

કુરઆન મોમીનોને ભલાઈ કરવા માટે એકબીજાની મદદ કરવા માટે કહે છે:

"تعاونوا على البر"

(ભલાઈમાં એકબીજાની મદદ કરો).

મોમીનોના ઇન્ફાકના કેટલાક ઉદાહરણ:

1. હઝરત અબુ તલ્હા અંસારી:

મદીનામાં તેની પાસે ખજૂરનો સૌથી મોટો બગીચો હતો, જેનાથી ઘણી સારી આવક થતી હતી. એ બગીચો મસ્જિદે નબવીના સામે હતો અને તેમાં એક સરસ ઝરણું વહેતું હતું. હઝરત પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ક્યારેક એ બગીચામાં જતાં અને એ ઝરણાના પાણીમાંથી પીતાં.

જ્યારે આ આયત:

"لَنْ تَنَالُوا الْبِرَّ حَتَّى تُنْفِقُوا مِمَّا تُحِبُّونَ"

(તમે તેટલા સમય સુધી ભલાઈના ઉચ્ચ દરજ્જે ન પહોંચી શકો, જ્યાં સુધી તમારી પ્રિય વસ્તુ ખુદાના માર્ગમાં ઇન્ફાક ન કરો) નાઝીલ થઈ, ત્યારે અબુ તલ્હા હઝરત પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની સેવામાં હાજર થયા. તેમણે કહ્યું:

"મારા માટે આ બગીચો સૌથી પ્રિય છે. હું આ બગીચાને ખુદાના માર્ગમાં ઇન્ફાક કરવા ઈચ્છું છું."

પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવ્યું:

"આ તો એક ઉત્તમ વ્યવહાર છે, ખૂબ સરસ! પણ મારી સલાહ એ છે કે તું આ બગીચો તારા પરિવાર અને સંબંધીઓમાંના ગરીબ લોકોને આપી દે."

હઝરત અબુ તલ્હા એ સલાહ માનીને બગીચો તેમના ગરીબ સંબંધીઓને આપી દીધો.

2. હઝરત ફાતેમા ઝહરા અલય્હેમુસ્સલામ:

જ્યારે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલ્યહા, હઝરત અલી અલચ્હિસ્સલામ સાથે લગ્ન કરી તેમના ઘેર લઈ જવામાં આવી રહ્યા હતા, ત્યારે એક ગરીબ વ્યક્તિએ બીબી ફાતેમાને જૂના કપડાં આપવા માટે વિનંતી કરી.

બીબી ફાતિમાને "لَنْ تَنَالُوا الْبِرَّ" ની આયત યાદ આવી. તેથી, તેમણે પોતાની લગ્ન માટેની નવી પોશાક ગરીબને આપી દીધી અને પોતે જૂના કપડાં પહેરી લીધા.

3. હઝરત અબુઝર:

એક વખત હઝરત અબુઝર ના ઘરે કેટલાક મહેમાનો આવ્યા. હઝરત અબુઝરે કહ્યું:

"હું આ સમયે તકલીફમાં છું, તમે મારો એક ઊંટ ઝબહ કરીને ભોજન તૈયાર કરી લાવો."

મહેમાનો એ પાતળા અને કમજોર ઊંટને ઝબહ કર્યો.

હઝરત અબુઝર નારાઝ થયા અને પૂછ્યું:

"તમે કોઈ મોટો અને તગડો ઊંટ કેમ નહોતો ઝબહ કર્યો?"

મહેમાનો એ જવાબ આપ્યું:

"મોટો ઊંટ અમે તમારા જરૂરિયાત માટે બચાવી રાખ્યો છે."

હઝરત અબુઝરે ફરમાવ્યું:

મારી જરૂરિયાતનો સમય મારી કબર છે.

હઝરત ઇમામ સાદિક અલચ્હિસ્સલામ ફરમાવે છે:

"સદકો કોઈ ગરીબના હાથમાં તે સમયે સુધી ન જાય, જ્યા સુધી તે ખુદાના હાથમાં ન પહોંચે."

પછી ઇમામ અલચ્હિસ્સલામ એ કુરાનની આ આયતની તિલાવત કરી:

"أَلَمْ يَعْلَمُوا أَنَّ اللَّهَ هُوَ يَقْبَلُ التَوْبَةَ عَنْ عِبَادِهِ وَيَأْخُذُ الصَّدَقَاتِ"

(શું તેઓ નથી જાણતા કે ખુદા જ પોતાના બંદાઓની તૌબા કબૂલ કરે છે અને સદકા/ઝકાત વસુલ કરે છે?)

તો પછી જ્યારે સદકાનો લેવા વાળા પોતે ખુદા હોય, તો ગરીબો પર નિડર બનીને ઇન્ફાક કરો.

તેમનો ઉપકાર ના માનો, પણ બેહતરીન વસ્તુ અને બેહતરીન રીતથી તેમને અતા કરો.

શહાદત – પોતાની જાતનો ઇન્ફાક

ખુદાના માર્ગમાં ખર્ચેલું ધન 70 ગણું કે તેથી પણ વધુ વધી જાય છે, તો પછી ખુદાના માર્ગમાં પોતાનું જીવન અને લોહી દાન કરવું કેટલી મહાન બાબત હશે?

કુરાનમાં ખુદા વંદે આલમ ફરમાવે છે:

"وَ لَا تَحْسَبَنَّ الَّذِينَ قُتِلُوا فِي سَبِيلِ اللَّهِ أَمْوَاتًا بَلْ أَحْيَاء عِنْدَ رَبِّهِمْ يُرْزَقُونَ"

(અને ખુદાના માર્ગમાં મારવામાં આવેલા લોકોને મૃત માનો નહીં. તેઓ જીવિત છે અને પોતાના પરવરદિગાર ત્યાંથી હયાતી માં રીઝક પામે છે.)

આપણે શહીદોને જીવિત માનીએ છીએ. નબીએ કરીમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ના સમયમાં શહીદ થયેલા લોકો અને ખાસ કરીને કરબલાના શહીદો ને સલામ પેશ કરીએ છીએ, તેમની સાથે વાત કરીએ છીએ અને તવસ્સુલ (વસીલો દ્વારા દુઆ) કરીએ છીએ.

અમે અહીંયા શહીદો અને શહાદત માટે અમુક નુકતા બયાન કરીએ છીએ:

રિવાયત મુજબ ખુદા વંદે આલમ તરફથી શહીદને સાત વિશિષ્ટતા અને ખુસુસીયત આપેલ છે:

1. તેનું પ્રથમ લોહીનું કણ જ તેના ગુનાહોની માફી બની જાય છે.

2. તેનું માથું જન્નતની હૂરોની ગોદમાં હશે.

3. તેને જન્નતી પોશાક પહેરાવવામાં આવશે.

4. તેને જન્નતની સુગંધથી મહેકાવવામાં આવશે.

5. શહીદને જન્નતમાં તેના મકામ અને મરતબાની અઝમત દેખાડવામાં આવશે.

6. તેને પુરી જન્નતમાં આવવા-જવા માટે છૂટછાટ મળશે.

7. તેની આંખો પરથી પડદો ઉઠી જશે.

રિવાયત મુજબ

"દરેક નૈકીથી વધુ મહાન બીજી નૈકી હોય છે, પણ શહાદતથી મહાન નૈકી કોઈ નથી."

શહીદોને કયમતના દિવસે શફાઅત કરવાનો હક મળશે

શહીદ કયમતના દિવસે (બીજાઓની) શફાઅત કરશે.

જન્નતમાં શહીદો માટે ખાસ દરવાજો અને ઉચ્ચ મરતબો,
ખુદાના રસ્તામાં જહાદ કરનારા લોકો જન્નતમાં ખાસ
દરવાજેથી પ્રવેશ કરશે અને સૌપ્રથમ જન્નતમાં જશે.

જન્નતમાં પણ તેઓ માટે એક વિશિષ્ટ મરતબો હશે.

હઝરત અલી અલય્હિસ્સલામ શહાદત પછી ફરમાવે છે

હઝરત અલી અલય્હિસ્સલામ એ પોતાની અનેક ફઝીલતો
હોવા છતાં જ્યારે શહીદ થયા ત્યારે તેમણે ફરમાવ્યું:
"ફુઝતુ બિ રબ્બિલ કાબા"
(કાબાના પરવરદિગારની કસમ, હું કામીયાબ થયો.)

જાહેર માં આપ સૌથી પહેલા ઈમાન લાવનાર હતા, (શબે
હિજ્રત) પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ
સલ્લમ ના બિસ્તર ઉપર સૂતા, પયગંબર અકરમ સલ્લલ્લાહો
અલય્હે વ આલેહી વ સલ્લમ ના ભાઈ હતા, ફક્ત આપનો જ
દરવાજો મસ્જિદે નબવી તરફ ખુલતો હતો, અગિયાર ઈમામો
ના પિતા અને હઝરત ઝહરા સલામુલ્લાહે અલયહા ના શોહર
હતા, બુતશિકન હતા (બૂત તોડવા વાળા હતા), ખંદકમાં
તમારી એક ઝરબત સકલૈન ની ઈબાદતો થી પણ બેહતરીન
હતી, પણ તમે ક્યારેય ક્યાંય ન ફરમાવ્યું: "ફુઝત" હું સફળ
થઈ ગયો.

## બેહતરીન અમલ

خَلَقَ السَّمَاواتِ وَالْأَرْضَ بِالْحَقِّ وَ صَوَّرَكُمْ فَأَحْسَنَ صُوَرَكُمْ وَإِلَيْهِ المصير.

તેમણે જ આસમાનો અને ધરતી ને હક સાથે પેદા કરી છે અને તમારી સુંદર સૃષ્ટિ બનાવી છે અને પછી બધા તેમની તરફ જ પાછા ફરવાના છે.

૧. અલ્લાહ તઆલા ના બધા કાર્યો બેહતરીન છે:

فتبارک الله احسن الخالقين.

તે ખુબજ બરકત વાળો અલ્લાહ છે કે જે સૌથી બેહતર પૈદા કરવા વાળો.છે

૨. આ કિતાબ કુરાને કરીમ બેહતરીન છે:

نزل احسن الحديث.

અલ્લાહે બેહતરીન વાણી વાપરી છે

૩. તેમાં વર્ણવેલ કિસ્સાઓ બેહતરીન છે:

احسن القصص.

આ સૌથી ઉત્તમ વાર્તા છે

૪. તેમના નામ બેહતરીન નામો છે:

والله الاسماء الحسنیٰ.

અને અલ્લાહ ના નામો બેહતરીન છે.

૫. તેની જ઼ઝા બેહતરીન છે:

"فله جزاء الحسنىٰ"

"તો તે માટે બેહતરીન પ્રતિફળ છે."

૬. તેના વાયદાઓ બેહતરીન વાયદા છે:

"وعد الله الحسنى"

"અલ્લાહનું વચન બેહતરીન છે."

૭. તેનો હુકમ બેહતરીન હુકમ હોય છે

"و من احسن من الله حكماً"

"અને અલ્લાહ કરતા બેહતરીન નિર્ણય લેનાર કોણ હોઈ શકે?"

ખુદા વંદે આલમ આપણા થી ઇચ્છે છે કે આપણે બધા કામોમાંથી બેહતરીન કામ ને પસંદ કરીએ:

1. વાતો કરતી વખતે બેહતરીન વાત નો ઇન્તેખાબ કરે :

"يقولوا التي هي احسن" →

"અને તેઓ બેહતરીન વાત કરે."

2. અમલ ના મેદાન માં બેહતરીન અમલ પસંદ કરીએ:

"احسن عملا"

"બેહતરીન કાર્યો કરો."

3. બીજા સાથે બેહતરીન વ્યવહાર કરે:

"ادفع باللتي هي احسن"

" બુરાઈ ના જવાબમાં બેહતરીન વ્યવહાર સાથે તેનાથી દૂર થાવ."

4. ચર્ચા અને વાદ વિવાદ માં બેહતરીન રીત પસંદ કરો:

"جادلهم بالتي هي احسن"

"અને બેહતરીન રીતે વાદવિવાદ કરો."

5. શુક્ર અને પ્રશંસામાં બેહતરીન રીત અપનાવો::

"فحيوا با حسن"

"જ્યારે તમને કોઈ સલામ કરે તો તમે બેહતરીન રીતે જવાબ આપો."

6. સાંભળેલી વાતોમાં બેહતરીન વાત પસંદ કરો અને તેના પર અમલ કરો:

"يستمعون القول فيتبعون احسنه"

"તેઓ વાતોને ધ્યાનથી સાંભળે છે અને બેહતરીન વાત પર અમલ કરે છે."

7. યતીમના માલનો ઉપયોગ બેહતરીન રીતથી કરો:

"لا تقربوا مال اليتيم الا بالتي هي احسن"

"યતીમ ના માલની નજીક ન જાઓ પણ બેહતરીન રીતે વ્યવહાર કરો."

8. તમારી નિયતમાં ખુલુસ અને અલ્લાહની ઈચ્છા સાથે બેહતરીન નિયત દ્વારા તમારા કાર્યને ઈલાહી રંગ આપો:

"و من احسن من الله صبغة"

"અને અલ્લાહના રંગ કરતા બેહતરીન રંગ કોય હોઈ શકે?"

# સત્તાવીસમો સબક

## મસ્જિદ

### મસ્જિદ ની એહમીયત

! وَ أَنَّ الْمَسَاجِدَ لِلَّهِ فَلَا تَدْعُوا مَعَ اللَّهِ أَحَدا

**"અને બધી મસ્જિદો અલ્લાહ માટે છે, તો અલલાહ સિવાય કોઈની ઇબાદત ન કરતા ."**

**૧. ધરતી પર નિર્માણ થનાર પ્રથમ ઈમારત મસજિદ હતી:**

"ان اول بيت وضع للناس للذي ببكة مباركا"

**"બેશક જે પહેલું ઘર લોકો માટે બનાવવામાં આવ્યું તે મક્કામાં છે, જે બરકતવાળું છે."**

**૨. મસ્જિદ ની અઝમત એક ખાસ તકદ્દુસ રાખે છે પવિત્રતા રાખે છે જેમ કે મોમીનો એ કહ્યું પોતાના ઈમાનની સુરક્ષા માટે શહેરી સુખ-શાંતિ છોડીને જંગલ અને ગુફામાં આશરો લેનારા અસહાબે કહફના મઝાર (સમાધિ) પર મસજિદ બાંધવામાં આવી:**

"لنتخذن عليهم مسجداً"

**"અમે તેમની (અસહાબે કહફની) ઉપર મસજિદ બનાવીશું.**

**૩. પયગંબર અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ હિજત પછી સૌપ્રથમ મસજિદનું નિર્માણ કર્યું:**

لمسجد اسس على التقوى من اول يوم

**"જે મસ્જિદની સ્થાપના પ્રથમ દિવસે જ તક્વા પર રાખવામાં આવી છે..."**

4. કુરઆન મજીદમાં મસ્જિદે હરામનો ઉલ્લેખ દસથી વધુ વાર થયો છે.

5. અલ્લાહે મસ્જિદને પોતાનું ઘર જાહેર કર્યું છે અને લોકોમાં બેહતરીન પયગંબર હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામ અને હઝરત ઇસ્માઈલ અલય્હિસ્સલામ ખાદિમ બનાવ્યા છે:

"طهرا بيتى" –

"મારાં ઘરને પવિત્ર રાખો."

6. મસ્જિદમાં જવા માટે ઝીનત (શણગાર) અને પવિત્રતા રાખવા પર ભાર મૂકાયો છે:

"خذوا زينتكم عند كل مسجد" –

"દરેક મસ્જિદમાં જતા વેળાએ તમારી ઝીનત ધારણ કરો."

7. જો મસ્જિદ તક્વાની આધાર પર ન હોય અને મુસલમાનોમાં ફૂટ પાડી શડયંત્ર કરવા માટે બાંધવામાં આવે તો તેને પતાવી દેવી જોઈએ:

"مسجد ضراراً" –

"નુકસાન પહોચાડવા માટે બાંધવામાં આવેલી મસ્જિદ." ને હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ના હુક્મ થકી ખત્મ કરી દેવામાં આવી.

8. મસ્જિદનું પવિત્રત્વ એટલું છે કે દરેક વ્યક્તિને મસ્જિદ બાંધવાની છૂટ નથી:

"ما كان للمشركين ان يعمروا مساجد الله" –

"મૂર્તિપૂજકોને એ અધિકાર નથી કે તેઓ અલ્લાહ ની મસ્જિદો આબાદ કરે."

મસ્જિદ માત્ર તક્વાદાર અને બહાદુર મોમીનો જ આબાદ કરે છે, જેઓ અલ્લાહ સિવાય બીજાથી નથી ડરતા:

"انما يعمر مساجد الله من آمن بالله .... ولم يخش الا الله" –

"અલ્લાહની મસ્જિદો તેઓ જ આબાદ કરે છે કે જેઓ અલ્લાહ અને કયામતના દિવસે ઈમાન લાવે છે અને અલ્લાહ સિવાય બીજા કોઈથી નથી ડરતા."

9. મસ્જિદમાં હાજર થવાના કેટલાક આદાબ અને શરતો છે, જેમ કે:

મસ્જિદમાં ઊંચી અવાજે વાતચીત કરવી નહીં, બકવાસ અથવા વ્યર્થ વાતો ન કરવી, ખરીદી-વેચાણની ચર્ચા ન કરવી અને ફઝુલ વાતોથી દૂર રહેવું.,

11. મસ્જિદ તરફ જવામાં દરેક પગલાને સવાબ મળે છે,

12. નમાઝ માટે મસ્જિદમાં બેસી રહેવા પર પણ સવાબ મળે છે,

13. જે મસ્જિદમાં નમાઝ ન થાય તે મસ્જિદ ફરિયાદ કરે છે.

14. મસ્જિદનો પડોશી જો મસ્જિદમાં નમાઝ ન પડે, તો તેને કોઈ મહત્વ નથી.

15. મસ્જિદમાં જનારાના કારણે અલ્લાહ તઆલા બીજાઓ પરનો અઝાબ દૂર કરી દે છે.

મસ્જિદ જનારાઓ માટે હદીસોમાં અનેક લાભો વર્ણવાયા છે, જેમ કે:

મિત્ર અને દીની ભાઉ સાથે મુલાકાત, ફાયદા વાળી વાતો ની જાણ થવી, હિદાયત અને દિનની માર્ગદર્શન, ગુનાહોથી બચાવ, ખુદા ની રહેમત અને નેઅમત નો શામીલે હાલ થવું.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે:

"જે વ્યક્તિને મસ્જિદ તરફ જતાં આવતાં જુઓ, તો તેના ઈમાનની ગવાહી આપો."

મસ્જિદની તામિર (બાંધકામ) અને તેને આબાદ રાખવી:

" إِنَّمَا يَعْمُرُ مَسَاجِدَ اللَّهِ مَنْ آمَنَ بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ وَأَقَامَ الصَّلَاةَ وَآتَى الزَّكَاةَ وَ لَمْ يَخْشَ إِلَّا اللَّهَ فَعَسَى أُولئِكَ أَنْ يَكُونُوا مِنَ الْمُهْتَدِينَ"

"અલ્લાહની મસ્જિદોને તે જ લોકો આબાદ કરે છે, જેમનું ઈમાન અલ્લાહ અને કયામત ના દિવસ ઉપર છે, જેમણે નમાઝ કાયમ રાખી છે, ઝકાત અદા કરી છે અને જે અલ્લાહ સિવાય અન્ય કોઈથી નથી ડરતા. એ જ લોકો છે જે જલ્દી હિદાયત પ્રાપ્ત કરનારા સાથે શુમાર કરવામાં આવશે.".

મસ્જિદ મુસલમાનોના ઈબાદત અને સામાજિક પ્રવૃત્તિઓ માટેનું મહત્વપૂર્ણ મરકઝ છે. તેથી, મસ્જિદના મુતવલ્લી સાચ્ચા અને નેક હોવા જોઈએ. મસ્જિદમાં યોજાતા કાર્યક્રમો ઉપયોગી અને તરબીયત કરવા વાળા હોવા જોઈએ. મસ્જિદના ખર્ચ માટે હલાલ અને જાએઝ રકમ જ વાપરવી જોઈએ. મસ્જિદમાં આવનાર લોકો પણ તકવા વાળા, ખુદાની ઇતાઅત ગુઝાર અને શરીફ હોવા જોઈએ.

પરંતુ જો મસ્જિદને બનાવનારા ઝાલીમ શાસકો હોય, તેના ઈમામ જાહીલ અને બુઝદિલ હોય, અને મસ્જિદના ખાદીમ

કામચોર અને વૃદ્ધ હોય, તો એ મસ્જિદ પોતાના માનવી હદફ અને મકસદ સુધી નથી પહોંચી શકતી.

"તફસીરે સાફી"માં મરહુમ ફૈઝ કાશાની મુજબ:

"મસ્જિદની તામીરમાં તેની મરમત, સફાઈ, ફર્શ, રોશની અને તદરીસ અને તબલીગ તમામ શામેલ થાય છે."

મસ્જિદ અને ઝીનત (શણગાર):

" يَا بَنِي آدَمَ خُذُوا زِينَتَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ وَ كُلُوا وَاشْرَبُوا وَلَا تُسْرِفُوا إِنَّهُ لا يُحِبُّ الْمُسْرِفِينَ"

"અય આદમની ઔલાદ! બધી નમાઝના સમયે અને બધી મસ્જિદો પાસે ઝીનત સાથે રાખો અને ખાવ પીવો અને ઇસરાફ ન કરો અને ખુદા ઇસરાફ કરવા વાળા ને દોસ્ત નથી રાખતો

અહીં "અય બની આદમ" નો સંબોધન બધા ઇન્સાન અને તમામ દિન માટે સામૂહિક હુકમ તરીકે છે. સામાન્ય છે.

કુરઆને મજીદ માં માલ અને સંતાનોને ઝીનત (શોભા) ગણાવવામાં આવ્યા છે:

"المال والبنون زينة الحياة الدنيا"

(માલ અને સંતાનો દુનિયાની શોભા છે.)

આ આધારે શક્ય છે કે આ આયત દ્વારા એ સંકેત આપવામાં આવ્યો હોય કે મસ્જિદ જતી વખતે માલ અને સંતાનોને સાથે લઇ જવું જરૂરી છે. માલ દ્વારા મુસલમાનોના ઇક્તેસાદી મુશ્કેલીઓ હલ કરી શકાય અને સંતાનોને મસ્જિદમાં લઇ

જવાથી આવવા વાળી પેઢીની તરબીયતી મુશ્કિલ હલ થઈ જાય.

રિવાયતો મુજબ ઈમામે જમાતનો આદિલ (ન્યાયી) હોવો, ઝાહેરી રીતે તૈયાર હોવું  અત્તર લગાવવી. નમાઝ પડતી વખતે શ્રેષ્ઠ કપડાં પહેરવા, રુકુ અને સજદા સમયે હાથ ઉંચા કરવા, ઈદ અને જુમા નમાઝમાં ભાગ લેવો આ બધું ઝીનતના ઉદાહરણ તરીકે ગણવામાં આવ્યું છે.

હઝરત ઈમામ હસન મુજ્તબા અલય્હિસ્સલામ નમાઝ માટે અથવા મસ્જિદ જતી વખતે પોતાના બેહતરીન કપડાં પહેરતા અને ફરમાવતા:

"ان الله جميل و يحب الجمال فاتجمل لربی"

(ખુદા વંદે આલમ સાહેબે જમાલ છે (સુંદર) છે અને જમાલ ને દોસ્ત રાખે છે, એટલે હું મારો ખૂબસુરત લિબાસ મારા પરવરદિગાર માટે પહેરું છું ) અને ત્યારબાદ આ આયતની તીલાવત કરતા.

ખુદા વંદે મુતઆલ જમાલ અને ઝીનત ને દોસ્ત રાખે છે, નહિતર તે પોતાના બંદાઓને આદેશ ન આપત:

"خذوا زينتكم"

(તમારી ઝીનત ધારણ કરો.)

જેમ કે ઈસ્લામ એક કુદરતી મઝહબ છે અને ઇન્સાન ઝીનત પસંદ હોય છે.

મસ્જિદમાં ઝીનત સાથે જવું, ખુદાના બંદાઓ અને તેના ઈબાદત પ્રત્યેનો આદર છે. આ અન્ય લોકોને પણ મસ્જિદ તરફ આવવા માટે આકર્ષિત કરે છે.

ઝીનત અને ખોરાકનો આનંદ લેવો એક કુદરતી બાબત છે, પણ...

ખાસ પરિસ્થિતિઓમાં જેમ કે: ગરીબો અને જરૂરિયાતમંદો પ્રત્યે સહાનુભૂતિ રાખવી જોઈએ.

એથી આપણે ઇતિહાસમાં વાંચીએ છીએ કે હઝરત ઇમામ સાદિક અલચ્હિસ્સલામ નો લિબાસ, જયારે એ ઝમાનામાં લોકો પ્રમાણમાં સુખ-સગવડમાં હતા, તો હઝરત અલી અલચ્હિસ્સલામ ના વસ્ત્રથી અલગ હતું, કારણ કે તે ઝમાનામાં લોકો તંગી અને ગરીબીમાં જીવી રહ્યા હતા. કારણ કે બંને સમયના સામાજિક પરિસ્થિતિઓમાં તફાવત હતો.

ઉપરોક્ત આયતમાં થોડું વિચારતા નીચેના કેટલાક મુદ્દા અને સંદેશા પ્રાપ્ત થાય છે:

1. મુસલમાનોનું મરકઝ એટલે કે મસ્જિદ સુંદર, સજાવટભર્યું અને આકર્ષક હોવું જોઈએ:

خذوا زينتكم عند كل مسجد

2. બેહતરીન અને એક સારો લિબાસ બેહતરીન જગ્યા (મસ્જિદ) માટે હોવી જોઈએ:

خذوا زينتكم عند كل مسجد

3. ઇસ્લામ, નમાઝના બાતેની (આંતરિક) પાસાને પણ મહત્વ આપે છે:

"في صلاتهم خاشعون"

અને તેની ઝાહેરી તરફ પણ ધ્યાન આપે છે:

"زينتكم عند كل مسجد"

હા, ઇસ્લામમા જાહેર અને બાતીન તેમજ દુનિયા અને આખેરત એકબીજાથી જોડાયેલા છે.

4. શણગાર (ઝીનત), ફુરાદા નમાઝમાં પણ મહત્વ ધરાવે છે, પરંતુ જમાત નમાઝ અને મસ્જિદમાં તેની વિશેષ મહત્વતા છે:

"عند كل مسجد"

5. પહેલા નમાઝ અને પછી ખાવાનું :

"عند كل مسجد و كلوا واشربوا"

પહેલાં રૂહ અને મઅનવિયત ઉપર મહત્ત્વ આપવું જોઈએ, પછી શરીરની જરૂરિયાતો પર ધ્યાન આપવું જોઈએ.

## અથ્યાવીસમો સબક

## ઝિંદગી જીવવાના આદાબ

### દોસ્ત બનાવવાના નિયમો

وَ يَوْمَ يَعَضُّ الظَّالِمُ عَلَى يَدَيْهِ يَقُولُ يَا لَيْتَنِي اتَّخَذْتُ مَعَ الرَّسُولِ سَبِيلاً ۞ يا وَيْلَتِي لَيْتَنِي لَمْ أَتَّخِذْ فُلَانًا خَلِيلاً ۞ لَقَدْ أَضَلَّنِي عَنِ الذِّكْرِ بَعْدَ إِذْ جَاءَنِي ۞ وَ كَانَ الشَّيْطَانُ لِلْإِنْسَانِ خَذُولا

આ દિવસે ઝુલ્મ કરનાર પોતાના હાથોને ચાવશે અને કહેશે કે, હાય કાશ! મેં રસૂલ સાથે જ રસ્તો અપનાવ્યો હોત. હાય અફસોસ! કાશ, મેં અમુક વ્યક્તિને દોસ્ત ન બનાવ્યો હોત. તેઓ સાથે વાતો અને ઝીક્ર કર્યા પછી મને ગુમરાહ કરી દીધો. અને શયતાન તો માણસને હંમેશા ધોકો આપનારો છે.

ઇસ્લામે મિત્રતા કરવી, મિત્રની પસંદગી, મિત્રની ઓળખની રીત, મિત્રતાના સીમા, સામાજિક આદાબ અને મિત્રોના હકો વિશે બહુ વધારે નસીહતો આપી છે. અને સારા લોકોની મિત્રતા માટે ઉત્સાહિત પણ કર્યું છે..

અને અમુક લોકોની મિત્રતા કરવા માટે મનાઈ પણ છે, જેમ કે:

જો કોઈ વ્યક્તિ મિત્ર પસંદ કરવામાં શંકા કે મૂંઝવણમાં હોય, તો તેને જોઈએ કે તે તેના મિત્રોના સ્વભાવ અને વર્તનને જુએ:

"فانظروا الى خلطائه"

(તેના સાથીઓને જોઇને તેના વિશે અંદાજો લગાડો.)

એકાંત (તન્હાઈ) ખરાબ મિત્ર કરતા સારી છે.

પયગંબરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ને પૂછવામાં આવ્યું: બેહતરીન મિત્ર કેવા હોવો જોઈએ?

ત્યારે આપ હઝરતે ફરમાવ્યું:

"જેને જોવા થી તમને અલ્લાહની યાદ આવે, જેની વાતો થી તમારું ઈલ્મ વધે અને જેનો કિરદાર તમારામાં કયામતની યાદ જીવંત કરે."

હઝરત અલી અલય્હિસ્સલામે ફરમાવ્યું:

"જ્યારે તમારી તાકાત સમાપ્ત થાય છે ત્યારે તમારા સાચા મિત્ર અને સાચા દુશ્મનનો ખ્યાલ આવી જાય છે."

હઝરત અલી અલય્હિસ્સલામ ફરમાવે છે:

"સારો મિત્ર બેહતરીન સગા સંબંધીઓ જેવો હોય છે."

એક હદીસમાં છે:

"તમારા મિત્રની પરીક્ષા ગુસ્સાના સમયે, પૈસાના લેવાદેવા ના સમયે, અને મુસાફરીમાં કરો. જો એ આ પરીક્ષામાં સફળ થાય, તો તે સારો મિત્ર છે."

(શક્ય હોય તેટલા ખરાબ મિત્રથી બચો, કેમ કે ખરાબ મિત્ર ખતરનાક સાપ કરતાં પણ ખરાબ છે. સાપ તો ફક્ત તમારું શરીર દૂખાવશે, પણ ખરાબ મિત્ર તમારી જાન અને ઈમાન ખતરા માં નાખશે.)

ભાઈચારો

إِنَّمَا الْمُؤْمِنُونَ إِخْوَةٌ فَأَصْلِحُوا بَيْنَ أَخَوَيْكُمْ وَاتَّقُوا اللَّهَ لَعَلَّكُمْ تُرْحَمُونَ

"બેશક મોમીનો એકબીજાના ભાઈઓ છે, તો તમારા બે ભાઈઓ (મોમીનો) વચ્ચે સુધારો કરો. અને અલ્લાહ થી ડરો, કદાચ અલ્લાહ તમને પોતાની રહેમતથી નવાજે."

ઇસ્લામની એક ખાસિયત એ છે કે તે સમાજની સુધારણા માટે મૂળભૂત રીતે કાર્ય કરે છે. જેમ કે આ આયતમાં અલ્લાહ તઆલા એ શીખવ્યું છે કે વ્યક્તિ અને સમાજની સુધારણા માટે તેમના વિચાર અને માન્યતાની સુધારણા કરવી જરૂરી છે. બધા મોમીનો એકબીજાના ભાઈ છે, તો પછી આ ગુસ્સો અને નારાઝગી શા માટે?

ભાઈચારાનું બંધન અને આ શબ્દનો ઉપયોગ ઇસ્લામની શોધ છે.

પયગંબરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ના ઝમાનામાં આપ હઝરતે 740 સાથીઓ સાથે "નખીલા" નામના સ્થળ ઉપર હતા ત્યારે જિબ્રઇલ અલય્હિસ્સલામ આવ્યા અને જણાવ્યું:

અલ્લાહ તઆલા એ ફરિશ્તાઓ વચ્ચે ભાઈચારાનું બંધન અને અક્દે અખૂવત બાંધવાનો હુકમ આપ્યો છે."

પછી આપ હઝરત એ પણ પોતાના સાથીઓ વચ્ચે ભાઈચારાનું બંધન અક્દે અખૂવત બાંધી દીધું:

અબૂ બકર ને ઉમરનો ભાઈ બનાવ્યો

સલમાન ને અબૂઝરનો ભાઈ બનાવ્યો

તલ્હા ને ઝુબૈરનો ભાઈ બનાવ્યો

મિક્દાદ ને અમ્મારનો ભાઈ બનાવ્યો

પયગંબરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ એ પોતે હઝરત અલી અલય્હિસ્સલામ ને પોતાનો ભાઈ બનાવ્યા...

બીજાઓને ભાઈ બનાવવાથી વધુ મહત્વપૂર્ણ છે, આ ભાઈચારાને ટકાવી રાખવું.

હદીસમાં એ વ્યક્તિની ઘણી નિંદા કરવામાં આવી છે જે પોતાના દિની ભાઈને છોડી દે છે. તેમજ એ વાતની તાકીદ કરવામાં આવી છે કે જો તમારા દિની ભાઈ તમારાથી દૂર થઈ જાય, તો પણ તમે તેની મુલાકાત માટે જાવ.

"صِلْ مَن قَطَعَكَ"

"જે તારા સંબંધ તોડે, તું તેના સંબંધોને જોડ."

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે:

"મોમીન, એક શરીર જેવો છે. એક મોમીન બીજા મોમીનનો ભાઈ છે. જો શરીરના એક ભાગમાં દુખાવો થાય, તો આખું શરીર પરેશાન અને દુઃખી થઈ જાય છે."

મુસલમાનોના એકબીજા પરના હક:

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે:

"એક મુસલમાનના બીજા મુસલમાન પર ત્રીસ હક છે. દરેક વ્યક્તિએ તેના ભાઈનો હક અદા કરવો જોઈએ."

તે હકો આ છે:

1. એકબીજા પ્રત્યે ભલાઈ અને દયા કરવી.

2. એકબીજાના રાઝ છુપાવવા.

3. એકબીજાની ભૂલો માફ કરવી.

4. એકબીજાની માફી સ્વીકારવી.

5. દુશ્મનો સામે એકબીજાની રક્ષા કરવી.

6. એકબીજાની ભલાઈ માટે પ્રયત્નશીલ રહેવું.

7. આપેલા વચનને પાળવું.

8. બીમાર માણસની ખબર લેવી.

9. એકબીજાના જનાઝા માં શરીક થવું

10. એક બીજા ની દાવત અને તોહફો કબુલ કરવો..

11. એકબીજાના મુલાકાત કરવી

12. એકબીજાની મદદ પછી આભાર માનવો.

13. એકબીજાની મદદ માટે પ્રયત્ન કરવો.

14. એકબીજાની ઈઝ્ઝત અને પરિવારની રક્ષા કરવી.

15. એકબીજાની જરૂરિયાતો પૂરી કરવી.

16. એકબીજાની મુશ્કેલીઓ દૂર કરવા માટે પ્રયત્નશીલ રહેવું.

17. એકબીજાના ખોવાયેલ વ્યક્તિને રસ્તો બતાવવું.

18. એકબીજાના છીંકવા પર તેમની માટે ભલાઈની દુઆ કરવી.

19. એકબીજાના સલામનો જવાબ આપવો.

20. એકબીજાની વાતચીતનો એહતેરામ કરવો.

21. એકબીજાને ગિફ્ટ સજાવી, સારી રીતે આપવી.

22. એકબીજાની કસમ સ્વીકારવી.

23. એકબીજાના મિત્રને મિત્ર ગણવું અને તેની સાથે દુશ્મનાવટ ન રાખવી.

24. દુઃખદ ઘટનાઓમાં એકબીજાને એકલા ન છોડવું.

25. એકબીજા માટે એ જ પસંદ કરવું જે પોતાના માટે પસંદ હોય...

સુલ્હ અને સમાધાન કરાવવું:

ઇસ્લામે સારા સંબંધો, સમાધાન અને મિત્રતાપૂર્ણ જીવન જીવવા પર ભાર મૂક્યો છે.

કુરાનમાં અલ્લાહ તઆલાએ એ વસ્તુઓનો ઉલ્લેખ કર્યો છે જે મોમીનો માટે ઇલાહી નેઅમતો માંથી એક મુસલમાનો ના દિલોમાં ઉલ્ફત અને મોહબ્બત પૈદા થવું છે.

અલ્લાહ તઆલા મોમીનોને સંબોધીને કહે છે:

"كُنْتُمْ أَعْدَاءً فَأَلَّفَ بَيْنَ قُلُوبِكُمْ"

"યાદ કરો તે સમયને, જ્યારે તમો ઇસ્લામમાં આવવા પહેલાં એકબીજાના દુશ્મન હતા. તો અલ્લાહ તઆલા એ તમારા દિલોમાં એકબીજાની મોહબ્બત પેદા કરી."

એકબીજાની વચ્ચે સુલેહ કરાવવી અલ્લાહ તઆલા ની બખ્શીશ અને રહેમતનું કારણ છે.

"إِن تُصْلِحُوا وَتَتَّقُوا فَإِنَّ اللَّهَ كَانَ غَفُورًا رَّحِيمًا"

"જો તમે સુધારો કરો અને અલ્લાહ થી ડરતા રહો, તો અલ્લાહ ખરેખર માફ કરનાર અને રહેમતવાળો છે."

મોમીનોની વચ્ચે સુલેહ કરાવનારા માટે બેહતરીન જ્ઝા છે.

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ:

"مَن يَشْفَعْ شَفَاعَةً حَسَنَةً يَكُن لَّهُ نَصِيبٌ مِّنْهَا"

"જે વ્યક્તિ ભલાઈની શફા (સિફારિશ) કરે, તેને તેમાં હિસ્સો મળે છે."

ઇસ્લામે મોમીનોની વચ્ચે સુલહ કરાવવા માટે ખાસ હુકમો જાહેર કર્યાં છે:

1. જો કે જુઠું બોલવું મોટો ગુનાહ છે, પણ જો બે લોકોની વચ્ચે સુલહ કરાવવા માટે કોઈ ખોટું બોલે, તો એ ગુનાહ ગણાતું નથી.

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલચ્હે વ આલેહી વ સલ્લમ:

"لا كَذِبَ عَلَى المُصْلِحِ"

"સુલહ કરાવનારા માટે ખોટું બોલવાનું ગુનાહ નથી."

2. (ચૂપચાપ વાત કરવી) સામાન્ય રીતે શૈતાની કામ છે અને એ મનાઈ છે.

પરંતુ જો બે વ્યક્તિઓની વચ્ચે સુલહ કરાવવાના ઇરાદે હોય, તો એમાં કોઈ હરજ નથી."

" لَا خَيْرَ فِي كَثِيرٍ مِّن نَّجْوَاهُمْ إِلَّا مَنْ أَمَرَ بِصَدَقَةٍ أَوْ مَعْرُوفٍ أَوْ إِصْلَاحٍ بَيْنَ النَّاسِ"

"તેમના ઘણાં નિશ્ચિત કાનફૂસીમાં કોઈ ભલાઈ નથી, સિવાય કે જો કોઈ દાન, સારા કામ અથવા લોકોની વચ્ચે સુલહ કરવાનું કહે."

3. જેમ કે કસમ રાખવી ફરજ છે અને તેને તોડવું હરામ છે, પણ જો કોઈ વ્યક્તિ કસમ ખાય કે હું બે વ્યક્તિઓની વચ્ચે સુલહ નહીં કરાવું,

તો ઇસ્લામ એ કસમ તોડીને સુલહ કરાવવાની પરવાનગી આપે છે.

"وَلَا تَجْعَلُوا اللَّهَ عُرْضَةً لِأَيْمَانِكُمْ أَن تَبَرُّوا وَتَتَّقُوا وَتُصْلِحُوا بَيْنَ النَّاسِ"

"અલ્લાહના નામથી ખસેડીને એવી કસમ ન ખાઓ, જે તમને ભલાઈ કરવા, અલ્લાહ થી ડરવા અને લોકોની વચ્ચે સુલહ કરવાથી અટકાવે."

4. વસિયત પર અમલ કરવું ફરજ છે, અને તેને ત્યજી દેવું હરામ છે.

પરંતુ જો કોઇ વસીયત પર અમલ કરવાથી ફસાદ કે ઝઘડો થાય, તો ઇસ્લામ એ પરવાનગી આપે છે કે વસીયત પર અમલ ન કરો, જેથી લોકોની વચ્ચે સુલહ ટકી રહે.

"فَمَنْ خَافَ مِن مُّوصٍ جَنَفًا أَوْ إِثْمًا فَأَصْلَحَ بَيْنَهُمْ فَلَا إِثْمَ عَلَيْهِ"

"જો કોઈને ડર થાય કે વસીયત કરનારે અન્યાય કર્યો છે અથવા ગુનાહ કર્યું છે, અને તે લોકોની વચ્ચે સુલહ કરાવે, તો એ વ્યક્તિ માટે કોઈ ગુનાહ નથી."

"દિની સંબંધો અને દિની રિશ્તાઓ"

સૂરે રઅદમાં બુદ્ધિશાળી લોકોની એક નિશાની એ છે કે તેઓ એ સંબંધો ટકાવે છે, જે અલ્લાહ તઆલા એ જોડવા માટે હુકમ આપ્યો છે.

"અને તે લોકો, જે અલ્લાહ તઆલા એ જોડવા માટે હુકમ આપ્યું છે, તેને જોડે છે."

રિવાયતોમાં પણ ઉલ્લેખ છે કે અલ્લાહ તઆલા એ જે સંબંધો જાળવવા માટે હુકમ આપ્યો છે તેની સાથે સિલ્હે રહેમી કરવું પોતાના રિશ્તેદારો થી સબંધો જાળવવા

કુટુંબજનો સાથે સિલા રહમી કરવી (સંબંધ જાળવવો) એવીજ રીતે એક મક્તબે ફિકર અને મઝહબ થી જોડાયેલુ રહેવું લોકો અને આસમાની રહેબરો સાથે હંમેશા ઊંડો મજબૂત સંબંધ જાળવવો અને તેઓની પેરવી કરવી. વિલાયતના માર્ગ પર ચાલવું.

અલ્લાહ તઆલાએ જે સંબંધો જાળવવા માટે હુકમ આપ્યો છે, તે વિવિધ પ્રકારના છે:

1. ઉલમાઓ સાથે સાંસ્કૃતિક સંબંધ:

"فَسْئَلُوا أَهْلَ الذِّكْرِ إِن كُنتُمْ لَا تَعْلَمُونَ"

"જો તમે જાણતા ન હોવ, તો ઓલમા ને પુછો."

2. લોકો સાથે સામાજિક સંબંધ:

"اصبروا وصابروا ورابطوا"

"ધીરજ રાખો, એકબીજાને ધીરજની તલકીન કરો અને સબ્રમાં મજબૂત રહો."

3. માતા-પિતાના પ્રત્યે પ્રેમભર્યું વર્તન:

"وَبِالْوَالِدَيْنِ إِحْسَانًا"

"માતા-પિતા સાથે ભલાઈ કરો."

4. ગરીબો સાથે માલી સંબંધ:

"مَن ذَا الَّذِي يُقْرِضُ اللَّهَ قَرْضًا حَسَنًا"

"કોણ અલ્લાહને સારો કર્જ આપશે?"

5. સમાજનું સંચાલન કરવા માટે વિચારોનું અને ફિકર નો સંબંધ:

"وَشَاوِرْهُمْ فِي الْأَمْرِ"

તમારા કામકાજમાં લોકો સાથે સલાહ-મશવરો કરો.

6. વિલાયત સાથે સિયાસી સંબંધ રાખવાનો હુકમ:

"وَأَطِيعُوا الرَّسُولَ وَأُولِي الْأَمْرِ مِنكُمْ"

"પયગંબર અને સાહેબે અમ્ર વલીઓની ઇતાઅત કરો."

7. મોમીનો સાથે દરેક રીતે સંબંધ નો હુકમ

"إِنَّمَا الْمُؤْمِنُونَ إِخْوَةٌ"

મોમીનો તો એકબીજાના ભાઈઓ છે.

8. અવલીયાએ ઇલાહી સાથે માનવી સંબંધ નો હુકમ:

"لَقَدْ كَانَ لَكُمْ فِي رَسُولِ اللَّهِ أُسْوَةٌ حَسَنَةٌ"

તમારા માંથી રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમ ની શખ્સિયત બેહતરીન નમૂનએ અમલ છે.

## ઓગણત્રીસમો સબક

### "ઘર અને કુટુંબ"

### "જવાનોની લગ્ન માટેની જવાબદારી"

" وَأَنْكِحُوا الْأَيَامَى مِنْكُمْ وَالصَّالِحِينَ مِنْ عِبَادِكُمْ وَإِمَائِكُمْ إِنْ يَكُونُوا فُقَرَاء يُغْنِهِمُ اللَّهُ مِنْ فَضْلِهِ وَاللَّهُ وَاسِعٌ عَلِيمٌ"

(સૂરે નૂર, આયત 32)

તમારા માં જે પુરૂષો અને સ્ત્રીઓ અને તમારા સારા ગુલામો અને કનીઝોના લગ્ન નથી થયા તેઓના લગન કરાવો. અને જો તેઓ ગરીબ પણ હોય તો અલ્લાહ તઆલા પોતાનાં ફઝલથી તેમને માલદાર બનાવી દેશે, કારણ કે અલ્લાહ તઆલા ખુબજ વધારે મહાન અને જાણનાર છે.

"قيم" , "ايامى"

ના વજન ઉપર ايم ની જમા છે એટલે એવું વ્યક્તિ જેનો પતિ કે પત્ની ન હોય, પુરુષ કે સ્ત્રી બંને માટે વપરાય છે, અને તે કે વિધવા હોય.

ઇસ્લામમાં લગ્ન એક પવિત્ર મકસદ છે, તેના માટે ઘણી તાકીદ કરવામાં આવી છે, કુટુંબ અને સમાજની ફરજ છે કે તેઓ અવિવાહિત લોકોના લગ્ન માટે પ્રયત્ન કરે અને જરૂરી નથી કે કોઈ ખાસ તરફથી રિશ્તો મોકલાવામાં આવે. બંનેમાંથી કોઈ પણ રિશ્તો મોકલી શકે છે. કેમ કે અલ્લાહ તઆલા દુલ્હા અને દુલ્હનની જરૂરિયાતો પૂરી કરવાનો વાયદો આપે છે અને અલ્લાહ લગ્નને જીવનમાં બરકત અને સમૃદ્ધિનું કારણ બનાવે છે.

ઇસ્લામમાં લગ્ન એક પવિત્ર કામ છે, જ્યારે ખ્રિસ્તીઓમાં લગ્ન ન કરવું એક વિશેષતાના રૂપમાં ગણાય છે. એટલે ખ્રિસ્તીઓના પાદરીઓ લગ્ન કરતા નથી.

આપણે હદીસમાં વાંચીએ છીએ: લગ્ન થી વ્યક્તિનું અડધું ઈમાન સુરક્ષિત થઈ જાય છે. શાદીશુદા વ્યક્તિની બે રકાત નમાઝ, ગૈર શાદીશુદા ની સિત્તેર રકાત નમાઝ થી બેહતર છે. શાદીશુદા વ્યક્તિનું સુવું પણ ગૈર શાદી શુદા રોઝેદારના જાગતા રહેવા કરતાં બેહતર છે.

કેટલાક લોકો લગ્નને ગરીબીનું કારણ માને છે, જ્યારે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે: લગ્નથી રોજી-રોટીમાં વધારો થાય છે. ઈમામ સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : લગ્નથી જીવનમાં વુસઅત (સમૃધ્ધિ અને સહજતા) આવે છે. આપે ફરમાવ્યું : જે વ્યક્તિ ગરીબીના ડરથી લગ્ન ન કરે, તે અમારામાંથી નથી, કારણ કે તેણે અલ્લાહ ના માટે બદગુમાની કરી છે.

લગ્ન શાંતિ અને પ્રેમનું કારણ છે. લગ્નથી પરિવારજનો નજીક આવે છે. દિલમાં દયા અને પ્રેમ વધે છે. એક પાક નસ્લની તરબિયત માટે રસ્તો બની જાય છે. અને એકબીજાને મદદ અને સાથ આપવા માટે સબંધ બંધાય છે.

જેઓના માતા-પિતા હોવા છતાં ઔલાદ ના લગ્ન માટે નખરા કરે છે, તો જો તેમની ઔલાદ પછી કોઈ ગુનાહ કરે તો એ ગુનાહમાં માતા-પિતા પણ ભાગીદાર ગણાશે.

આપણે હદીસમાં વાંચીએ છીએ: લગ્ન ટાળો નહીં, કારણ કે લગ્ન માટે યોગ્ય યુવતી પકવાયેલા ફળ જેવી છે, જો તેને ઝાડ પરથી તોડી ન લેવામાં આવે તો તે બગડી જાય છે.

બેહતરીન ઉત્તમ કાર્ય એ છે કે તમે લગ્ન માટે  જવાબદાર બનવું જોઈએ એક હદીસમાં છે: જે વ્યક્તિ કોઈ છોકરા કે છોકરીના લગ્ન કરાવે, તો તે અલ્લાહ તઆલા ના અર્શ નીચે છાંયામાં રહેશે.

ખુદા વંદે આલમ પછીની આયાત માં ફરમાવે છે:

"وَ لْيَسْتَعْفِفِ الَّذِينَ لَا يَجِدُونَ نِكَاحاً حَتَّى يُغْنِيَهُمُ اللَّهُ مِنْ فَضْلِهِ"

(અને જેઓ લગ્ન કરવાની ક્ષમતા ન ધરાવતા હોય, તેઓ પણ પોતાની ઇફ્ફત [પાકીઝગી] નું રક્ષણ કરે, જ્યાં સુધી અલ્લાહ તેમને પોતાના ફઝલથી ગની ન બનાવી દે.)

હા, યુવાનોને પોતાની ઇફ્ફત અને પાકદામની ની હીફાઝત કરવી જોઈએ: "وَلْيَسْتَعْفِفِ" (પાકદામન રહેવું જોઈએ) અને પરિવાર અને સમાજને પણ આ દિશામાં પગલાં ભરવા જોઈએ:

"وَأَنكِحُوا الأيامى"

(લગ્ન કરાવો) અને સમાજના સમર્થ લોકો પણ આગળ વધવા જોઈએ: "وَآتُوهُم مِّن مَّالِ اللَّهِ"

(તેમને અલ્લાહનો માલ આપો.)

લગ્ન માટે છોકરો કે છોકરી પસંદ કરતી વખતે ઉતાવળ કરવી નહીં. કોઈ પણ નિર્ણય લેતાં પહેલાં વિચારો, સલાહ લો, ચર્ચા કરો અને પછી જ આગળ વધો. લગ્નમાં ઉતાવળ, જુસ્સો અને

લાગણીઓના પ્રભાવમાં આવીને નિર્ણય ન લો. પતિ પત્ની ના પસંદગીમાં ભૂલ જ પછીના જીવનમાં ઝઘડાનું કારણ બને છે.

પતિ પત્ની જિંદગી ના શરીક અને ભાગીદાર હોય છે, તેમનો સાથ માત્ર આ દુનિયા માટે જ નહીં, કયામત સુધી હોય છે.

સામાન્ય રીતે બેફામ અને ઉતાવળભરી શાદીઓ – જેમ કે બસમાં કે બાગમાં થતી અજાણી મુલાકાતો પછીના લગ્નો, વધુ સારી અવસ્થામાં નથી પહોંચતા અણબનાવ અને તલાક સુધી પોહચી જાય છે

કુરઆને મજિદમાં ચાર પ્રકારના પતિ-પત્નીનો ઉલ્લેખ થયો છે:

1. પતિ-પત્ની, જે એકબીજાના વિચારમાં સેહમત અને નેકી (સારા કાર્યો) માં સહાયક હોય:

જેમ કે હઝરત અલી અલયહિસ્સલામ અને હઝરત ફાતેમા ઝહરા સલામુલ્લાહે અલયહા, જેમના વિચારો એક અને એકબીજાના મદદગાર હોવાનો ઉલ્લેખ કુરઆનના સૂરા દહર ની કેટલીક આયાતમાં થયો છે. જેમણે સતત ત્રણ દિવસ સુધી પોતાના ઇફતારનો ખોરાક ગરીબ, યતીમ અને અસીરને આપી દીધો:

"يطعمون الطعام"

(તેઓ (લોકોને) ખવડાવે  છે.)

2. પતિ-પત્ની, જે ખબાસત અને બુરાઈમાં એક બીજાના જેવા વિચાર વાળા અને મદદગાર હોય:

જેમ કે અબુ લહબ અને તેની પત્ની, જેમનો ઉલ્લેખ આયાતમાં થયો છે:

"تَبَّتْ يَدَا أَبِي لَهَبٍ..."

(અબુ લહબના હાથ ટૂટી જાય...)

તે પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ના કાકા હોવા છતાં ખરાબ કામ કરતો અને પયગંબરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની સામે લાકડીઓ મારી આપને તકલીફ આપતો હતો.

3. પતિ સારો હોય, પણ પત્ની ખરાબ હોય:

જેમ કે હઝરત નૂહ અલય્હિસ્સલામ અને હઝરત લૂત અલય્હિસ્સલામની પત્નીઓ, જેમનો ઉલ્લેખ છે:

"كانتا تحت عبدين فخانتاهما"

(તે બંને બંદાની પત્નીઓ હોવા છતાં બેઇમાન થઈ ગઈ.)

4. પતિ ખરાબ હોય, પણ પત્ની સારી હોય:

જેમ કે ફિરઔન ની પત્ની

وَ ضَرَبَ اللَّهُ مَثَلًا لِلَّذِينَ آمَنُوا امْرَأَتَ فِرْعُونَ۔

"અલ્લાહે ઇમાનવાળા માટે ફિરઔનની પત્નીનો ઉદાહરણ આપ્યો."

પરિવાર પ્રત્યે આપણી જવાબદારીઓ:

કુરઆને મજિદમાં ઘણી બધી આયાત છે, જે આપણને આપણા પરિવાર પ્રત્યેની ફરજો અને જવાબદારીઓ દર્શાવે છે:

"قوا انفسكم و اهليكم ناراً"

(તમે પોતાને અને તમારા કુટુંબને જહન્નમ ની આગથી બચાવો.)

"وأمر اهلك بالصلاة واصطبر عليها"

(તમારા પરિવારને નમાઝનો હુકમ આપો અને તમે પણ તેમાં પાબંદી કરો.)

"وانذر عشرتک الاقربین"

(તમારા નજીકના સંબંધીઓને ડરાવો.)

"یا بنی اقم الصلاة وأمر بالمعروف"

(અય મારા દીકરા! નમાઝ કાયમ કર અને અમ્ર બિલ મારુફ કરો.)

"انا کنا في اهلنا مشفقين"

(મોમીન પોતાના કુટુંબ પ્રત્યે મહેરબાન હોય છે અને બેદરકાર રહેતા નથી.)

"و كان يأمر اهله بالصلاة"

(પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ પોતાના પરિવારને હંમેશા નમાઝનો આદેશ આપતા.)

હદીસોમાં પણ પરિવાર પ્રત્યેની જવાબદારીઓનો ઉલ્લેખ છે:

હઝરત પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે:

દરેક વ્યક્તિ તેના હાથ નીચેના લોકો માટે જવાબદાર છે."

- પુરુષ પોતાના કુટુંબનો જવાબદાર છે.

- સ્ત્રી પોતાના પતિ અને ઔલાદ માટે જવાબદાર છે.

આજના સમયની ઓલાદ ની તરબિયત ખાસ માં બાપ ઉપર છે દેખ દેખાવ ના ચક્કર માં ઓલાદને મોબાઈલ આપી દેવામાં આવે છે જ્યારે કે ખબર છે કે આ મોબાઈલ તેમને ઓલાદ ને અને તેઓને બદનામ કરી શકે છે તો રાહે હલ એ છે કે મોબાઈલ અલગ થી ન આપે દીકરી હોય તો મમ્મી નો મોબાઈલ વાપરે અને દીકરો હોય તો પપ્પા નો મોબાઈલ વાપરે જેવો કેટલી બુરાઈઓ થી બચી શકો છો અને બચાવી શકો છો

હઝરત અલી અલય્હિસ્સલામ ફરમાવે છે:

"علموا انفسكم وأهليكم الخير و ادبوهم"

(તમારા પોતાને અને તમારા કુટુંબને ભલાઈની તાલીમ આપો અને તેમને સારા અદબ શીખવાડો.)

## ત્રીસમો સબક

## કામિયાબ થનારા લોકોની ઈદ

**કુરઆનની નજરે સફળ થનારા લોકો:**

قَدْ أَفْلَحَ الْمُؤْمِنُونَ الَّذِينَ هُمْ فِي صَلَاتِهِمْ خَاشِعُونَ وَالَّذِينَ هُمْ عَنِ اللَّغْوِ مُعْرِضُونَ

**(ખરેખર મોમીન લોકો સફળ થઈ ગયા છે, જે તેમની નમાઝમાં ગડગડાવે છે અને વ્યર્થ અને બેકાર વાતોથી દૂર રહે છે.)**

**કુરઆન મજીદમાં ઘણા સમૂહોનો "સફળ" અને "કામયાબ" તરીકે ઉલ્લેખ કર્યો છે:**

**1. ઇબાદત (બંદગી) કરનાર:**

وَأَعْبُدُوا رَبَّكُمْ وَافْعَلُوا الْخَيْرَ لَعَلَّكُمْ تُفْلِحُونَ

**(તમે તમારા પરવરદિગાર ની ઇબાદત કરો અને ભલાઈ કરો, કદાચ તમે સફળ થશો.)**

**2. જેઓના અમલ (કર્મ) ભારે છે:**

فَمَن ثَقُلَت مَوَازِينُهُ فَأُوْلَـٰئِكَ هُمُ الْمُفْلِحُونَ

**(જેનાં ગુનાહ ઓછા અને સવાબ વધારે હશે, તે લોકો સફળ હશે.)**

**3. કંજૂસી થી દૂર રહેનાર:**

وَمَن يُوقَ شُحَّ نَفْسِهِ فَأُوْلَـٰئِكَ هُمُ الْمُفْلِحُونَ

**(જે વ્યક્તિ પોતાનાં મનનાં કંજૂસી થી બચી જાય, તે લોકો સફળ છે.)**

**4. અલ્લાહની પાર્ટી (હિઝ્બુલ્લાહ):**

أَلَا إِنَّ حِزْبَ اللَّهِ هُمُ الْمُفْلِحُونَ

**(જાણો કે અલ્લાહનો પક્ષવાળા સફળ છે.)**

**5. અલ્લાહને ખૂબ યાદ કરનારા:**

وَاذْكُرُوا اللَّهَ كَثِيرًا لَعَلَّكُمْ تُفْلِحُونَ

**(અલ્લાહને ખૂબ યાદ કરો, કદાચ તમે સફળ થશો.)**

**6. પરહેઝગારી (તકવા) અપનાવનાર:**

فَاتَّقُوا اللَّهَ يَا أُولِي الْأَلْبَابِ لَعَلَّكُمْ تُفْلِحُونَ

**(અય સમજદાર લોકો! અલ્લાહ થી ડરો, કદાચ તમે સફળ થશો.)**

**7. જેહાદ કરનારા:**

وَجَاهِدُوا فِي سَبِيلِهِ لَعَلَّكُمْ تُفْلِحُونَ

**(અલ્લાહની રાહમાં જેહાદ કરો, કદાચ તમે સફળ થશો.)**

**8. તૌબો કરનારા:**

تُوبُوا إِلَى اللَّهِ جَمِيعًا أَيُّهَا الْمُؤْمِنُونَ لَعَلَّكُمْ تُفْلِحُونَ

**(અય મોમીન લોકો! બધાજ ગુનાહ ની તૌબો કરો, કદાચ તમે સફળ થશો.)**

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલચ્હિસ્સલામ ફરમાવે છે:

હઝરત પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે:

"જ્યારે શવ્વાલ મહિનાની પહેલી તારીખ (ઈદે ફિત્ર ) આવે છે, ત્યારે અલ્લાહની તરફથી એક અવાજ આપનાર આકાશમાંથી અવાજ આપે છે: "અય મોમીન લોકો! તમારાં ઈનામો લેવા દોડો!"

આ પછી ઇમામ અલચ્હિસ્સલામ એ જનાબ જાબિર ને ફરમાવ્યું:

"અય જાબિર! અલ્લાહનું ઈનામ, દુનિયાના રાજાઓ જેવું નથી... આજે ઈનામ મેળવવાનો દિવસ છે!"

હઝરત ઇમામ મુજતબા અલચ્હિસ્સલામે ઈદુલ ફિત્રનાં દિવસે કેટલાક લોકોને હસતા હસતા રમતા જોયા:

તો આપે પોતાના સાથીઓને ફરમાવ્યું:

"અલ્લાહ તઆલાએ રમઝાન ને ઈનામ અને દયા મેળવવાનું મેદાન બનાવ્યું છે. તેમાં કેટલાક સફળ થયા અને કેટલાક નિષ્ફળ થયા. આશ્ચર્ય છે કે જે લોકો આ ઈનામ અને પુરસ્કારના દિવસે મસ્તી અને રમતમાં વ્યસ્ત છે."

હઝરત ઇમામ અલી રઝા અલચ્હિસ્સલામ ફરમાવે છે:

"અલ્લાહ તઆલાએ ઈદુલ ફિત્રનો દિવસે મુસલમાનો માટે આ કારણસર ઈદ રાખી કે તેઓ એકઠા થાય અને અલ્લાહના એહસાન અને નેઅમતો માટે તેની તઅઝીમ કરે. તેથી આ દિવસ ઈબાદત, જમાવટ, ફિતરાની ચુકવણી, ગરીબોની સહાયતા અને અલ્લાહ તરફ જવું અને દૂઆ કરવા માટે છે."

આ હદીસે મુબારકમાં ઈદ અને ઈદની નમાઝ નો હેતુ આ રીતે દર્શાવવામાં આવ્યો છે:

1. એકતાનું પ્રદર્શન ( ઇજેતેમાઇ અને અઝીમ શાન વાળો જલસો)

2. ઝકાત (ફિત્રો) અદા કરવું અને ગરીબો ની મદદ

3. અલ્લાહ તરફ જવું

4. અલ્લાહની બારગાહ માં દિલ થી પેશ થવું અને રડવું

કયામતની યાદ

- ઈદુલ ફિત્રની નમાઝનું મહત્વ નુ એક પાસું એ છે કે આ લોકો માં જવું અને હાજરી આપવી અને ખુલ્લા મેદાન (ઈદગાહ)માં ઈબાદત કરવી, માણસ અલ્લાહ, કયામત અને તેની દયા અને બખ્શીશ, ઇલાહી ની જરૂરિયાતો ને અનુભવ કરાવે છે અને કયામત નો દૃશ્ય તેની સામે આવે છે.

એક રિવાયતમાં બયાન થયું છે કે હઝરત અલી અલય્હિસ્સલામ એ ઈદુલ ફિત્ર ના ખૂતબામાં લોકોને સંબોધીને ફરમાવ્યું:

" يَا أَيُّهَا النَّاسُ! إِنَّ هَذَا يَوْمٌ يُثَابُ فِيهِ الْمُحْسِنُونَ وَيَخْسَرُ فِيهِ الْمُسِيئُونَ، وَهُوَ أَشْبَهُ يَوْمٍ بِيَوْمِ قِيَامَتِكُمْ"

(અય લોકો! આજનો દિવસ એ છે, જેમાં ભલા લોકોને ઇનામ મળશે અને ખરાબ લોકો નુકસાનમાં રહેશે. આ દિવસ કયામતના દિવસે જેવો છે.)

જયારે તમે તમારા ઘરોમાંથી ઈદગાહ તરફ જાઓ, ત્યારે તમારી કબરમાંથી નીકળવાનું યાદ કરો. જ્યારે ઈદની નમાઝ માટે ઉભા રહો, ત્યારે કયામતના દિવસે અલ્લાહ સામે હાજર થવાનું યાદ કરો. અને નમાઝ પઢીને ઘરે પાછા જાઓ, ત્યારે જન્નત કે દોઝખમાં જવાનું યાદ કરો.

ઈદની નમાઝ ના કુનૂતમાં

اللهم اهل الكبرياء و العظمة

(ઈદની નમાઝના કનૂતમાં "અલ્લાહુમ્મા અહલલ કિબ્રિયા વલ અઝમત" )

તમે અલ્લાહની મહાનતા, બક્ષિશ અને રહેમત યાદ કરો. અને એ અઝીમ શાન વાળા દિવસ ની અઝમત અને હક ના વસતા થી કે જેને ખુદા વંદે આલમ એ મુસલમાનો માટે ઇદ અને મોહમ્મદ અને આલે મોહમ્મદ માટે શરાફત અને ઇફતેખાર નો દિવસ કરાર આપ્યો છે અને આ દિવસે અલ્લાહ થી દુઆ કરો કે મોહમ્મદ અને આલે મોહમ્મદ ઉપર દુરુદ અને સલામ મોકલે અને પોતાની ખૈર અને બરકત થી નવાઝે.

અને દુઆ કરે કે:

" ખુદાયા! આજ ના દિવસે મોહમ્મદ અને આલે મોહમ્મદ ને જે ખૈર અને બરકત અતા કરી છે અમને પણ તે ખૈર અતા કર અને જે બુરાઈથી તેઓને દૂર રાખ્યા છે તે બુરાઈઓ થી અમને પણ દૂર રાખ.

ખુદાયા! હું તારી પાસેથી એ બેહતરીન વસ્તુઓની માગણીઓ કરું છું, જે તારા સારા અને નેક બંદાઓએ તારી પાસે માંગી છે. અને દરેક તે બુરાઈથી તારી પનાહ માંગું છું, જેનાથી તારા ખાલીસ અને વફાદાર બંદાઓએ તારી પનાહ લીધી છે.

મર્હુમોની યાદ

આ દિવસે મુસલમાનોમાં એક બેહતરીન સુન્નત એ છે કે તેઓ મર્હુમ લોકોની કબર પર જાય છે અને તેમનો આદર કરે છે.

હઝરત રસૂલ અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે: " કબ્રસ્તાન જતા રહો અને કબર વાળાઓની ઝિયારત કરો કારણકે તે તમને આખેરત ની યાદ અપાવે છે."

એવું પણ પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે "જે વ્યક્તિ દર શબે જુમ્મા (શુક્રવાર રાતે) તેના માતા-પિતા અથવા તેમાથી એકની કબર પર જાય છે, તો તેના ગુનાહો માફ કરી દેવામાં આવે છે અને તે વ્યક્તિ અલ્લાહની નજરમાં નેક બંદા ગણાય છે."

અત્યાર સુધીની રિવાયતો માં વાંચવામાં આવ્યું છે કે માતા-પિતાની કબરની પાસે કરેલી દુઆ કબૂલ થાય છે.

હઝરત ઈમામ રઝા અલય્હિસ્સલામ ફરમાવે છે: "જો કોઈ મોમીનની કબરની ઝિયારત ના સમયે સાત વાર સુરે કદ્ર ની તિલાવત કરે, તો મય્યત પર અને તેની કબરની ઝિયારત કરનાર પર પણ અલ્લાહની તરફથી રહેમત, ઇનાયત અને માફીનો વરસાદ થાય છે.

રિવાયતો માં બયાન થયું છે કે મરહુમો ને તમારી ઝિયારત ની ખબર હોય છે અને એ કામ થી ખુશ અને તમારા થી માનુસ થાય છે અને આ કામના કારણે તમારી તરફ ધ્યાન આપે છે.

વસ્સલામ: ગુજરાતી માં તરજુમો કરનાર મોલાના મોહમ્મદ તકી હાફિઝ ભાવનગર

અલ્વી હદીસ ગ્રુપ એડમિન (+91 9624829314)

# ઈસાલે સવાબ

**અમારા આ મરહુમો અને તમારા મરહુમો માટે એક સુરે ફાતેહા પડી બખ્શી આપજો**

## મર્હૂમ મોહમ્મદ હુસૈન હાફીઝ
## મર્હૂમ અલી હસનૈન હાફીઝ
## માર્હુમાં ફાતેમા બાનું હાફીઝ

**અને હાફીઝ પરિવારના તમામ મરહુમો માટે એક વખત સુરે અલ્હમ્દ ત્રણ વખત સુરે ઈખ્લાસ પાંચ વખત સલવાત પડી જનાબે માસુમાએ કુમ (સ.અ)ને હદીયો કરવા ગુજારીશ**

Designed by:
ALVI GRAPHICS
+91 7283829314